AJAKALANUN VAIDUN

(THE PRESENT STATE OF MEDICAL PRACTICE.)

BY

K. G. DEWASHRAYEE, M.R.A.S.

AHMEDABAD.

A. D. 1915 SAMVAT 1971.

PRICE ANNAS FOUR.

Printed by Motilal Shamaldas at the Ahmedabad Union P. Press Co., Ltd.,
1626-27-28, Kalupur, Tankshal, Ahmedabad.

Published by K. G. Dewashrayee, 1536-39, Asarva Road, Ahmedabad.



कृष्णलाल गो. देवाश्रयी

६.७.१९६४

આજકાલનું વૈદું.

રચનાર ને પ્રસિદ્ધ કરનાર,

કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી,
૧૫૩૬–૩૯, અસારવા રોડ, અમદાવાદ.

છાપનાર: મોતીલાલ શામળદાસ પટેલ,
ધી અમદાવાદ યુનિયન પ્રિન્ટીંગ પ્રેસ કંપની, લિમિટેડ,
૧૬૨૬–૨૭–૨૮, કાલુપુર, ટંકશાળ–અમદાવાદ.

સને ૧૯૧૫. સં. ૧૯૭૧

કિમ્મત ચાર આના.

DEDICATED

TO

ALL EMINENT MEDICAL MEN.

PREFACE.

Having observed the mischief done by quacks, who passing off as qualified medical men cheat the gullible public, and since the mischief is more or less rampant throughout the country, I contributed in 1914 a series of letters to the "Gujarati," the well-known and widely circulated Anglo-Gujarati weekly of Bombay. This publication contains a reprint of all those letters, which I have published in a collected form at the suggestion of several friends.

The object of my writing the letters in question is quite obvious viz., to warn both the public as well as the authorities against the mischief done by the quacks. I have moreover already drawn the attention of the authorities to the subject.

If as a result of that a wholesome check is put by the authorities in due course upon the pernicious evil of quackery, which is highly injurious both to the general public and to the duly qualified medical profession in this country, I shall consider myself amply rewarded for my trouble.

In conclusion I desire to express my thanks to Mr. Manilal Ichharam Desai, Editor of the "Gujarati" for publishing my letters in the columns of his paper.

Asarwa Road,
Ahmedabad-Kalupur,
January 15, 1915.

K. G. D.

સૂચના.

આ પાછળના પૃષ્ઠોમાં શું છે તે તો વિષયનું નામ વાંચતાંની સાથે જ સમજાય તેમ છે તેથી વગર વિવેચને તે જિજ્ઞાસુ વાચકોના હાથમાંથી પસાર થાય તો કાંઇ હરકત જેવું નથી. મારી લાગણીએ પ્રસ્તુત વિષયમાં વર્ણન કરાયેલી બાબત કેટલી લોકોપયોગી છે અને રાજા-પ્રજાએ શું કરવું જોઇએ તે આમાં અતિસ્પષ્ટ રીતે વર્ણવેલું છે.

આ કામમાં મુંબાઇમાં નિકળતા "ગુજરાતી" પત્રના માલીકનો કૃતજ્ઞતા-પૂર્વક ઉપકાર માનતાં મારે કહેવું જોઇએ કે તેમણે મારા પત્રો પ્રકટ કરીને પ્રજા ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. આ વિષય જોઇએ તેટલા પ્રમાણમાં વંચાયો ને વિચારાયો છે તેથી હવે ભવિષ્યમાં કેવી રીતે ચાલવું તે સમજુ પ્રજાને બતાવવું પડે તેમ નથી છતાં કેટલાક મિત્રોની સૂચનાથી આ આકારમાં આ વિષય બહાર પાડ્યો છે જે કોઇ રીતે નિરુપયોગી નહિ બને તો મારો શ્રમ યોગ્ય દિશામાં છે એમ માનીશ.

અસારવા રોડ,
અમદાવાદ-કાલુપુર,
તા. ૧૫ મી જાન્યુઆરી, ૧૯૧૫.

કૃ. ગો. દે.

આજ કાલનું વૈદું.

"ગુજરાતી" પુ. ૩૫, અંક ૮, તા. ૨૨ મી ફેબ્રુઆરી સને ૧૯૧૪.

આજ કાલનું દેશી વૈદું.

(૧)

અમારૂં દેશી વૈદું એવું છે કે તેને કોઈ ન પહોંચે. સર્જરી—વા'ઢકાપની—વિદ્યામાં તો અમારો નંબર ૧ લો, ચિકિત્સામાં અમારાથી દુનિયામાંનું કોઈ પણ વૈદું ચઢે જ નહિ, નિદાનમાં અમારૂં નામ માત્ર જ બસ છે. અષ્ટવિધ પરીક્ષાની તો વાત કરવી નહિ. ટુંકામાં એટલું જ કહેવાનું છે કે, અમારૂં દેશી વૈદું સર્વોત્તમ છે.

ખરી વાત છે. કોણ ના પાડે છે કે, સઘળામાં તમારો નંબર પહેલો નથી પણ તમારી તેને માટે કેવી ને કેટલી લાયકી છે, તમે શું ભણ્યા છો, તમે ક્રિયામાં કુશળ છો, અર્થાત્ મહાકવિશ્રી લોલિંબરાજે જે

गुरोरधीताखिलवैद्यविद्यः । पियूषपाणिः कुशलः क्रियासु ।
गतस्पृहो धैर्यधरः कृपालुः । शुद्धोऽधिकारी भीषगीदृशः स्यात् ॥

જે છે શિખ્યો ગુરુથકી સહુ વૈદ્યશાસ્ત્ર,
ક્રીયાવિષે કુશલ હસ્ત પિયૂષ પાત્ર;
જે છે દયાળુ નિરલોભિ સુધૈર્યધારી,
જાણો જ વૈદ્યવર એ જ પદાધિકારી.

કહ્યું છે તે પ્રમાણે તમારામાં કેટલા સદ્‌ગુણ છે ? આનો જવાબ આ જમાના પ્રમાણે " હોડ સાજા તો ઉત્તર ઝાઝા " એ ન્યાયે ખડકયામાંથી ખસી જવાના ઘણાયે છે, પણ વસ્તુતઃ ખરેખરા ઉત્તરની આશામાં નિરાશા વિના કાંઈ જણાતું નથી.

દેશી વૈદું સર્વોપરી હતું, એટલા જ બચાવથી આજે પણ તે તે જ દરજ્જાપર છે અને તે વિદેશી વૈદોની જોડે સરખામણીમાં ઉતરી પડતાં, જ્યાં શસ્ત્રક્રિયાની વાત આવે ત્યાં આપણું સુશ્રુત આગળ ધરવું, એ ફક્ત શબ્દ માત્રમાં ઘણું જ સહેલું છે, પણ પ્રત્યક્ષ પ્રમાણથી અને પ્રત્યક્ષ કાર્યથી કરી બતાવવામાં કઠિન છે, એવું કહેતાં કાંઈ હરકત નથી.

હાલમાં તો " સાપ ગયા ને લીસોટા રહ્યા " એ ન્યાયે ઉપલા શ્લોકથી

ઉલટો જ પ્રકાર જોવામાં આવે છે. જ્યાં જુવો ત્યાં દેશી વૈદોનાં પાટિયાં! એક કહે છે કે હું માહા વૈદ્ય છું; બીજો કહે છે કે, હું વૈદ્ય ને શાસ્ત્રી બેઉ છું; ત્રીજો કહે છે કે, હું વૈદુંએ જાણું છું ને ગ્રંથો કરતાંએ જાણું છું; વળી એક કહે છે કે તેની સાથે હું કવિતા પણ કથી જાણું છું. પણ ભાઇજી! એ બધુંએ ખરૂં પણ તમારી દવાથી કેટલા મરી ગયા?

જમાનાનો પ્રવાહ જોવામાં મને તો એક પ્રકારે ઘણી જ અજાયબી લાગે છે. જેનું મોં જોતાં તેના ઉપર નુર નથી જણાતું, શરીરમાં લોહીનું ટીપુંએ હશે કે નહિ અને અમાસના ચંદ્રમા જેવું તો આપણા અનુભવી વૈદ્યરાજના મુખડા ઉપર તેજ! બોલવામાં સ્વાસ ચઢી જાય, આંખે અંધારાં વળે અને ભાષામાં આમળા જેવડું ૦, પુરૂં ને શુદ્ધ બોલી જે જાણે નહિ તે વૈદ્ય અને શાસ્ત્રી! અને એ જ પ્રમાણેના ગ્રંથકાર! આવા વૈદ્યરાજના જેમ તોટા નથી તેમ તેમને ઉત્તેજન આપનારના પણ તોટા નથી.

અજ્ઞાનનો પ્રસાર એટલો બધો છે કે, મારાથી જો દરેક ૧૦૦ વર્ષની ઉમ્મરના બીજા ૮ જન્મ લેવાય તો બધી બાબતમાં અમારો જ ૧ લો નંબર રહેવાનો. આ દેશ પાછો તે જ સ્થિતિમાં આવશે કેમ તેની મને શંકા છે.

કહેવત છે કે "જેને ના આવડે ભીખ તો વૈદું કરતાં શીખ" અર્થાત્ અત્યારે વખત એવો છે કે બે ચાર ડઝન સારા દેખાવની ને જુદા જુદા રંગની શીશી લેવી. તે ઉપર જુદાં જુદાં ને ભડકાવનારાં નામો લખવાં અને સારૂં મોટું એક પાટીયું ચિતરાવી બહાર ચોઢવું, અર્થાત્ બહારનો ઠાઠમાઠ એવો કરવો કે ચોમાસાના પતંગિયાં જેમ દીવાનું અજવાળું જોઈ તે તરફ ખેંચાય તેમ દરદીઓ ખેંચાઈ આવે. તેમ જ આંખે બરોબર દેખાતું હોય તોયે ચસ્મા લગાવી દેવાં. અંગ્રેજી ઠાઠ-માઠનું અનુકરણ કરી દેવું. પહેરવેશ અંગ્રેજી કરી નાંખવો. ભલે તે શુકરવારમાંથી આણ્યો હોય. ભલે તેમાં મણ મેલ હોય. ભલે તે શરીરે બંધબેસતો ન હોય. ઉપર કહ્યું તે પ્રમાણે દવામાં તો

આકસ બાકસ કણજી મૂળ, અછેર લાળા ને પાશેર ધુળ;
એ સૌ વાટી કરવી ગોળી, જે દે મરદો ને દરદો રોળી.

વનસ્પતિની, ગોળી ઉકાળા ઇત્યાદિ બનાવી રાખવાં કે જે પાતાં કે ખાતાંની સાથે દરદો તેમ જ મરદોને રોળી નાખે!

ડા૦ ત્રિભોવનદાસના 'શારીર અને વૈદક શાસ્ત્ર'ની એકાદ નકલ માંગી લાવી ઘરમાં રાખવી કેમકે તેની રૂ. ૧૦) ની કીમત છે અને એટલી કીમત પણ ખરચવાની શક્તિ હમણાંના કેટલાક વૈદ્યરાજોની જોવામાં આવતી નથી. પછી તે વાંચ્યા કરવું ને દરદી આવે તેના જેવા આવડે તેવા ઉપચાર કરવા. પછી એ દરદીને મટે કે તે મરે તેની શી પરવા?

આવા વૈધરાજોનો જેમ ટોટો નથી તેમ સારા વૈદ્યોનો જથ્થો પણ જણાતો નથી. એમની ક્રિયાઓ અત્યારે અલોપ થઈ ગઈ છે. ટાપટીપને ધોળકું એ કરી શકતા નથી. ત્યારે તેમને કોઈ પુછતું પણ નથી પણ એટલું તો એમનામાંએ જોવામાં આવે છે કે, અમારા બાપદાદા દેશી વૈદ્યામાં એવા તો પ્રવીણ હતા કે જેનો જોટો જ દુનિયામાં નથી. એવા હવાઈ ખ્યાલ તેમનામાં રમી રહેલા સહજ જણાઈ આવે છે.

શોધખોળને નામે મીંડું. વિદ્યાને નામે મીંડું અને આવડતમાં પણ એ જ. ત્યાં વાચકો ! તમે દેશી વૈદ્યાની કિત્તમતાનાં વખાણ વગર બીજું કાંઈ જાણી શકો એમ નથી.

આજકાલ જ્યાં જુવો તો જાહેર ખબરમાં વૈદું વધી પડયું છે. અંગ્રેજી દવામા એમ જ છે. એની એ જાહેર ખબર. પેટંટ દવા કહિ પણ તે ખરે- ખરી તેવી છે કે નહિ તેની સાબીતી શી ? એનાં એ પોગળ આગળ એક વખત બહાર પાડ્યાં હતાં—તો સવાલ એ ઉભો થાય છે કે કરવું શું ? એક બાજુએ અજ્ઞાન દૂર કરવાને માટે પ્રયત્ન કરનારનું બળ ઘણું ઓછું છે, ત્યારે ઉત્તર તો એ જ દઈ શકાય કે સમય બળવાન છે અને તેને જ અધીન થવું આવશ્યક છે, પણ સત્યના ધોરણથી પ્રયત્ન કરવામાં કચાશ રાખવી નહિ.

ઘાંચી વૈદ, મોચી વૈદ, તેલી વૈદ, તંબોલી વૈદ, હજામ વૈદ, વાઘરી વૈદ, કોળી વૈદ, નોળી વૈદ, ભણેલો પણ વૈદ ને અભણ પણ વૈદ. ઉપર બતાવ્યું તેમ બહારનો ઠાઠમાઠ આવડવો જોઇએ.

હમણા સરકારે રજીસ્ટર કરવાનું આરંભ્યું છે ત્યારે તેની પણ વિરુદ્ધ થનાર વર્ગ ઉભો થયો છે, ને તેથી જે જે હાનિ સારા વૈદ્યોને પણ થશે એ કારણ આગળ ધરીને બચાવ કરવામાં આવે છે, અને આવી વેળાએ જેમનામાં વાક્પટુતા વિના બીજા ગુણોનો અભાવો કહો, કોતાઈ કહો અગર ક્રિયાકુશલતા નથી હોતી તે કહો, તેઓ આડંબર કરીને બચાવ કરવા મેદાન પડે છે. ગમે તે રીતે પોતાની રોજી ચાલતી રહે ને તુટી ન પડે તેને માટે ભાષણો કરવાં, ભલે પછી તે પોતાને આવડે યા નહિ પણ કોઈ જાણીતા પાસે પૈસા આપી લખાવી લાવી, કાં તો તે મોઢે કરી, અગર લખેલું સભા સમક્ષ વાંચી જઈ પોતે પણ અમુક ક્રિયાના જ્ઞાતા છે ને શોધ કરવામાં પોતાનો ઘણો અમુલ્ય કાળ ગાળે છે એવું બતાવવા સાધારણ વનસ્પતિ કે ચીજો જેના ગુણો નિરક્ષર બૈરાં સુદ્ધાં જાણતા હોય તેવાના ગુણને લાંબી લાંબી ઇબારતથી ગણાવવાની પદ્ધતિ ગ્રહણ કરવી કે તે વાંચતાં જ હસવું અને અજાયબી એક આવે ને થાય.

સભા ભરવી, વિષયના અજાણ્યા પણ મોભાદાર ગૃહસ્થને સભાપતિ બનાવવા, તેના વખાણ–ખુશામત–કરી–કરવાં, કાં તો પ્રથમથી તેને ઘેર જઈ અધ્યક્ષપદ લેવાની આજીજી કરી આવવી–તેમને મરી મસાલાની થોડીક ગોળીઓ આપવી, કેમકે જીભને સ્વાદ લાગતા પદાર્થની વગ એક ઓર તરેહની વગ છે. ભાઈ સાહેબને અપચો અને સુસ્તી કે કાં તો ઝાડાની કબજીયત હોય જ અને તેવાઓને હિંગાષ્ટકની સવાદ અને લેહેજતદાર ગોળી મોંમાં નાંખી મમળાવવાની ઘણી જ લાલસા તો હોય જ અને તેમાં આપણા લે ભાગુ વૈદ્યરાજની હિંગાષ્ટકની ગોળી તેમને માટે ઉચ્ચ અભિપ્રાય બંધાવી દે એમાં કાંઈ નવાઈ નહિ.

આવા સભાપતિ ને શ્રોતા તો સભાપતિથી ઉતરતા જ્ઞાન વાળા હશે કે નહિ તેને માટે વિવેચનની જરૂર નથી. ચાર પાંચ ભેંપુરા તો પ્રથમથી જ કરી રાખ્યા હોય–આવાને ચાર ખુણે બેસાડી દેવા–તેમને પણ વકતાના કેવાં ને કેટલાં વખાણ કરવાં તે શિખવી રાખવું અગર લખીને જ આપવું. ભાપણકારે ભાપણ કર્યું. એટલે એક બાજુએથી એક ભેંપુરાએ તાળી પાડવી ને બીજા ના પાડે તો ફિકર નહિ પણ વક્તા વૈદરાજે પોતાને હાથે તાળી પાડવી ને પછી વખાણનો વરસાદ વરસાવી મુકવો. બસ જગ જીત્યા !

બીજી બાજુએ પોતાના પાકની નાની ડબીઓ તૈયાર રાખવી. ગળ્યું કોને કડવું લાગે ? ડબી બજારૂ લેવી નહિ પણ વિલાયતની **ટીન ડેકોરેટીવ** કંપની પાસેથી પોતાની દવાના નામની અને ગુણના વર્ણનવાળી કરાવી મંગાવી. તેને સરસ–મોહક રેપર–વેષ્ટનમાં વિંટાળી તે ઉપર સીલ–સિક્કો કરી દેવો. માંહે કડવા, તુરા કે બે સ્વાદ પદાર્થની દવા હોય જ શાની ? અમેરિકાની મીઠી મીઠી દવાઓ જ હોય. નમુનો આપવો ને કહેવું કે આથી મગજ તર થાય છે, વાયુ જતો રહે છે. પગની ઢીલી પડેલી નસો મજબુત થાય છે. કમ્મરનો દુખાવો બંધ થાય છે. પાચન શક્તિ વધે છે. વિગેરે વિગેરે.

હૈયાફુટા ને આંધળાનો ટોટો તો હોતો જ નથી. ભાઈ સાહેબે માહા વૈદનો પાક ચાખ્યો–ત્યાં ને ત્યાં જ વખાણ ! આવો પાક તો સ્વર્ગમાં પણ મળે નહિ. ભેંપુરા તો આજુબાજુએ ફરતા જ હોય. એક કહે કે આથી તો મારી એવી સારી ધાતુપુષ્ટિ થઇ તે કે જાણે ઘોડા જેવો જ બળવાન જોઈ લો. મેં એની ચાર (ડબી) ખાધી; ને હજુએ એનું જ સેવન ચાલે છે. આ શિયાળો છે ને અવશ્ય ગુણકારક છે.

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૯, તા. ૧ લી માર્ચ સને ૧૯૧૪.

આજ કાલનું દેશી વૈદું.

(૨)

મગજને મહામજબુત બનાવનાર તાબુતનો પાક, જોગી જતિએ મહાપ્રસાદીમાં બતાવેલો જંગલની જડીબુટ્ટીનો પાક, આપણા ઘણા અનુભવી વૈદરાજે ચખાડયો. એટલામાં એ જ પાકને વેચનાર ફેરિયો પણ તૈયાર. મગજના ગયેલાઓ—મગજને ઠેકાણે લાવવા—મગજને અક્કલથી ગજ વેગળું રાખવા અંધારામાં હવાના બાચકા ભરનારાઓ—એકદમ ઘોડાબળ મેળવવા તે ખરીદ કરે તેમાં કાંઈ પણ નવાઈ હોતી નથી. આવી દવાથી શો અને કેટલો ગુણ થયો તે તો ખાનાર જાણે, પણ સ્વાભાવિક રીતે આમાંએ "આકસ બાકસ કણજી મૂળ" જેવા જ ઘાટ છે, એમ કહ્યા વિના ચાલતું નથી.

ભાવપ્રકાશ જોવો, વાગભટ્ટ જોવું અને ચરક જોવું. આ વૃદ્ધત્રયી જોઇને તેમાંથી એકાદી વનસ્પતિ લેવી અને તેના કર્તાના બોલોમાં વધારો ઘટાડો કરીને ભાષણો બનાવી કાઢવાં, ને પછી તેવાં ભાષણો આગળ જણાવી ગયા તેમ એ વિષયના અજાણ એકાદ ગૃહસ્થને અધ્યક્ષપદે બેસાડી દઈ, પ્રથમથી કરી રાખેલી ગોઠવણો પ્રમાણે વાજાં વગડાવી દેવાં એટલે બેડો પાર.

આત્મશ્લાઘા કરવામાં ઘણું પાપ થાય છે એવું જે પૂર્વકવિ ભર્તૃહરિએ કહ્યું છે. તે તો તેમના જમાના માટે હતું. હાલનો જમાનો જુદો છે. પોતાના વખાણ પોતાને હાથે ને જાતે જો કરતાં આવડતાં હોય તો જ તે ઉત્તમ મનાય છે. આવી રીતે પોતાનાં જ વખાણ પોતાને હાથે અગર મુખે કરનારાને માટે આગળના જમાનામાં કહેવાતું કે,

> **परैः प्रोक्ता गुणा यस्य निर्गुणोऽपि गुणी भवेत्।**
> **इंद्रोऽपि लघुतां याति स्वयं प्रख्यापितैर्गुणैः॥**

નિર્ગુણિનાં વખાણ જો પરાયાથી થાય તો તે ગુણવાનમાં ગણાય છે પણ જો પોતાના ગુણના વખાણ પોતે જ કરી લે તો ઇંદ્ર પણ લઘુતાને પામે છે.

આવું કહેનારનો જમાનો જે વખતે ઇંદ્ર હતા તે હતો. તે જમાનો હાલ કયાં છે? હાલ ઇંદ્ર કયાં છે? ભલે ઇંદ્ર લઘુતા પામે, પણ સમજનારા સમજશે કે આ (બાહા) વૈદ્ય આત્મશ્લાઘા કરી કરાવી લે છે, પણ સમજનારની સંખ્યા કરતાં જે વર્ગમાં વૈદ્યરાજ વિત્તપ્રાપ્તિ કરવા માંગે છે તે કાંઈ સમજે છે? એ લોકો તો એટલું જ સમજે છે કે, "આ વૈદ્યરાજ આપણા

ઉપર ઉપકાર બે રીતે કરે છે, એક તો તેમની દવાના ગુણ આપણે જાણતા નથી, માટે તેમની ભાષામાં આપણા હૈયાનું અંધારૂં ટાળવા જણાવે છે; અને બીજું તેમની જાતના–જ્ઞાનની માહીતી આપણને નહિ તેથી સાધારણ ભાષામાં પોતે જેવા છે તે કહી બતાવે છે. તેમાં વૈદ્યરાજનો શો દોષ? દવા કેવી છે, તે શાની બનાવી છે, ને તે કેવો ને કેટલો ગુણ કરે છે અને વળી તે કેવી છે, અને કેટલી મહેનત અને મુશીબત તથા વર્ષોનાં વર્ષોનો ભોગ આપીને પરોપકારને માટે બનાવી છે તે જો ન કહી બતાવે અગર કહાવી ન બતાવે તો આપણે શું સમજીએ કે દવામાં શા ગુણ છે?"

આવા બચાવથી સમજુ વાચકોને હસવું આવે એમાં નવાઈ નથી. હસી લો પણ વૈદ્યરાજ તો અજ્ઞાનના જમાનામાં જેમ "ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન" ગણાય છે તેમ પોતે વૈદ્યરાજ ધન્વંતરિ થાય તો તેમાં તમારો કે મારો શો દોષ? સુભાષિતકાર કહે છે કે પોતાના વખાણ પોતાને હાથે કરી લેનાર શું કરે છે તે જુવો:—

न सुखं न च सौभाग्यं स्वयं स्वगुणवर्णने ।
यथैव च पुरंध्रीणां स्वहस्तकुचमर्दने ॥

અર્થ સમજાય તેવો છે તે જો ન સમજાય તો કોઇને પુછીને સમજી લો. પણ મારા કહેવાનો ભાવાર્થ એટલો જ છે કે કહેવું કાંઈ ને કરવું કાંઈ એ આ જમાનાનો મુખ્ય વૈભવ છે.

આવા વૈદ્યરાજોની દવાથી વેગળા રહેવાની જરૂર છે એવું કહેતા પહેલાં સુભાષિતકાર તેમને માટે કહે છે કે,

वैद्यराज नमस्तुभ्यं यमराजसहोदर ।
यमस्तु हरति प्राणान्वैद्यः प्राणान्धनानि च ॥

વૈદ્યરાજ તમોને નમસ્કાર, તમે યમરાજના સહોદર છો. યમ તો પ્રાણને હરે છે, પણ વૈદ્ય તો પ્રાણ અને ધન એ બેઉને હરે છે.

પણ આ બધું કેની આગળ કહેવું? આગળ કહ્યું છે કે સમજદારની સંખ્યા ઘણી ઓછી, અને બેસમજ અને અંધ શ્રદ્ધાવાળાની જ્યાં આગળ ધમાલ ત્યાં આ પાંડિત્ય શા કામમાં આવે? "બેસમજની બલા દુર!"

વાચકો! તમે આજે નહિ તો કાલે જોશો કે જમાનો ફરતો જાય છે, ને જ્યારે લોક સમજતા થશે ત્યારે "બે સમજપર બલા જરૂર" લાવશે, ને તેવી વખતે આવા વૈદ્યરાજોનું શું થશે તે આજ કહેવું તે કરતાં તે દિવસે જે થાય તે તમે જોઈ લેજો.

દેશી વૈદું નં. ૧, જંગલની જડીબુટીથી જ બનેલું વૈદું. ઘણા અનુભવવાળું વૈદું, તત્કાળ અસર કરનાર વૈદું, તેનો જાથુ ગુણ રેહે તેવું વૈદું. રા. ભાઈ! સઘળું ખરૂં, પણ તમે એવું કહો તે પહેલાં મને જરા કહેવા (પૂછવા) દો કે દેશી વનસ્પતિને શાસ્ત્રીય રીતે ઉછેરીને તૈયાર કરનાર કેટલા બાગ તમારા દેશમાં, પ્રાંતમાં, જીલ્લામાં ને તમારા શેહેરમાં છે? જે કટિબંધમાં તમે વસો છો તેમાં કઈ વનસ્પતિ કેવો ને કેટલો ગુણ કરે છે તેમ જ અવગુણ પણ કરે છે તે તમે જાણો છો? આગળની બડી બડી વાતો મુકી દો. પ્રત્યક્ષ પ્રમાણથી તમે એ બતાવી શકો એમ છે? હાલ તો ખસખસના જીંડવાનો રસ, ઝેરકચોળાનું સત્ત્વ અને નેપાળો તેમજ બીજી કેટલીક ઝેરી ચીજો છે જેનો ગુણ તત્કાળ જણાઈ આવે છે. બાકી લીમડાનાં પાંદડાં કે પીપળાની ટીશીયોમાં જે ગુણ છે તે તો સૌ કોઈ જાણે છે. મારા વહાલા વૈદરાજ! તમે એટલું એ જાણતા તો હશો કે અમુક વખત વીત્યા પછી દેશી વનસ્પતિમાંથી તેના ગુણ જતા પણ રહે છે.

ગુણ અવગુણની વાતો તો ઠીક છે. તેની કોને પરવા છે? ગુણ લાગે યા ના લાગે, પણ અવગુણ ન થાય તો નશીબ. ખરી વાત છે અને આ-વાજ વિચાર જોઇએ. દુનિયાં, કહેવાય છે કે દિવસે દિવસે પ્રવીણ બનતી જાય છે, અને તેમાં તમારામાં તે પ્રમાણે પ્રમાણમાં પ્રવીણતા આવે એમાં તો કાંઇ જ નવાઇ નથી.

વાચકો! દેશી દવા ૧ લા નંબરની પણ કયારે? તે સારી જગામાં ઉછેરી તૈયાર કરેલી, વૈધક શાસ્ત્ર પ્રમાણે તૈયાર કરેલી અને નિયમિત રીતે દરદનું નિદાન જાણીને લીધેલી દવા જ ગુણકારક નિવડે છે, પણ નહિ કે મરી મસાલાની બનાવેલી ગોળીઓથી. અમુક વનસ્પતિઓમાંથી અમુક મુદતમાં તેના ગુણ જતા રેહે છે, અને હાલ એવા કેટલાક ગાંધી કે વૈદો તમે જુવો છો કે તેમની પાસેની ચીજો અમુક મુદત પુરી થાય કે તુરત તે ચીજો નિ-રુપયોગી ને ગુણ વગરની કહિને ફેંકી દઇને, નવી ચીજો લાવીને તમારે રાખી મુકે છે? જ્યાં સુધી દેશી વૈદોમાં કહ્યા પ્રમાણેની દવાઓ તૈયાર કરીને સારા વૈદ્યો મારફત દવા અપાય નહિ ત્યાં સુધી તમારે સમજી મુકવું કે તેમાં કાંઈ દમ નથી.

આ પ્રમાણે અંગ્રેજી દવામાં પણ છે તેમાંએ ઘણી દવાઓ એવી છે કે તે પણ અમુક મુદત પુરી થાય કે તેમાંથી ગુણ જતો રેહે છે, અને ઉ-ત્તમ પ્રકારની દવા બનાવનારાઓ તેવી ગુણ વગરની દવાનો જથ્થો ગમે તે-ટલો કીમતી હોય તો એ તેનો નાશ કરે છે.

આજકાલ તો ગાંધી વૈદ્ય, ગાંધીના ઘરનો પુંજો વાળનારો વૈદ્ય, ગાંધીને ત્યાં રહેલો મજુર જે તેનાં કરિયાણાં ખાંડવાનું જ કામ કરતો હોય તે પણ વૈદ્ય, ગાંધી હુકમ કરે કે ફલાણી ફલાણી દવા દુકાનમાંથી આપ ને તે લાવી આપનારો મજુર પણ વૈદ્ય, ગાંધી તો પોતે વૈદ એટલું જ નહિ તેનું આખું કુટુંબ પણ વૈદ્ય. આ સઘળાએ દરદીનું વૈદું કરે એમાં જરાએ ના નહિ!

વૈદ કે જે દવા આપે, દવા મેળવે, દવા ઘુંટે, દવા કુટે તે પણ વૈદ. વૈદ શબ્દનો એટલો તો વિસ્તૃત અર્થ છે કે તે જ્યાં લાગુ કરવો હોય ત્યાં લાગુ કરાય.

અંગ્રેજી દવા આપનારાના દવા મેળવનારા પણ વૈદ–અર્થાત્ ડાક્ટર. તેમના જ્ઞાનની વાત તો ન્યારી જ. આવા દવા મેળવનારા, દવાનું નામ જાણે એટલું ભણેલા હોય, પણ તેઓ ક્રમે ક્રમે પોતાનું જ્ઞાન વધારી ન શકે એમ મારૂં કહેવું નથી, પણ તેઓ એટલું તો ખરૂં જ કે પરીક્ષામાં બેસે, પણ તેમના પરીક્ષકોના મનમાં એવી ભીતિ પેસી ગયેલી કે આ માહા વૈદો જો અમારી જગા લે તો અમે વળી દવાની મેળવણી કરનારા બીજા એકદમ ક્યાંથી લાવીશું? તેથી તેમને પાસ જ ન થવા દે! આવા ભાઈઓ, ડાક્ટર સાહેબ પાસે રહ્યા ને દવા મેળવવાની વિદ્યા જાણી, એટલે વાઢકાપની વિદ્યા તે શું ન જાણે? એમની તો એવી ક્રિયા વખતે ઘણી જ જરૂર હોય. ડાક્ટર સાહેબ દરદીને કેવી રીતે નસ્તર મુકતા હોય, કેવી રીતે પાટો બાંધતા હોય, ઘાને કેવી રીતે ધોતા હોય તે તો આ અમારા વૈદજીએ જોયેલું હોય ને વળી પ્રતિદિન જોવામાં આવતું હોય.

ડાક્ટર સાહેબની ફી ન ભરી શકનારા, આવા દવા મેળવનારાની મદદ લેવા જાય ત્યારે એમની આત્મશ્લાઘાની તો શી વાત કરવી? અજ્ઞાન દરદીની પાસે એ વળી એવું કાચું કાપે કે ન પુછો વાત. "ડાક્ટર સાહેબ તો મોટા છે, તમે કાંઈ અમારૂં કહ્યું માનો? ખરૂં પુછો તો એ લોકો પાસ થયા એટલે થયું. પણ તમે જાણો છો, અમે તો હાથે બધું કામ કરીએ છીએ ને જ્યારે એ ગુંચવાય ત્યારે ખાનગીમાં અમને જ પુછે કે મેઘજીભાઈ! આ દરદ તો કપરૂં છે, તેનું શું કરીશું? તમારૂં ધ્યાન કેમ પુગે છે? અમે પણ જરા તાલ જોઈએ કે, આ ડાકકર ભણ્યાગણ્યા છે તો ભલે પણ માંહે જવેર નથી. થોડીવાર મુંગા રહિયે કે જોઈએ એમને કાંઈ સુઝે છે, પણ એ લોકો તો પાસ થયેલા પણ કાંઈ જાતે કરી જોયેલું નહિ હો. સમજ્યા–પાછા વળી ડાક્ટર અમારી પળાશી કરે કે કેમ જવાબ દેતા નથી? તમારી નજર કેવી પહોંચે છે? ત્યારે અમે હળવે રહિને એક નુકતો બતાવીએ એટલે ડાક્ટર એ

નુકતો બીજે દિવસે તમારા જેવા પર અજમાવે. ભાઈ! આવું જ છે. પણ તમે કાંઈ ડાક્ટર જેટલા અમને પૈસા આપો નહિ." દરદી બીચારો પોતાને જલદી આરામ ક્યારે થાય એવા વિચારનો, ને તેમાં વળી અજ્ઞાન. પછી પૂછવું શું? ઝટ લેઇને કહે કે "ભાઇ, તમને રાજી કરીશું ને તમારી પાસેથી દવા લઇશું."

દવા મેળવનાર ભાઇ સમજ્યા કે અમારી જંગલની જડીબુટ્ટીએ આ હૈયાફુટાને સચોટ અસર કરી—એટલે ઉમેરે કે "ભલભલા સિવિલ સરજનની પણ પેલા અમુલખભાઇ દવા કરી કરીને થાક્યા, પણ હારી થાકીને તમારી પેઠે મારી પાસે આવ્યા ને મેં એવીરીતે નસ્તર મુક્યું કે આઠ દિવસમાં આરામ"

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૧૦, તા. ૮ મી માર્ચ સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૩)

મારો વિષય આગળ ચલાવતા પહેલાં જિજ્ઞાસુ વાચકોને ખુલાસા માટે થોડુંક નિવેદન કરવાની રજા માંગવી પડે છે. મેં મારા વિષયના મથાળામાંથી "દેશી" શબ્દ ટાળી કાઢ્યો છે. લખતી વખતે ફક્ત દેશી વૈદ્યપર જ લખવાની ઇચ્છા થવાથી તેમ કર્યું, પણ દેશી અને વિદેશી બાબતની ચર્ચા એક જ મથાળા નીચે કરવાની ઇચ્છા થવાથી એઉ વૈદ્યની ચર્ચા સામટી કરવાનું અનુકૂળ લાગ્યું જેથી તેમ કર્યું છે.

વધારે બીજો ખુલાસો એ કરવાનો છે કે આ વિવેચન કેવા વર્ગ માટે છે તે સમજુ તો સમજી શકે તેમ છે; છતાં કોઇએ પોતામાં જ લેખની ચર્ચા આરોપી લેવાની ઉતાવળ કરવી નહિ. "સૂર્ય છાબડે નવ ઢંકાય" એ ન્યાયે જેઓની કીર્તિ જગજાહેર છે તેમને શી સ્પૃહા છે? આ તો જે છે તે લેભાગુ વૈદરાજોને માટે છે. લેભાગુ વૈદ્યો જેમ દેશી વૈદ્યમાં છે તેમ વિદેશી વૈદ્યમાં પણ છે, અને તેમણે જે કેર પ્રજાપર વર્તાવવા માંડ્યો છે તે ઘણાના જોવામાં તથા જાણવામાં છે; છતાં તેમણે જે ધોળે દિવસે ખુન કરવાની હિમ્મત પકડી છે અને કાયદાની બારીકીમાંથી ખસી જવા માટે સારાઓની છાયામાં છુપાઇને જે મહાવૈદ્યોની પંક્તિમાં પેસી ગયા છે અને કેટલાક પેસી જવાને ફાંફાં મારે છે તેમના ફક્ત દિદાર જોવાથી જ ખાત્રી થાય તેમ છે. છતાં તેઓ પણ પોતાનું કાર્ય આગળ ચલાવે જાય છે તેથી

એ બોલ લખવા માંડયા છે જે વાંચી ખપ જોગ અધિકારીઓ ગ્રહણ કરે તો ઠીક છે.

પેલા દવા મેળવનારના નસ્તરથી જે અમુલખભાઇને આરામ થયેલો તેમાં તો કાંઈ જ નહિ પણ ખરૂં પુછો તો "કાગડાને બેસવું ને ડાળને પડવું" એ ન્યાય જેવું જ હતું. કયાં સિવિલ સરજન, કયાં L. M. & S. ની ને બીજી વૈદ્યકીય પરીક્ષા, વર્ષો સુધી અભ્યાસ કરી, પ્રત્યક્ષ સાધનોથી વિદ્યા શિખી તૈયાર થયેલાઓની શસ્ત્રક્રિયા ને વૈદું, અને ક્યાં તેમના આ દવા મેળવનારનું નસ્તર? પણ અજ્ઞાન, ભોળા અને ભલા મનુષ્યોને આ વાચાળ દવા મેળવનારની વાચાળતા ઉપર ભરોસો પડયો. કાળે કરીને દર્દ મટયું એટલે તે માહાવૈદ્ય! વાચકો, "માહાવૈદ્ય" ખરો શબ્દ નથી "મહાવૈદ્ય" જોઇએ પણ મેં એવા વૈદ્યરાજ જોયા છે કે તેમને મેં કહ્યું કે તમે "માહાવૈદ્ય" લખો છો તે તો ખોટો શબ્દ છે, "મહા" જોઇએ. તો તે મને ઉત્તર આપે છે કે આજકાલની ઇંગ્રેજી વિદ્યાને અંગે સંસ્કૃત તમે ભણો છો તેથી તમારાથી તેનો ખરો ઉચ્ચાર સમજાતો નથી, પણ અમે જે "માહા" લખ્યું છે તે બરોબર છે. ત્યારે મેં કાનપટ્ટી પકડી કે મારી ભુલ થઈ છે! હવેથી મારે તો એ ભુલ સુધારવી જ નથી, પણ મારે "માહા" ને બદલે "માહા" જ લખવું. તેથી મેં મારા લેખમાં આ પેલા ધન્વંતરી વૈદ્યરાજ જેઓ જુની અને દેશી શાસ્ત્રીય રૂઢિ મુજબ સંસ્કૃત ભાષા શિખેલા તેથી તેમની ભાષાપ્રતિના પરાક્રમની પ્રસાદી જીજ્ઞાસુઓની સમક્ષ રજુ કરી છે. હવે હું આગળ "મહા" વૈદ્યને ઠેકાણે "માહા" પણ કોઇ કોઇ ઠેકાણે લખીશ.

આ સિવાય બીજા વૈદું કરે તે તો જુદા. એમનું વૈદું તે ઘરગતુ વૈદું અથવા ઘરવૈદું. આ વૈદું તો એવી રીતે ઉદ્ભવ્યું છે કે તે દેશી અને વિદેશી, બેઉ વૈદાથી ચઢિયાતી જગો લે છે. અર્થાત્ ૧ લા નંબરનું વૈદું છે. જ્યારે બેએ વૈદ્યો પાસે દરદી દવા કરાવીને થાકે ત્યારે તે આપસઆપસમાં પુછપરછ કરે કે અમુકને અમુક દરદ થયું છે તેની કાંઈ દવા ખબર છે? આમ કરતાં "જા બિલાડી મોભામોભ" જેવું થાય છે, એક કહે છે કે મેં પેલા લુલિયા વોહોરાની દવા કરી તેથી મને તો મટી ગયું. બીજો કહે છે કે અરે, મેં પેલાં જમાલિયાનો મલમપટો લગાડયો કે આવડી મોટી નાળિયેર જેવડી ગાંઠ નિકળી હતી તે ત્રણ દિવસમાં વેરાઈ ગઈ!

ત્રણ દિવસ અને ૭ દિવસમાં મટાડનારાનો તો કાંઈ ટોટો જ હોતો નથી. આવાઓ પણ પાછા ખાનગી વૈદાના બ્યાપારી થઈ પડે છે. ડોશી-

ફાસીના દોરા-ધાગાથી ચાલતાં વૈદાં જુદાં, જોગી જતિથી ચાલતાં જંતર-મંતરનાં વૈદાં જુદાં, વાઘરીઓની માતાના આવાહનથી મટતાં દરદો જુદાં, ભૂતપ્રેતાદિથી ભમાઈ ગયેલાં ભેજાં ઠેકાણે લાવવાનાં વૈદાં જુદાં. આ સઘળાના Specialists-ખાસ વૈદો તેમનો ધંધો એવી તો રૂડી રીતે ચલાવે છે કે જે જોતાંની સાથે તાજુબ થવાય જ.

હું આગળ જંગલની જડીબુટીનો ઘોડાબળ દેનાર પાકની (જેને ન ગમતી હોય તેને) નાપાક વાત કહિ ગયો છું. અત્યારે જ્યાં જુવો ત્યાં બલદાયક પાક; બલદાયક ગોળિઓ, બલદેનાર અવલેહ, યુનાની ભાષામાં બોલું તો યાકુતી અને બલદાયક ઝરાના જ બણગાં. એક દવા ૨૫-૩૦ રોગ મટાડે! બલદાયક ઝરો ગુજરાતમાં આવેલાં ધંધુકામાં નિકળ્યો છે! જો કોઇને સ્નાન કરવું હોય તો થાવ તૈયાર.

મને સુભાષિતકારનો એક શ્લોક યાદ આવે છે જે નીચે પ્રમાણે છેઃ-

न धातोर्विज्ञानं न च परिचयो वैद्यकनये
न रोगाणां तत्त्वावगतिरपि नो वस्तुगुणधीः।
तथाप्ये ते वैद्या इति तरलयन्तो जडजना-
नमून्मृत्योर्भृत्या इव वसु हरन्ते गदजुषाम् ॥

વૈદકમાં કહેલા ધાતુ ઉપધાતુનું જેને જ્ઞાન નથી, વૈદકની બાબતમાં જેને પરિચય નથી, રોગ અને શરીરના તત્ત્વોનું જેને જ્ઞાન નથી, વસ્તુ માત્રમાં રહેલા ગુણઅવગુણ જાણવાની જેની બુદ્ધિ નથી, છતાં પણ જડજનો એટલે અજ્ઞાન લોકોને ભમાવનારા વૈદો જાણે મરણના અનુચર હોય તેમ દરદીઓના વસુ-પૈસા અને તેમના પ્રાણ હરે છે.

આ ઉપરથી મારો વિચાર એવો થયો કે હવે મારે આ દેશનો ઉદ્ધાર કરવા ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણવાની વિદ્યા શિખવી, તેથી હું નાપાડ ગયો. નાપાડમાં ભાઇબા દેસાઈ જુના જમાનાના એક પાટીદાર ગૃહસ્થ છે. તેમને મળ્યો. મને કોઇએ કહેલું કે ચરોતર-હમણાં તો ચારૂતરમાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણવાની વિદ્યા દેસાઇ ભાયડામાં થોડી થોડી દેખા દે છે. થોડી એટલા માટે કે થોડા દિવસ ઉપર એ ચારૂતરનાં એક ગૃહસ્થ પોલીસ કોર્ટમાં તેમણે નસીબ ફેરવવાનું એક ચક્કર ખોળી કાઢેલું, ને તેવાં ચક્કર કરવાનું કંટ્રાક્ટ એક સોની જોડે કરેલું જે તે સોનીએ પુરૂં પાડયું નહિ તેથી નસીબનું ચક્કર ફેરવનાર અને નસીબનું ચક્કર બનાવનાર બેઉ પોલીસ કોર્ટમાં એક નવીન તકરાર લઇને નિર્ણય કરાવવા આવેલા મેં પ્રત્યક્ષ જોયા

હતા. આ મહાપુરુષોનાં દર્શન કર્યાં. મેં ધાર્યું કે આ બેઉ જો મારૂં નસીબ ફેરવી દે તો મારે તો રાજી થવું છે પણ મેં મારા મનને કહ્યું કે "પાણી પહેલાં મોજડાં શાં?" "તેલ જુવો, તેલની ધાર જુવો" એ ન્યાયે આ મહાપુરુષ ન્યાય લેવા પોલીસ કોર્ટમાં આવ્યા છે તે એમનું નસીબનું ચક્કર અપૂર્ણ હશે, જો પૂર્ણ હોય તો તકરાર પડે નહિ ને ન્યાય પણ લેવા આવે નહિ; એટલામાં જ ફોજદાર સાહેબ આવ્યા. ચક્કર ફેરવવાનું ખોળી કાઢનાર દેસાઈ કાકા મને તો વયોવૃદ્ધ લાગ્યા. આધેડ ઉમરના હતા. તેમણે અરજ ગુજારી કે આ સોનીએ મારા નસીબનાં ચક્કર કરી આપવાનું કંટ્રાકટ કર્યું છે પણ આજકાલ કરીને વાયદા કરે છે ને કરી આપતો નથી ને વિશ્વાસઘાત કર્યો છે! ફોજદાર સાહેબે ચક્કર–ફકરની વાતમાં કશું જાણેલું નહિ તેથી તેમણે ઝટ લઇને પૂછ્યું કે ક્યાં છે ચક્કર? એટલે તુરત દેસાઈ કાકાએ એક નાનું સરખું ઘડિયાળનું ચક્કર હોય છે તેવું પીતળનું ચક્કર રજુ કરીને કહ્યું કે આવા ચક્કર અમુક મુદતમાં કરી આપવાનું કંટ્રાકટ આ સોનીએ કરેલું, પણ જુદા વાયદા કરીને મને નુકસાન કર્યું અને વિશ્વાસઘાત કર્યો છે.

મેં તે ચક્કર જોયું ને મારા તો હોંશ ને કોશ બેઉ ઠેકાણે આવી ગયાં! અજાયબીનો પાર રહ્યો નહિ. ફોજદાર સાહેબે ધીરે ધીરે હકીકત સાંભળી. અમે બેઉએ સ્મિત કરવા માંડયું. પેલો સોની કહે કે સાહેબ, એમના નસીબનું ચક્કર અધ્યાતુ રહો, પણ હું ગરીબ માણસ અને એમણે ડઝનબંધ ચક્કર કરવાનો ઓર્ડર આપ્યો તે મેં લીધો, પણ મારે એવી સરત હતી કે મને અડધા પૈસા પહેલા આપે ને બીજા પૈસા જેમ જેમ હું ચક્કર તૈયાર કરતો જાઉં તેમ તેમ પૈસા પ્રથમથી આપીને ડીલીવરી લેતા જાય કેમકે એમના નસીબનું ચક્કર મારૂં નસીબ ફેરવી નાંખે તો હું પછી શું કરૂં?

ફોજદાર સાહેબને અજાયબી લાગી કે આ સોની વળી શું કહે છે, તેથી તેની પાસે ખુલાસો માંગ્યો એટલે તેણે કહ્યું કે સાહેબ! હું એમને ઓળખતો નથી ને એ મને ઓળખતા નથી. રસ્તે જતાં મને એમના નસીબનું ચક્કર બતાવી પુછ્યું કે આવું ચક્કર તમે કરી આપશો? કેમકે મેં તેમને પ્રથમ કહ્યું હતું કે હું સોની છું. પછી એ મારી દુકાને આવ્યા ને ઉપર પ્રમાણે કરાર કર્યો, પણ ગામ જઇને પૈસા મોકલીશ કહિને પૈસા મોકલ્યા નહિ ને મેં ચક્કર કર્યાં નહિ. જો હું પહેલાંથી ચક્કર કરી રાખું ને પછી એ જો ના લઈ જાય તો મારી મહેનત અને તે પાછળ રોકેલા પૈસા એ બે ઉપર એમના નસીબનું ચક્કર સરસાઈ મેળવે કે નહિ?

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૧૧, તા. ૧૫ મી માર્ચ સને ૧૯૧૪.

આજ કાલનું [redacted] વૈદું.

(૪)

નાપાડના ભાઇબા દેસાઇની ફરિયાદનો કેવો અંત આવ્યો તે જાણવાની જિજ્ઞાસા, વાચકો ! તમારે રાખવાની જરૂર નથી. પણ નસીબનું ચક્કર ફેરવનારા ને બનાવનારની સ્થિતિનું ચિત્ર તમોને દિંગ કરી નાંખવા બસ છે. આ ચિત્ર ખરૂં છે. આ નસીબનું ચક્કર બજારમાં વેચાયું હશે ને તેના ખરીદનાર પણ નિકળ્યા હશે અને જો એમ ન હોય તો નસીબનું ચક્કર ફેરવનાર ભાઇબા દેસાઇ જાહેરમાં આવવાની હિંમત કરે જ નહિ. નસીબનું ચક્કર ફરે કે નહિ તેની જરા જેટલીએ પરવા નથી પણ આવા માણસો આ જમાનામાં જાહેર રીતે આવાં ચક્કરો લઇને નિકળે તે પહેલાં તેમની પોતાની યોગ્યતા અને તેમના નસીબના ચક્કરની કરામત માટે શું ભરોસાવાળા નહિ હોય ? અમુક દવા અમુક ગુણ કે અવગુણ કરે છે તેનું જ્ઞાન શું તેના બનાવનારને નહિ હોય ?

પણ હમણાંનું લેભાગું વૈદું "દે દરિયામાં દોટ રખને વાલા રામ" ની કહેવત જેવું છે એમ મારે સ્પષ્ટ કહ્યા વગર ચાલતું નથી. તેમને જરા જેટલી પણ ગતાગમ નથી. તેમની ભાષા જુદી હોય છે, તેમનું મન જુદી તરેહનું હોય છે, તેમનો પહેરવેશ જુદી તરેહનો હોય છે અને તેમની અક્કલ તો સર્વોપરિ! આ લોકની આંખે સિવિલ સર્જન ધોબા, L. M. & S. ગોખણપટ્ટીવાળા, અને M. D તો મેડજ. આ લોકોની આત્મશ્લાઘા સાંભળતાની સાથે જ સમજુઓ અજાયબીમાં ગરકાવ થઇ જાય તો જો તેમની દવા લે તો પછી કાંઇ બાકી રહે જ નહિ.

સરકાર જે રજીસ્ટર કરે છે તે આવાઓને ગમતું નથી, પણ મારે કહેવું પડે છે કે આ લોકોની યોગ્યતાની ખાત્રી કર્યા કરાવ્યા વગર સિંહના ચામડામાં છુપાઇને શીયાળવાં રજીસ્ટરમાં પેશી જવા ના પામે માટે એમની જાહેરમાં વેચવા મુકેલી દવાઓનું પૃથક્કરણ કરાવવું અને એમની મોઢામોઢ પરીક્ષા લેવી એટલું જ નહિ, પણ તેમને વાઢકાપની વિદ્યાના પ્રત્યક્ષ પ્રયોગો કરવાની અને કરી બતાવવાની ફરજ પાડવી. અર્થાત્ આવા "માહા" વૈદ્યોની એવી તો સખતમાં સખત કસોટી કાઢવી કે જેમ સૂર્યોદયનો સમય થાય કે તારા આપોઆપ આલોપ થતા જાય તેમ તેઓમાં પરીક્ષક કમિટીના સંમુખ ઉભા રહેવાની હિંમત જ ન રહિ શકે.

જ્યાં જુવો ત્યાં મરણ અને જનસુખાકારીનાં પરિણામો હમણાં ઘણાં ચોંકાવનારાં આવે છે. એના બીજાંએ ઘણાં કારણો હશે, પણ આવા ઊંટવૈદોને હાથે જે નિર્દોષ જીવોનાં ખુન થાય છે તે પણ બીજાં કારણો ભેગાં એક કારણ છે એવું કહેવાની કોણ ના પાડશે ?

આજકાલ વળી બાવા, અતીત, વેરાગી; બ્રહ્મચારી અને સંસારીઓ પણ વૈદામાં રહેલી મઝા મેળવવાને બહારની તટસ્થતા અને અંદરખાનેથી ઇંતેજારીવાળા જોવામાં આવે છે અને આવ્યા છે. આવા લોકો પોળ–શેરીમાં માંગવા નિમિત્તે દરરોજ જાઆવ કરે છે. ગમે તે બહાને આ લોકો ઘરમાં પણ જઈ શકે છે, અને ઘરધણી મુઠી આપે પણ છે. મુઠીથી એમનું ગુજરાન ચાલે છે અને એમ ફરતાં ફરતાં એકાદ એવું પણ ઘર એમના હાથમાં આવે છે કે જેમાં કોઇને પણ મંદવાડ હોય. આવા ભીખમંગાની દૃષ્ટિ ચકોર હોય છે. અને તેઓ તુરત જોઇને સમજી શકે છે કે તેમના મન ઉપર કેવી ચપળતાથી અસર કરી પોતા તરફ ખેંચાય એવી વૃત્તિ કરવી. ઘરધણી મુઠી આપવા આવે કે મીઠી જીભે આવા ભીખમંગા પુછે કે (બેન કે ભાઈ જે માંદુ હોય અગર તે જે સ્થળ તરફ હોય ત્યાં આંગળી કરીને) શું થયું છે અગર જો ઘરધણી જ ઘરગતુ અને આવા ભીખમંગાઓયે આજુબાજુનાં કે જેઓને કાકતાલીય ન્યાયથી મટ્યાનું સાંભળ્યું હોય તો અને જો તેથી જરા જેટલીએ શ્રદ્ધા આવી હોય અગર ઘરધણીએ દવા કર્યા છતાં દરદ મટ્યું જ ન હોય તો અકળાઇને પુછે કે (મહારાજ પોતાના ઘરમાં ભાઈ કે બાઈ જે માંદું હોય તેનું નામ દેઈ) તમને કાંઈ દવાની ખબર હોય તો કહો અગર જાણતા હોય તો બતાવો. આટલું કહ્યું એટલે બસ.

આવા ભીખમંગાની ઇન્દ્રજાળ વિદ્યા વળી ઓર તરેહની હોય છે. તેમની જાળ હળવે રહીને ઝોળીમાંથી તેઓ કાઢીને શાંત વૃત્તિથી ચારે બાજુએ ફેંકી દે છે. ગમે તેમ કરીને શ્રદ્ધા ઉત્પન્ન કરાવવી, અને જો તે થઇ તો ચાલ્યુ આગળ. પોતાથી બને તો પોતે, નહિ તો પાછા પોતાના કોઈ સ્વામીનું નામ બતાવે કે દુધેશ્વર ઉપર દધીચી ઋષિના આશ્રમમાં હમણા બેચાર દિવસથી એક બ્રહ્મચારી આવ્યા છે. એ વસ્તીમાં આવતા નથી. ફક્ત ફલાહાર ઉપર રહે છે. અજાચક વૃત્તિવાળા છે. મળ્યું તો ખાય ને જો ન મળે તો અપવાસ કરે. હમેશ સમાધિ ચઢાવે છે. કોઇની સ્પૃહા નથી. અમે તો ગામોગામ ફરીએ તેથી અમારા જોવામાં આવા મહાત્મા આજે જ આવ્યા છે. તેઓ વૈદામાં ઘણા પ્રવીણ છે, પણ જો તેઓ તમારૂં કામ

હાથમાં લે તો ચાર દિવસમાં ભાઇને આરામ થઈ જાય. જો તમારાથી બને તો તજવીજ કરાવજો.

શ્રીમંત અગર મધ્યમ વર્ગનાં માણસો એવાં તો અકળાયેલાં હોય કે તેઓએ ગમે તેવી ને તેટલી કેળવણી લીધી હોય છતાં આવા બ્રહ્મચારીની દવાની અજમાયશ કરવાને તલપાપડ થઈ જાય તેમાં શી નવાઈ!

. અપ્રાસંગિકતા ના આવે માટે મારે જરા આજકાલની ભણીગણી ડાહાપણ ભરી બાઇઓ કે જેમને માટે તેમના તેજમાં અંજાયેલાઓ તેમનું ભણતર ગણતર જાહેરમાં બહાર પડી તેમનાં અતિશય વખાણ કરવા મંડી પડ્યા છે ને પડે છે તેવી કહેવાતી કેટલીક વિદુષિઓ પણ પોતાની મનકામનાની સાધના કરવા આવા બ્રહ્મચારીજીની ઉપાસના કરવામાં લોકાપવાદની જરા પણ પરવા કરતી જોવામાં આવતી નથી. તેવીઓનું વર્તન કેવું હોય છે તે દેખાડવું છે. એમની મનકામનાઓ ગમે તેવી ને ગમે તેટલી હોય, પણ તેવીઓ પણ છાની રીતે વૈદો, ડાકટર અને આવા ભીખમંગાઓની દવાનો અને ઊંટવૈદોની દવાનો આશ્રય લે છે. તેમાં તે ઠગાય છે, પૈસાનું પાણી કરી આવે છે, કુછંદમાં સપડાય છે, અને એક વખત એ દિશામાં પેઠા પછી લોકલજ્જાની પરવા પણ તે કરતી નથી ને મર્યાદા પણ મુકી દે છે. આવા ઘણા દાખલા છે અને જે સઘળાના જોવામાં આવે છે. આ બાબતનો સહજ ઇસારો કર્યો છે અને વિવેચનનો વખત આવે વધુ થશે.

હવે આવા બ્રહ્મચારીઓ પોતાનો શિકાર આવે કે તુરત જ બેપરવાઇ અને તટસ્થતા ગ્રહણ કરી લે છે. દરદીને ક્યારે જલદીથી આરામ જઈ જાય એ ઇંતેજારીમાં તેમની મુલાકાત લેનારની જિજ્ઞાસા ઘણી તીવ્ર થાય એમાં નવાઈ નહિ. તેઓ પળશી કરી તેમને ફૂલફલાદિ ભેટ કરે. લાગ આવે તો પૈસાની પણ ભેટ મુકે. પૈસા મુકે કે તેમના તરફ આ ડોળઘાલુ બ્રહ્મચારી ભીખંગા-તીણી અને તીખી દૃષ્ટિ કરીને તે પાછી લેઈ લેવાની આજ્ઞા કરે, ને કહે કે અમારે પૈસા શું કરવા છે? અમોએ ઘર-બાર મુક્યાં, માતાપિતા મુક્યાં, ધનદોલત મુક્યાં અને સંસાર મુક્યો તો પછી અમારે લક્ષ્મીનું શું કામ છે? તુરત પોતાનું પાંડિત્ય બતાવવા કહે છે કે:-

जनयन्त्यर्जने दुःखं तापयन्ति विपत्सु ।
मोहयन्ति च संपत्तौ कथमर्थाः सुखावहाः ॥

જે ધન તે મેળવવામાં પણ દુઃખ દે છે, વિપત્તિમાં જે પરિતાપ કરાવે છે અને સંપત્તિમાં મોહ ઉત્પન્ન કરે છે તો તેવું ધન સુખાવહ કેમ બને?

તમે સમજતા નથી માટે પૈસા લેઈ લો. અમારે તેનું કામ નથી. જો પૈસા મુકનાર ઝટ લેઈ લે તો ઠીક છે, નહિ તો તેના તરફ જરાક નજર ક્રૂર કરે કે તુરત પૈસા મુકનાર ઉપાડી લે. આવી વખતે આ ભીખમંગાઓની મરજીને કેવી રીતે અધીન કરી લેવી તેની દરદીના દોસ્તને ખબર ન હોય. તે તો બિચારો આ વખતે એક જ ઇંદ્રિવાળો થઈ ગયો હોય કે ગમે તે પ્રકારે આ બાપજી વશ થાય ને પોતાનો કેસ હાથમાં લે તો ઠીક. કહેવત છે કે "હાડિયાને મન હસવું અને દેડકાનો જીવ જાય." આ હાડિયા રૂપ બાપજીઓને મન ખરેખાત હસવું જ હોય છે. તેઓની જાળ જ્યારે પૂરેપૂરી પથરાઈ જાય એટલે દરદી અને તેના દોસ્ત અગર સગાવહાલાં સઘળાને પોતાની આંખે જ જોતા કરી નાંખે છે. સમજુ પણ એક વખત સમજવામાં ઢીલ કરે એવા અગડંબગડં શ્લોક, શ્લોકાર્ધ–તે પણ અસ્પષ્ટ અને અશુદ્ધ ભાષામાં બોલવા માંડે! અજ્ઞાની શો તેનો અર્થ છે તે સમજેજ નહિ!

હમણાં આવા શ્લોક, શ્લોકાર્ધના સંગ્રહવાળા પુસ્તકોનો કાંઈ ટોટો નથી. એવાં પુસ્તકો મેળવી તેમાંના ખપ જોગ શ્લોકો મોઢે કરી રાખવા ને લાગ આવે કે તુરત જ તે સડસડાટ રીતે બોલી જવા અને પોતે પાથરેલી ઇંદ્રજાળ ઘણી જ મજબુત બનાવી દેવી એટલે બસ. આવા લોકોની દવાથી સઘળાને મટે છે અગર મટતું હશે એવું માનવાને અમારૂં મન ના પાડે છે. મૂર્ખ, લેભાગુ અને ભીખમંગાઓ પાસે દવા કરાવીને દરદ મટાડવા કરતાં સુશિક્ષિત અને હુશિયાર વૈદ્યની દવા કરવી, ને જો એકથી ન મટે તો જ બીજા વૈદ્ય કે, ડાકટરની મદદ લેવી, અને તેમ કરતાં જો મરણશરણ થવું પડે તો આ લોકમાં એવો શો લકુમ્બો દાટી મુક્યો છે કે તે લુંટાઈ જશે? પ્રાણીમાત્રને મરણ છે, નામ તેનો નાશ છે અને ક્ષણિક જીવન છે; નથી કોઈ અમર રહ્યું કે રહેવાનું, છતાં જે લોલુપતા લોકોમાં છે તે બીજું કાંઈ જ નહિ પણ અજ્ઞાનને આભારી છે! કોણ મરે છે, હું કહું છું કે નામ તેનો નાશ પણ નથી, મરણ કે જનન પણ નથી? મરે છે એટલે શું? પાછો પોતે જ ફરીથી જન્મ લે છે! શું મરણ છે કહ્યું એટલે માણસની ઓલાદ જતી રહી? આ બાબત ઘણી ગહન છે, અને વિષયાંતર થાય માટે તેને આટલેથી રાખિયે.

વાચકો! હવે મારે તમોને કહેવું જોઇએ કે ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણવાની વિદ્યા શિખવાની મારી જિજ્ઞાસા નરમ પડી નથી! પેલું જે નશીબ ફેરવનારૂં ચક્કર ઉપલી વિદ્યા મેળવવા નિષ્ફળ નિવડ્યું તે તો તમે જાણ્યું

હશે. હવે મારો એવો વિચાર થયો છે કે ચારૂતર-ચરોતર-માં પીજ કરીને એક ગામ છે જ્યાં એક દેસાઇ કાકાએ, પેલી ઘણી જ લોકપ્રિય નિવડેલી ને જેની આવૃત્તિઓનો સુમાર નથી, અને જેનું વાચન એટલું તો બ્હોળું છે કે અનાણુ કોળીનાળી લોકો પણ જેનો મુખપાઠ કરી રાખીને પોતાની ફુરસદની વેળાએ ઘણા જ સારા અવાજમાં તેમાંની કવિતા એવી તો આ-બાદ ને અસરકારક રાગમાં લલકારે છે કે જે સાંભળતાની સાથે જ મનમાં સોંસંરી પેશી જાય છે એવી ગજરામારૂની વાતમાં આવેલી વાવ જેવી એક વાવ, બંધાવી છે. અને એ વાવના પાણીમાં એવો ગુણ છે કે એમાં ડોકું નીચું કરીને જોતાં ભૂત, ભવિષ્ય ને વર્તમાન જાણવાના સાધનરૂપ આયના-ચાટલા જેવું પાણી જણાય છે તેમાં નહાવાથી એ વિદ્યાની પ્રાપ્તિ થાય છે તેથી આજની ગાડીમાં હું ત્યાં, જોઇતું ને ઘટતું ભાથું બાંધીને જાઉં છું.

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૧૨, તા. ૨૨ મી માર્ચ સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૫)

હું પીજ ગામે આવ્યો ને પેલી ત્રિકાળદર્શિ-ભૂત ભવિષ્ય ને વર્તમાન દેખાડનાર-વાવ જે કાકાએ બંધાવેલી તે કાકાને સાથે લઇને વાવ પાસે આવ્યો. રસ્તામાં કાકાએ અગમનિગમની વાતો પોતાની વાવ માટે કહિ, જે મેં પ્રત્યક્ષ પ્રમાણથી જાણી જોવાની ઇંતેજારીમાં ઠંડે પેટે સાંભળી. વાવ ઉપર આવ્યો ને તેમાં અમો બેઉ કાકા-ભત્રિજાએ સાથે લાગું ડોકિયું કર્યું કે, ભૂત, ભવિષ્ય ને વર્તમાનને બદલે અમારા બેઉનાં જ ચાડાં પાણીમાં દેખાયાં. મારૂં મોઢુ ને માથે ટોપી અને આ ગબા કાકાને માથે પાટીદારિયા પાઘડી! મારી અજાયબીનો પાર ન રહ્યો. કાકાએ પણ મારી પેઠે જ જોયું. તેમનું ભૂત, ભવિષ્ય ને વર્તમાન પાણીમાં અલોપ થઇ ગયું! પણ કાકા કાંઇ મુંગે મોઢે ભુલ કબુલ કરે તેવા નહોતા. તેમણે ચલાવ્યું કે 'કાકા ભુલ થઇ છે પણ હવે મને યાદ આવ્યું' કહિ ગજવામાંથી ગજમેલનું પડીકું કાઢયું ને કહે કે આમાંથી ચપટી લઇને આંખે આંજો એટલે જો કાંઇ આં-ખનો દોષરોષ હશે તો જતો રહિ ત્રિકાળદર્શિ થવાશે.

મેં વિચાર કર્યો કે ઠીક છે. આ અંજન-ગજમેલનું અંજન-કાકાની આંખમાં જ આંજીને તે પોતે જ જોઇને પહેલાથી ખાત્રી કરે ને પછી હું

કરૂં તો ઠીક. એમ સમજી તેવી સુચના મેં કરી જે કાકાએ મને કે કમને ઉપાડી લીધી ને ઝટ લઇને ગજમેલ આંખમાં જેમ આપણે સુરમો—જામનગરી મોતીનો સુરમો આંખમાં અંજનશલાકાથી આંજીએ તે પ્રમાણે તેમણે આંજી કાઢી. ઘડીભર મેશોન્મેશ કર્યું ને આંખમાંથી પાણી નિકળ્યું. કાકાજીએ વાવના પાણીમાં ડોકિયું કર્યું પણ ઘર ઘડી ઘર દહાડો !

વાવના પાણીમાં ડોકિયાં કરવાથી જો ભૂત, ભવિષ્ય ને વર્તમાન જણાતું હોય તો જોઇએ છે શું ? હવાઇ વાતો ને હવામાં કિલ્લા કલ્પવાનો આ જમાનો છે છે, ને નથી. પણ યુક્તિથી વાત કરતાં આવડે એટલે બસ. સ્વર્ગનો ખજાનો સંસારમાં તૈયાર સંસારમાં સ્વર્ગ તૈયાર, સ્વર્ગનું વિમાન પણ તૈયાર, જે જોઇએ તે સઘળું અહિં જ છે પણ આવડત કોને છે ?

કાકાજી નિષ્ફળ નિવડ્યા. મેં તેમની ગળચી પકડી કે હવે તમારો ત્રિકાળદર્શિ આયનો—ચાટલું કાઢો ! કાકાજી ગળગળા થયા ને નમી પડ્યા કે હવે જવા ઘો.

ભૂત, ભવિષ્ય ને વર્તમાન બતાવનાર ચાટલાવાળા જે કોઈ આખી દુનિયામાં હોય તેમણે અજ્ઞાનોની સામે જીત મેળવવાની કડાકૂટ મુકીને સમજુની ખાત્રી કરી આપે તો સત્ય. નહિ તો ત્રિકાળદર્શિ ચાટલાં ટકે ટકે વેચવાની શી જરૂર છે ? દરરોજની ટપાલમાં જેમ કરોળિયાની જાળમાં સપડાતી માંખીની રાહ કરોળિયો પોતાના ભક્ષ માટે જુવે તેમ મૂર્ખ અને અજ્ઞાનોના પૈસાના ભક્ષની વાટ જોવા કરતાં કોઇ સમજદારને ભૂત, ભવિષ્ય ને વર્તમાન બતાવનાર તમારૂં ચાટલું આપી તેના ગજવામાંના પૈસાનું કાટલું કરો તો તેમાં જ તમારી હુંશિયારી છે, નહિ કે મૂર્ખ ઉપર તરાપ મારવામાં !

વાચકો ! આવાં ચાટલાં ફાટલાંવાળા પોતાનું ભૂત, ભવિષ્ય ને વર્તમાન પોતે તો જાણી જ ચુક્યા હોય છે. તેમના ' નશીબમાં નહિ કોડી ને ઉભી બજારે દોડી ' જેવું જ હોય છે. ચિંથરે હાલ, દેખાવ કંગાળ, દેવાનાં પાર નહિ. આવાઓ ભૂત, ભવિષ્ય ને વર્તમાન દેખાડનાર દૈવી સંપત્તિના જો સ્વામિ હોય તો તેમને શી કમીના રહિ ? દુનિયાં ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહિયે. મેં આગળ કહેલું જ છે કે અજ્ઞાન એટલું બધું છે કે તેના મોં આગળ કોટી સૂર્યનું તેજ હોય તોયે થોડીવાર એ તેજ પણ નિસ્તેજ થાય.

કૌવતે બહાર, વીર્યના ઝરા, સંસારસુખનો આનંદ આપી ધાતુ મજબુત કરનાર ગોળી, કેસર, કસ્તુરી, અંબર અને દેશી ઝાડાપાલામાંથી બનાવેલી ગોળીઓ, પુષ્ટિના પાકો, બાદશાહી સાબુથી ધોયેલી બાદશાહી યાકુતી

કે જેના અકસીરપણા માટે નામદાર બાદશાહે લેટર્સ પેટંટ આપ્યું છે કે દુનિયામાં એના જેવી ખરી જુવાની આપનાર બીજી કોઈ દવાની હયાતી જ નથી! બાદશાહી ને ચુનાની લેપ, સાંઢાનું તેલ અને ગજમેલ (ગજવેલ). આવી આવી દેશી અને વિદેશી દવાનો કાંઈ સુમાર નથી. સઘળામાં અત્યંત તાકાત આપનાર દૈવી ગુણ છે. તમે વાચકો! મહેરબાની કરીને વિચાર તો કરો કે ફૂ કરતાં ઉડી જાય એવા જેમના દિદાર હોય તેવાઓની દવામાં વળી કેવો ઉત્તમ ગુણ હોય? મારૂં કહેવું એવું નથી કે વૈદ્ય કે ડાકટર કે હકીમજી જાડો પાડા જેવો હોવો જોઇએ પણ જેના દીકા ન મરે તેના માર્યા કેવી રીતે મરે? અર્થાત્ દવામાં જે ગુણ હોય તે ખરો પણ તેની વાતચીતમાં તો તત્કાળ અસર કરનાર ગુણ પ્રત્યક્ષ એ જ છે કે એક વખત તમને તેનો પાક ખરીદ કરવાની ગારૂડી વિદ્યાનો પ્રયોગ તે તમારા ઉપર આબાદ ચલાવે છે. તમને થોડાબાળ આબાદ મળ્યું કે ન મળ્યું તેની તેને શી પરવા?

તમે જો ફરી કહો કે દવાનો ગુણ લાગ્યો નહિ, તો તમોને શિખામણ દેતાં ક્યાં વાર છે કે તમે નિયમિત રીતે દવા વાપરી નહિ હોય? નિયમ પ્રમાણે જરાએ જરા ચલાયું નહિ એટલે વૈદરાજ વાક્પટુતાથી ખસ્યા. કહેવત છે કે 'ઓઠ સાજા તો ઉત્તર ઝાઝા.'

અંગ્રેજી વૈદામાં પણ કાંઈ ઓછું ડીંડવાણું નથી. એવાએ કેટલાક ડાકટરો છે કે જે પૈસાના જ પૂજારી. મને એવું એવું યાદ છે કે થોડાક વર્ષ ઉપર એક મિત્રે પોતાની સ્ત્રીના દુરાચાર માટે ખુન કર્યું એવો પુરાવો તેની કબુલતથી પોલીસમાં પાડયો. આ કજીયો સેશન્સ કોર્ટમાં ગયો ને વચ્ચે તે મિત્ર સમજ્યો કે મારે ફાંસીએ ચઢવું પડશે તેથી તેની બુદ્ધિએ એવો બચાવ કર્યો કે જેથી તે પુરાવો ફરી જ જાય.

પ્રોસીક્યુશનના સારામાં સારા દાક્તરો હતા અને બચાવ પક્ષમાં પણ સારા ડાકટરો રોકાયા. એક બાજુવાળાએ એવી દલીલ કરી કે ખુન ઇરાદા પૂર્વક થયું છે–બીજી બાજુવાળાએ એવો બચાવ કર્યો કે આ ઘા મરનારે પોતે કરી લીધા છે. બીચારા ડાકટરોનો શો વાંક? તેઓ જે બાજુ તરફથી રોકાયા તેઓને તે બાજુનો જે પુરાવો હોય તે ઉપર વિચાર કરવાનો હોય છે અને તેવી જ રીત પણ બીજી બાજુવાળા માટે. આમ બેઉ બાજુમાં એવો ગુંચવાડો થાય છે કે ખરૂં શું છે તે સમજવું મુસ્કેલ થઈ પડે છે અને કોઈ કોઈ વખત ખરાનું ખોટું ને ખોટાનું ખરૂં થઈ જવાનો સંભવ

થઈ પડે છે. પણ આ કજીયામાં તો તે મિત્રને Transportationની જ શિક્ષા થઈ હતી.

એવાએ દાખલા કેટલાક ડાકટરોના સંબંધમાં છે કે તેમાં તેઓ પોતે સત્યથી વેગળો ગયા છે. ખરી વાત જાણ્યા છતાં તેમણે કહિ નથી ને પૈસાને માટે ન કરવાનું કરેલું છે એવું તેમને માટે બોલાયું છે. "જર ચાહેસો કર" એ કંઈ ખોટું નથી. ડાકરોના ભેજાની કીમત શી? કોઈ હાડવૈદ; કોઈ આંખના ટાકટર, કોઈ નાકના ડાક્ટર, કોઈ કાનના ડાક્ટર, કોઈ ગળાંના ડાક્ટર!!

તેમની ગ્રાહકી એવી છે કે લોકો જાણે કે એ પૈસા છોડાવી લે છે છતાં તેમની પાસે જઇને લુંટાય છે. એક આંખનો દર્દી આંખના ડાક્ટર પાસે પોતાની આંખને શું થયું છે તે જોઈ શી દવા કરવી ને તે મટશે કે નહિ તે જાણવા માટે જો જાય, તો તેને આ સમયની પરીક્ષા કરવાની પદ્ધતિ પ્રમાણે તેની પાછળ ઘટતો વખત પણ ન રોકતાં આંખ તરફ જરાક દૃષ્ટિ કરીને કહી દે કે તમારી આંખપર શસ્ત્રક્રિયા કરવી પડશે. પણ મટે કે નહી તે હું હાલ કહિ શકું નહિ. શસ્ત્રક્રિયાના રૂ. ૧૦૦ થશે અને મારી દેખરેખ નીચે મારે ત્યાં જ તમારે રહેવું પડશે. દરરોજનો રહેવાનો ચાર્જ રૂ. ૧) પડશે ખાવા પીવાનું ને બીજું ખર્ચ તમારા પદરનું!

દર્દી શું કરે? પૈસે પહોંચી વળે તેવો હોય તો એ કામ ભરોંસે કરે છે. મટે કે નહિ તે કાંઈ નક્કી નહિ. દર્દી ઠીક છે, ઘેર જઈ વિચાર કરીને આવીશું કહે તે પહેલાં તો તેમના હુન્નરનો લાભ જે લીધો તેનું બીજી બાજુ પર કલાકે તૈયાર રાખેલું બીલ જ તૈયાર. રૂ. ૫) આંખ તપાસી તેના, આંખમાં દવા નાંખી તેના ૦-૬-૦, કુલ રૂ. ૫-૬-૦ આપો. દર્દી દિગ્મૂઢ થયો! શું કરે? ઝખ મારીને રૂ. ૫-૬-૦ આપવા પડ્યા. વૈદરાજ તમને નમસ્કાર! તમે દર્દી જોડે જે બોલ્યા તેના પૈસાનો આંકડો આપવો તમે ભુલ્યા છો. જો તમારા શબ્દો કે વખતની કીમત તમે પ્રથમથી નક્કી કરી રાખતા હો તો ઠીક કે તે પ્રમાણે આંધળા ભીંત દર્દીઓ પાસેથી વસુલ કરવી ઠીક પડે.

કોણ દર્દીને બોલાવવા જાય છે? જેને ગરજ હોય તે આવે. અમુક પરીક્ષા પસાર કરી એટલે નિર્ભય. દવા આપવામાં ગફલતી થાય ને જો તેથી જીવ જાય તો તેની આફત કાંઈ ડાક્તર કે વૈદને માથે આવે? એક તો બુટ પાટલુનિયા ને ગળે કાળી ચીંથરી બાંધનાર એટલે સાહેબ લોક, એમને શાની ભીતિ?

મારા એક બેહેરામજી મિત્ર જેમના કાનને ઘણા દિવસથી દર્દ ઘેરો

ઘાલ્યો હતો. તેમણે ઘણી ઘણી દવા કરી પણ ન મટયું. આખરે અમારા સદ્‌ગત વૈદ્યરાજ ઝંડુભટ્‌જીના એક શિષ્ય રા. રા. * * ભાઇની શાસ્ત્રીય દેશી દવા કરી ચુક્યા. પણ તેણે કાંઇ વળ્યું નહિ તેથી તેમણે અંગ્રેજી દવાની અજમાયશ કરવા એક સાહેબને ઘેર જઇને કાન ધર્યો. આ સાહેબે કાન તરફ નજર કરી પણ તેમાં ન મુકયું યંત્ર કે કૂંત્ર. ફક્ત જોઇને કહ્યું કે ઠીક છે દવા કરો. થોડા દિવસ દવા કર્યા પછી જોઇશું કે કેમ છે? બીજી બાજુ પર તેમની મહેનતનું બીલ રૂ. ૨) ને અંદર જરા દવા નાંખી તેના ૦-૪-૦ જુદા. રૂ. ૨-૪-૦ દવાના લાવો? મારા બેહેરામજી શેઠ? કેમ દવા કેવી? ભાઈ તમે જે કરતા હો તે કરો ને છાશની દોણી ભરો.

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૧૩, તા. ૨૯ મી માર્ચ સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૬)

હું શું લખું? દરરોજ નવા નવા નુકતા! એક મિત્રે છાપામાં છપાતી ભૂકી ઉપર મારી નજર ખેંચી. વાચકો, તમે જાણીને અજબ થશો કે એ ભૂકીનું નામ ગર્ભધારણ ભૂકી છે. તેના બનાવનારની ગમે તે યોગ્યતા હશે પણ આવી ભૂકીની ભુખી નારીઓનો કાંઈ ટોટો હશે કે? થોડા વખત ઉપર એક પ્રખ્યાત અમેરિકન ડા. ફુટનું પુસ્તક મારા જોવામાં આવ્યું હતું. તેમ જ એક ગુજરાતી ડાકટરે વંધ્યત્વ નિવારણ નામનું પુસ્તક છપાવ્યું છે તે પણ મારા જોવામાં આવ્યું છે, અને મારે જણાવ્યા વગર ચાલતું નથી કે દેશી અને વિદેશી વૈદ્યકની થોડી ઘણી ચોપડીઓ જોવાનો ને વાંચવાનો તથા મનન કરવાનો પણ મને લાભ મળ્યો છે. આ સઘળાને આધારે મારાથી કહ્યા વગલ ચાલતું નથી કે વંધ્યત્વ દૂર કરવું, એ કાંઈ સહેલું નથી, અને એવી ભૂકીથી જો છોકરાંના ભૂખવાળીની ભૂખ ભાગતી હોય તો ત્રણ ત્રણ ને ચાર ચાર વર્ષ સુધી ગ્રાંટ મેડીકલ કોલેજમાં ને લંડન જઇને M. D., L. R. C. P. S., થઈ આવેલા ડાકટરોના શિખવામાં એ સંબંધી કાંઈ આવ્યું નથી અગર તો તેમના પ્રોફેસરોએ એ વિષય દેશીઓ જાણીને શિખવ્યો જ નથી!

વીર્યના ઝરા, વીર્યના ઉદધિ, ગર્ભધારણ ભૂકી, પેટ ઉપર દવા ચોપડવાથી ઉદરમાંનું બચ્ચું પોષાય અને મજબુત થાય તેમ જ તેના રંગરૂપ

પણ ફરી જાય છે ત્યારે આવી દવાઓ જેઓ બનાવે છે તેમના મોંપર જ કેવો ને કેટલો પ્રતાપ અને તે જ છે તે જોવાની તસદી કોણ લે છે? હું આગળ કહિ ગયો છું કે તેઓ પૈકી કેટલાકના મોં પર તો અમાસના ચંદ્રમા જેવું જ તેજ છે, વાયે ઉડી જાય એવી એમની કાયા છે, કેટલાકને તો છતી આંખે આંખના ચસ્મા વાપરવાની કૃત્રિમતાની જરૂર પડે છે. આ જાહેર ખબરીયા વૈદરાજોની ઝડતી લેવાની ઘણી જરૂર છે. આ કામ છાપાવાળાનું નથી. છાપામાં જે જાહેર ખબરો આવે છે તે કાંઈ એ દવાની જે ભેં ભેં કરી હોય છે તે ભેં ભેંની જરા જેટલી પણ ખાત્રી તેઓ આપતા નથી. ત્યારે તેઓ શું કરે છે? ફક્ત જાહેર ખબર છાપે છે ને ઠરાવેલા દામ લે છે. તેમનો ધંધો છાપવાનો છે, પણ નહિ કે દવાઓના ગુણ અવગુણ ગાવાનો.

છાપાવાળાઓ કંઈ ડાક્ટર કે રસાયણશાસ્ત્રી નથી. તેમની જે ફરજ છે તે એ જ કે જેણે જે જાહેર ખબર ઠરાવેલા દરથી પૈસા આપીને અમુક મુદત સુધી છપાવી તે છાપવી. તેમની કોઈ પણ જાતની તે તે દવામાં વર્ણવેલા ગુણ માટે ખાત્રી તેઓ આપે નહિ ને પ્રજા વર્ગને તેમ કરવાની ભલામણ પણ તેઓ કરે જ નહિ. પણ આ વિવેકની વાત કાંઈ અજ્ઞાનના મનમાં ઉતરે? તેઓ જાણે કે અમુક પત્રમાં જાહેર ખબર આવી છે ને તેમાં જે ગુણ વર્ણવ્યો છે તેટલો જ ગુણ તેમાં હશે, તો તેમાં કોની ભૂલ? આ પ્રકારમાં તો વાંક વિધાત્રાનો છે એમ કહિયે તો ચાલે.

સાધારણ માણસોને ખાવાની દવા જુદી અને રાજા રજવાડાને ખાવાની જુદી એમ કાંઈ હોય? હાંરે ભાઈ! રાજા રજવાડાને ખાવાની ભૂકી તો વળી જુદી. એ ભૂકી તો સુનાની થાય છે! એમાં હીરા, માણેક, મોતી, કેસર, કસ્તુરી, અંબર અને ચંબર વિગેરે અણમોલ દવાઓ પડે છે! "ચંબર" તે શું હશે? તમે ભુલ્યા, "ચંબર" તે શું એ તમે ન સમજ્યા? દિલગીર છું કે તમે આ માટે પ્રશ્ન પૂછો છો? તમે આવી કીમતી દવાના મોં માગ્યા દામ આપીને એક વખત ખરીદ કરી લો ને વાપરો. દવા કેમ વાપરવી તે માટે દવા જોડે રાખેલી વિધિ વાંચી જાઓ, ને તે પ્રમાણે ચાલો. સાંઢાનું તેલ ચોળો! તમે કોઈ જાતનો સવાલ પુછશો નહિ. તમારે પાડાપાડી સાથે કામ છે કે દુધ ખાધા સાથે? તમારે ઘોડા જેવા થવું છે, ઘોડામાં જેટલું બળ છે તેટલું બળ જોઇએ છે ત્યારે તે પ્રમાણે આ ઘોડાબળ દાયક દવાના દાનમાં સવાલો પૂછીને કેમ માથું પકાવી નાંખો છો? આ દાનનો લાભ લો.

તમે સમજતા હશો કે અમે પૈસા આપીએ છીએ, પણ એવાંએ કેટલાંક દરદો છે કે તે મટાડનારની કીંમત જ નથી.

સન્નિપાત, ત્રિદોષ મટાડનાર કોઇક જ પ્રતાપવાન હોય છે અને તેને શું ન આપી શકાય ? એને આત્મા આપી દેવામાં પણ હરકત નથી તો પછી દ્રવ્ય–પૈસાની વાત ક્યાં રહિ ?

આ તો દરદ મટાડનારની વાત છે પણ દરદ મટે કે દરદી મરે તેની અમને ક્યાં પરવા છે? ઘોડાબળ આપનારો ઝરો (હું કહું છું કે છરો) વાપરો, પૈસા ખરચો, ને પછીની વાત પછી. કોઇએ અક્કલ ઠેકાણે રાખીને કે પછી તે બીજી જગોએ મુકી આવીને ગુજરાતને માથે ખોટી રીતે લાગુ કરી દીધેલી, " ગાંડી ગુજરાત આગેસેં લાત, પીછેસે બાત " ની જે કહેવત આખી ગુજરાતને માથે ઓરાઢી દીધી છે. તે કહેવતનું પુનઃ પુનઃ સ્મરણ થાય છે. આ કહેવત કોણે ને ક્યારે ઉદ્ભવાવી તેની મને ખબર નથી, પણ મને ઘણી જ દિલગિરી થાય છે અને તેથી મારે આગ્રહ સાથે આગેવાનોને વિનવવાની જરૂર પડે છે કે જો આ કહેવત " ગરવી ગુજરાત, આગેસેં મીઠી બાત ઔર પીછીસેં મુલાકાત " ના સારા અર્થમાં ફેરવવાને તેઓ તૈયાર થશે તો ઘણો જ આભાર થશે. પણ આની મને આશા નથી.

" સબ સબકી સમાલિયો, મેં મેરી ફોડ લેતા હૈં " જેવું થઇ પડયું છે. કોણ કોને કહેવા જાય ? મારે હવે કહેવાની જરૂર પડે છે કે ડોળઘાલુ ધુત્તા વૈદોના ઘોતાળપણાથી બચવું ઘણું કઠિન કામ છે. તેમનામાં વાચાલુતાનું જોર ઘણું હોય છે, અને તેઓ પોતાનું જીવન ઘણી જ ભેદભરેલી રીતે ગુજારે છે, અને આ સઘળાનો અંત તો જ્ઞાનનો સૂર્ય ઉગે તો જ આવે. અગર તો સરકાર આની તપાસ કરે તો જ થાય.

મને ભય રહે છે કે લીલા ભેગું સુકુંએ શેકાઈ જશે અગર બળીને ભસ્મ પણ થઇ જશે, પણ નિરુપાય, શું કરવું ? કયે રસ્તે આ આજકાલના વૈદોને નામે ચાલતી બદી અટકાવી શકાય? મારી પાસે એવા તો ચોંકાવનારા દાખલા છે જે હું વખત આવતાં નિર્ભયતાથી પુરવાર કરવાની શક્તિ સાથ જાહેરમાં મુકીને સમજુ વાચક વર્ગને અજાયબી ઉપજાવે અને ક્ષણભર વિચાર કરવામાં રોકાય એવી સ્થિતિમાં મુકીશ કે જે તે વખત આવ્યે જ જણાશે. હજુ હું ફરીથી કહું છું કે દુનિયા ઝુકતી હૈ ઔર ઝુકાનેવાલા ચાહિયે !

વૈદ્ય અને ગાંધીનું સૈયારૂં. તે પ્રમાણે વૈદ્ય અને ડાક્ટરનું સૈયારૂં કોઇએ

જોયું આ જાણ્યું છે? વૈદ્ય કે ડાક્ટર સરકારી નોકરો હોય તો પણ પોતાની નોકરીના વખત પછી ખાનગી દવા કરે છે! સરકારે પણ તેમ કરવાની તેમને છુટ પણ આપી છે, પણ તે આજકાલ કેવા રૂપમાં ફેરવાઈ છે? આ છુટનો કેવો ને કેટલો ખોટો લાભ લઈ શકાય અને તેથી પ્રજા ને સરકાર ઉભયની લાભ છે કે હાનિ? આ પ્રશ્નો અગત્યની ચર્ચાને જન્મ આપે છે, અને એ ચર્ચા ઉપર સરકારે ખાસ ધ્યાન રાખવાની ઘણી જરૂર છે એમ કહ્યા વગર ચાલતું નથી.

વાંચકો! વૈદ્ય ગાંધીનું સૈયારૂં તે શું એ જાણવા તમે આતુર હશો. ચાલો, હું તે આગળ ચલાવું છું. દરદીનું દરદ મટે અને તે ઘોડા જેવો ઝટ લઇને થઈ જાય એવી ઇંતેજારી વૈદ્ય કે ડાક્ટરને ન હોય એવો ગંભીર આરોપ મુકવા ઇચ્છત જ નહિ પણ આ વૈદ્ય અને ગાંધીના સૈયારાવાળા ઔષધોપચારમાં દરદીનું દરદ જ લંબાય છે, તેનું દરદ જલદીથી મટે એવી સઘળી ઇંતેજારી બેઉ વૈદ્ય અને ડાક્ટરની હોવા છતાં તે કેમ લંબાય છે? આપણામાં કહેવત છે કે "ઝાઝી સુયણીએ જણતર વંઠ્યું." જેવો પ્રકાર થાય છે, ને દરદીનું દરદ લંબાય છે.

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૧૫, તા. ૧૨ મી એપ્રીલ સને ૧૯૧૫.

આજ કાલનું વૈદું.

(૭)

અમુક ડાક્ટર કે વૈદે અમુક દરદો મટાડયાં તેના દાખલા ટાંકી બતાવીને પોતાને કૃતકૃત્ય થયેલા માને એ તો જાણે ઠીક છે, પણ પોતાની દવાથી કેટલાને મટયું નહિ, કેટલા મરી ગયા, કેટલામાં ગફલતી થઈ, અને કેટલામાં વૈદ ગાંધીનાં સૈયારાં જેવું કર્યું તે બતાવવાની શું તેઓ કૃપા કરશે? દુનિયાના નિયમ પ્રમાણે "આવ કોવાડા પગપર" એવું તે કોઈ કરે? ફલાણા દરદીને, તેમાંએ વળી જો દરદી આબરૂદાર ને જાણીતો હોય તો બેડો પાર, જાણે તીર માર્યું હોય તેમ ફલાણાભાઇની દવા, ફલાણા ફલાણા વૈદરાજ, વૈદશાસ્ત્રી, વૈદકવિ, વૈદજોષી, માહાવૈદ ઇત્યાદિએ કરી, અગર એવાઓની જાહેર ખબરીયા દવા ખાધી તેથી દરદ દફે થઈ ગયું! એમનાં પ્રમાણપત્રો જાહેરમાં આણ્યાં એટલે બસ અશ્વનીકુમારનો અવતાર દુનિયામાં પ્રકટ થયો! મેં કહ્યું છે કે કાકતાલિય ન્યાયના જેવું ઘણી વખત થાય છે,

ને જ્યારે એવું થાય છે ત્યારે મટાડ્યાના દાખલા આપીને ફુલાવું તેના કરતાં આખા વર્ષમાં પોતાના અનુભવમાં જે જે દરદ અને દરદીઓ આવ્યાં તેનું એક પત્રક તૈયાર કરીને નામદાર સરકાર જેમ રાજ્યવ્યવસ્થાનો રીપોર્ટ બહાર પાડે છે ને તે ઉપર જેમ પોતાનો છેવટનો ઠરાવ પસાર કરે છે તેમ જો હમણાંના—આજકાલના વૈદો કરે તો કેવું સારૂં? કેટલા દરદી આવ્યા, કેટલાને કેટલા વર્ષનું દરદ લાગુ પડવું હતું, તેણે કેટલાની દવા કરી, દરદ કેવું ને કેટલું જુનું હતું, પોતે તેની કેટલો વખત દવા કરી, પૈસા કેટલા લીધા—મને ઇન્કિમટેક્ષ કલેકટરની બીક લાગે છે કે રખેને તેઓ ટેક્ષ લેવા તૈયાર ન થાય—તેને કેવો ને કેટલો આરામ થયો, તે પણ હારી થાકીને બીજે ગયો કે મટયું ત્યાં સુધી પોતાની જ દવા કરી. દરદીનું નામ ઠામ ઠેકાણું ઇત્યાદિ.

આટલું બધું કરે કોણ? સઘળા માહાવૈદ! નાના વૈદ થવાની કોઇને યે ઇચ્છા નહિ! વૈદ—ગાંધીનું સૈયારૂં. તે શું? અમુક દરદી જો ઇંગ્રેજી દવા ના ખાતા હોય ને તેને ત્યાંથી જો ડાકટરને તેડું આવે તો ડાકટર સાહેબ જાણતા જ હોય, અને જો ના જાણતા હોય તો ખબર કઢાવી રાખે, કે એ દરદી કયા વૈદની દવા ખાય છે ને પછી પોતે દરદીને ત્યાં જાય. ડાકટર સાહેબ આવ્યા તે શી મોટી વાત! માનપાનની કમીના નહિ. દરદી ખુદ અને તેની આજુબાજુના આપ્તજનો દરદીનું દરદ જલદી મટે એવી ઇંતેજારીથી તેમના તરફ એટલો બધો સદ્ભાવ બતાવે કે જાણે પ્રભુ પધાર્યા!

આ પ્રભુજી દરદીની સ્ટેથેસ્કોપથી પરીક્ષા કરે! દરદીને આમતેમ પથારીમાં ફેરવે, આંગળીના ટકોરા મારી જુવે, દરદ જો ગંભીર હોય તો સમયને અનુસરતાં સુકોમળ વચનો ઉચ્ચારે, અને જાણે એક બચ્ચું રમાડતા હોય અગર તો બચ્ચાંની જોડે જેવી ને જેટલી મૃદુ વાણી વાપરતા હોય તેવો સઘળો ઠાઠમાઠ કરે—જો કે તેમનું કાળજું તો વજ્ર જેવું જ હોય.

થોડા—ઘણા પ્રશ્નો પૂછે. શું ખાધું—શું પીધું વિગેરે પુછી ઠંડે કલેજે કહે કે હું તો દરદ પરખી ચુક્યો છું પણ તમે કાંઈ અમારી દવા ખાશો નહિ; તમારો કોઠો અંગ્રેજી દવાનો નથી, તે હું દેશી ય દવા તમને બતાવું; પણ તમારા હમેશના વૈદ હોય (અમુક વૈદ કે જે એ દરદીને ત્યાં આવતો હોય તેને બોલાવવાની સૂચના કરીને કહે કે) તેમને બોલાવો. તે અને હું મળીને વિચાર કરીને દવા આપીશું. દરદના શા ભાર છે? આવાં દરદો તો અમારા અનુભવમાં ઘણાં યે આવ્યાં છે. ગભરાશો નહિ. આઠ દિવસમાં આરામ થઈ જશે." વિગેરે દિલાસાના બે બોલ કહે કે સઘળાને વિશ્વાસ પડે ને તુરત

પેલા મહાવૈદને ઘેર તેમની પધરામણી માટે ગાડી લઇને માણસ દોડે. થોડી વારમાં મહાવૈદ્ય પધાર્યા. તેમણે દરદીને જોયો. ડાકટર ને વૈદ એઉ મળ્યા, ને પરસ્પરમાં વાતચીત કરી લે. તુરત જ ડાકટર ને વૈદ્ય વિચાર કરીને વૈદ્ય પાસે દવાના નામ બોલાવે. વૈદ્ય કહે કે આ દરદ તો મહાગંગાધર ચૂર્ણથી મટે તેવું છે. કેમ ડાકટર સાહેબ! બોલતા નથી? ડાકટર સાહેબ જરા વિચાર કરવા જેવું ડોળ કરીને કહે કે હા, બરાબર છે અને એ જ દવાથી (અમુક દરદીનું નામ દેઇ) અમુકને મટયું હતું! પણ એ ચૂર્ણ તમે તૈયાર રાખો છો કે ઘેર જઇને તૈયાર કરવાનું છે? વૈદ્ય વદે કે નારે સાહેબ, ચૂર્ણાદિ દવાઓમાંથી અમુક મુદ્દતમાં ગુણ જતો રહે છે તેથી અમે તો તાજી વનસ્પતિ સંઘરી રાખીએ છીએ. અમે તો પેલા પ્રેમચંદ ગાંધી કે જે તાજી દવાઓ રાખવાને માટે જાણીતા છે તેમને ત્યાંથી દરદીની પાસે જ અગર દરદીના માણુસ પાસે જ મંગાવી તે ચૂર્ણ કેવી રીતે કરવું તેની વિધિ બતાવી તે કેમ ખાવું ને કેટલી વખત ખાવું તે બતાવી દઇએ છીએ. આજ કાલ દિવસ ખોટા છે અને જો દરદીને કાંઇક વત્તું ઓછું થયું તો જવાબદારી આવે, માટે અમે તો આવો રસ્તો રાખ્યો છે! કેમ તમે શું ધારો છો!

ઘણી જ મઝાની વાત! વૈદ્ય અને ડાકટર કહે કે ત્યારે તમે જે ચૂર્ણ કહ્યું તેમાં જેટલી ઔષધિઓ આવતી હોય તેની ટીપ કરો ભાઇ! એમ એકાદ પાસે ઉભો હોય તેને કહે. તુરત ટીપ થાય ને પેલા પ્રેમચંદભાઈ ગાંધીને ઘેર દવા લેવા માણુસ જાય. ગાંધીભાઈ કાચા હોય નહિ. તેમના હાથમાં દરદીના માણસે આપેલી ટીપ આવી એટલે એકદમ જોઈ જાય. આવી ટીપોની વાટ જોતા જ ગાંધી રાજ બેઠા હોય. તે જ્યારે હાથમાં આવી કે તુરત જ અસાધારણ ઉતાવળ અને ચાલાકીથી મજુરની પાસે ટીપમાં લખેલી ઔષધિઓ કાઢવાની આજ્ઞા આપે. મજુર પણ કાંઈ ગાંધીથી ઉતરે એવો નહિ. એ ભણેલો તો બારા સુધી, પણ ગાંધી જેટલું જાણે નહિ તેથી બમણું જાણે! એની આકસ, બાકસ, કણજી મૂળ ઓળખવાની શક્તિને વૈદ્ય, ડાકટર ને ગાંધી પહોચે જ નહિ. જો મેથી કહી હોય તો મરી બાંધી આપે!

એટલામાં જ, ગાંધીભાઈ પોતાનું ગજવું કેવી રીતે ભરવું તેની વિદ્યા તો તે પોતે ભણેલા જ હોય એટલે, માણસને કહે કે ભાઇ! આ ટીપમાં સાટોડી લખી છે તે મળે તેમ નથી. તે ઓળખવી ઘણી કઠિન છે, અને ખરી દવા જોઇતી હોય તો મેં મંગાવી છે તે બે ઘડીમાં આવતી હશે પણ

એનું મૂલ ભારે પડશે. અમે ખરી દવા જ્યારે અમારી પાસે નથી હોતી ત્યારે જે, દવા જેટલું જ કામ કરે તેવી બીજી દવા—પ્રતિનિધિ—જેને ઔષધ-પ્રતિનિધિ કહે છે તે આપીએ છીએ, ને એવી દવાથી અસલ દવા જેવું ને જેટલું જ કામ થાય છે તેથી તે દવા લઇ જાઓ.

દરદીનું માણસ ગભરાય કે આ વળી ઔષધ પ્રતિનિધિ શું? તે તુરત પાછો જાય ને વૈદ્ય ને ડાકટરને, ગાંધીને ઘેર બનેલી હકીગત કહિ પુછે કે શું કરવું! એઉ કહે કે પ્રતિનિધિ તે પ્રતિનિધિ. આપણે તો અસલ દવા જ જોઇએ, ને તેનું જે દામ બેસે તે આપીને લાવો. આ ઉપરથી એવો કિયો દરદી કે દરદીનો માણસ હોય કે અસલ દવાને બદલે પ્રતિનિધિ લાવો કહે?

વાચકો, તમે અજબ ન થશો. મેં કહ્યું છે કે સમયને અનુસરતું બોલતાં અને સામાને ગળે ઉતારતાં આવડયું તો તમે આખી દુનિઆમાં—જ્યાં જશો ત્યાં—પોષાશો અને માનપાન મેળવશો, પૈસા મેળવશો એ તો જુદા. પણ જો તમે બહારની ટાપટીપમાં ભુલ્યા, તો ધક્કે ચઢશો ને કોડીના થઈ પડશો. એવા કેટલા વૈદો ને ડાકટરો દુનિયામાં છે કે જેઓ વૈદક શાસ્ત્રના સઘળા નિયમો પાળે છે! હું કદાચ એમ કહું કે તે પ્રમાણે પળાતું નથી તો એ મારી ભૂલ થાય છે. ભલાભલી પૃથ્વી છે. સઘળા કાંઇ દે દાળમાં પાણી જેવું કરતા હશે એમ નથી. એવાએ ડાકટરો ને વૈદો છે કે તેઓ દરદ મટાડવાની ખાત્રી જ રાખે છે, ને પૈસા તો મોં માગ્યા જ લે છે. એવા પૈસા આપનારાએ ન્યાં છે ને એવા ડાકટરો પણ ક્યાં છે?

અમુક ડાકટર કે વૈદને ત્યાં ઘણાં દરદી આવે છે, તેમને બિલકુલ વખત મળતો જ નથી. એક દરદીના દરદના સંબંધમાં એક બે મિનીટ પણ તેમનાથી રોકાતી નથી છતાં સઘળાને તેઓ દવા આપે છે. ગામમાંથી દરદીને જોવા માટે તેડવા આવે તેમને જોવા પણ જાય છે. એક દિવસમાં એવા દશ ઠેકાણેથી તેડું આવે તોયે ફિકર નહિ. વૈદ કે ડાકટર દરદીને જોવા ગયા વગર રહે નહિ. તેમ જ દરદીઓ ડાકટર કે વૈદના ઘર પાસે જ કાંઈ રહેતા નહિ હશે કે જાણે તુરત જઇને તેમની પરીક્ષા કરી—કરાવી આવે. એક રહે ઉત્તરમાં તો બીજો દક્ષિણમાં, અર્થાત્ ઘણે દૂર રહેતા હોય. જવા આવવામાં કેટલો વખત જાય છે? દરદીને તપાસવામાં કેટલો વખત જાય છે! પોતાના દવાખાનામાં જે સંખ્યાબંધ દવા લેવા આવતા હોય તે સઘળાનું સાંભળીને ઘટતા ફેરફાર સાથે દવા આપવી! આ સઘળું કામ વૈદ ને

ડાક્ટર પોતાના પંડપર જ રાખે છે. તેમને ત્યાં દવા મેળવનારા તો હોય છે પણ તેઓ કાંઈ વૈદ કે ડાકટરની ગરજ સારે નહિ. જો કે તેમની માહા વિદ્યા તો તેમના ખાનગી વખતમાં જ વપરાય છે.

આટલું બધું કામ વૈદ ને ડાકટર એકલે હાથે કરે છે! વાંચકો! તમે વિચાર કરો કે તેઓ કેવી રીતે સઘળાની દવામાં પહોચી વળે? કદાચ એવો જવાબ વાળવામાં આવે કે સેંકડે ૯૦ ટકાને તો દરરોજની દવા જ ચાલુ રાખવાની હોય તેવા હોય છે. બે ત્રણ ટકા જેટલા દરદીની હકીગત સાંભળી વિચારવા જેવા હોય છે, ને બાકીના દરદીઓ પાછળ બહાર જોવા જવાનું વિગેરે હોય છે. તકરાર બંધ કરવાને ખાતર માનો કે એ દલીલ કદાચ ખરી હશે, પણ તમે હિસાબ કરી જુવો કે એ ન્યાયે પણ તેમને દરદીની હકીગત સાંભળવા જેટલો પણ વખત મળતો નથી. કેમકે સવારના ૮ થી ૧૨ વાગતા સુધી જ દરદીની દવા કરાય છે. દેશી વૈદું તો દિવસના પહેલા પહોરમાં જ દવા લેવાની આજ્ઞા આપે છે. અંગ્રેજી પણ કાંઈ દુનિયાપારની દવા નથી-પણ અંગ્રેજી દેશના નિયમોવાળી હોય છે, પણ તેમાં દેશકાળ અને દરદીના બલાબલ ઉપર વિચાર કરીને તેમાં ઘટતો ફેરફાર કરવાની જરૂર પડે છે. આવી સંકડામણ છતાં વૈદ ને ડાકટરની ઘરાકીમાં વધારો થતો જ જોવામાં આવે છે. મેં કહ્યું છે કે વૈદ ગાંધીનું સૈયારૂં, તેમ જ વૈદ-ડાકટરનું પણ સૈયારૂં પરાપૂર્વથી ચાલ્યું જ આવે છે, અને સઘળા આ સૈયારામાં થોડા યા ઘણા પ્રમાણમાં ફાવ્યા છે એમ મારૂં કહેવું નથી. કેટલાક તો એવા જ છે કે તટસ્થ ને પરવા વગરના. અર્થાત્ વૈદ્યમાં જે સઘળા ઉત્તમ ગુણો જોઇએ તેવા.

“ગુજરાતી” પુસ્તક ૩૫, અંક ૧૬, તા. ૧૯ મી એપ્રિલ સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૮)

વૈદ અને ગાંધીના સૈયારાની વાત જાણી. હવે વૈદને ડાકટરનું સૈયારૂં કેવી રીતે થતું હશે તે જાણવા જિજ્ઞાસાવાળાને એ વાત પણ જણાવવી જરૂરની જણાય છે. મારી જાણમાં ઘણે અંશે એવું આવ્યું છે કે દેશી વૈદાને નામે અંગ્રેજી દવાઓનો ઉપયોગ ઘણી જ છુટથી કરવામાં આવે છે. કારણ ગમે તે હશે, પણ એ દવાઓ તૈયાર, તેને વાપરવાની વિધિ પણ ઘણી

સહેલી, તેમ જ તે ઘણે ભાગે ગુણ કદાચ ન કરે તો સમજીને નિયોજવામાં આવે તો અવગુણ કરે નહિ તથા નિર્ભય રીતે તે દરદીને દેશી દવાને નામે આપવામાં આવે તો ભયની આશા નહિ.

દેશી દવા તૈયાર કરવાની કડાકુટ જબરી છે. વૈદ બન્યા પણ દવાને ઓળખવાની વાત ઘણે ભાગે વૈદો જાણુતા હશે એવું મારૂં મન કહેતું નથી. ગાંધીઓ પેઢીઉતાર, વાઘરીયો પાસથી કાષ્ટ અને વનસ્પતિની દવાઓ મંગાવી, ઘરડીયા જેને જે નામથી ઓળખે ને વાઘરી વિગેરે લોકો પણ પેઢીઉતાર અમુકના ઓળખાવ્યાથી નજરથી મનમાં જેનું ચિત્ર જેમ ચિત્રાયું હોય તે વિના બીજી કોઈ પણ નિશાનીથી ઓળખતા નહિ જ હોય તેવાઓ, આણી આપેલી દવા ઉપર જ ભરોસો રાખીને દવા બનાવે, અને આજના જમાનામાં દુધમાં પણ જેઓ પોરા જોતા હોય તેમની બત્રીશીમાં ચઢવું ન પડે, ને રખેને લાલીને સાટે વહાલી વધેરાઈ ન જાય તે ન્યાયે જો વિદેશી–અંગ્રેજી દવા વાપરે તો તેમાં તેઓ ઠપકાને પાત્ર ન ઠરે. પણ જેઓને અંગ્રેજી દવાને નામે જ સૂગ હોય તેમને છેતરવામાં આ દવાનો ઉપયોગ તેમના ગજવાને ભારે બનાવે તેમાં કશોએ સંદેહ નથી.

હું ઘણી વખત કહિ ગયો છું કે ઘણો ભાગ બીજા ઉદ્યમની આવડત વગર, વૈદાનો ધંધો લેઇને ખરા વૈદાને માથે છીણી મુકવા બેઠો છે, અને તેઓએ હવે મર્યાદા મુકી દીધી છે. તેઓ પોતાના પેટ માટે જોઇએ તેટલા જ પૈસાની ખાતર, સાધારણ વગર વિષની દવાઓ કરીને પોતાનો ગુજારો કરવામાં આનંદ નથી માનતા, પણ તેઓને એકદમ અશ્વનીકુમાર થવું છે. તેઓ રસાયનાદિ વાપરવામાં અને દરદીઓને આપવામાં પોતાની ગંભીર ફરજ ભુલી જઇને અપક્વ ધાતુઓનો છુટથી ઉપયોગ કરે છે, કરાવે છે, અને તેનું ઘણું જ ગંભીર પરિણામ આવેલું મેં ઘણે ઠેકાણે જોયું છે.

કેવળ નિરક્ષર વૈદ અને ઘરણઘેલો દરદી–આ બેઉની વાતો, વાચકો! હું તમને શી કહું? પ્રભુ તોબા, આ બેઉનાથી. પેલા વૈદરાજ ગજમેલ–ગજવેલ–પોલાદની ખાખ આપે અને એમનો દરદી ગજમેલ લે! આ તો ઠીક છે કે ગજમેલ છે, પણ પારો વિગેરે કે જેના ઉપયોગથી તે શરીરની બહાર ફુટી નિકળીને એવા ભયંકર વ્રણને શરણ થયેલા દરદીઓ મેં જોયા છે કે તેમને ઘોડાબળ મળવાને બદલે મરણ શરણ થવાનો વખત આવ્યો છે.

આવા વૈદો જ્યારે કામ કથળે ત્યારે એકાદ કંપૌંડર, મેડીકલ સ્કુલમાં પાસ થયેલો ડાક્ટર, કે કાંતો યુનિવરસીટીની પરીક્ષામાં પસાર થયેલા ડાક્ટરની

ઓળખાણ કાઢીને તેની દવા લેવાને પોતાના દરદીને એવું કહિને લલચાવે કે ભાઈ મેં તો તમારી દવા ખંતથી કરી, પણ તમોએ કરી બરોબર પાળી નહિ ને મારી દવા બરોબર ખાધી નહિ, વળી જીભનો સ્વાદ તમે છોડયો નહિ, માટે (અમુક ડાકટરનું નામ દેઇને) હવે તો ડાકટરની દવા લો કે તેઓ હમણાના સુધારા પ્રમાણે તમારા શરીરમાં વ્યાપી ગયેલું વિષ ઘણા જ થોડા વખતમાં કાઢી નાંખશે ને પાછા થોડા જ દિવસમાં ઘોડા–ગધેડા–જેવા કરી દેશે.

ઘરણ–ઘેલો દરદી જાણતો નહોતો કે પરિણામ કેવું આવશે. તેને તો ગજમેલ ખાવી હતી તેમાં તો ગજમેલ ગળામાં પેશી ગઇ. એ તો અકળાયેલો તો હોય જ. પછી ઝખ મારીને ડાકટર સાહેબની દવાનો લાભ લેવા જાય. ડાકટર પણ શું કરે? કામ કથળ્યા પછી દરદી દવા કરાવવા આવે. પોતે થોડા દિવસ ઉપચાર કરીને રોજ ચાર ચાર આના ચઢાવે. પખવાડિયું થાય, પણ દરદીનું દરદ જો વધ્યું તો એ પણ છુટી પડે કે દવા ખાવ, એકદમ કાંઈ દરદ મટે નહિ. દરદ આવે ઘોડાને વેગે ને જાય કીડીને વેગે સમજ્યા, હમારાથી બને તેટલી તજવીજ કરીને તમને સારી દવા આપીએ છીએ. તમારે માટે તો અમોએ ઘણાં જ પુસ્તકો વાંચી જોયાં, પણ તમારૂં દરદ તો શરીરમાં વ્યાપી ગયું છે તેથી તે ધીમે ધીમે મટશે. ઉતાવળે કાંઈ આંબા પાકે છે?

દરદી શું કરે? તેને મૂર્ખ કહો કે કમ અક્કલ કહો, તેનો તેને લાભ મળે જ. પૈસે ટકે ખુવાર થાય તે તો જાણે સમજ્યા કે જે મહેનત કરીને ફરીથી મેળવાય પણ શરીરમાં પેઠેલો રોગ જો ન નિકળ્યો તો રીબાઇને જ મર્યા વિના બીજો છુટકો શો? કોનો દોષ? વૈદ ડાકટરને રળાવે એમાં નવાઈ શી? વળી બીજી નવાઈ પણ જાણવા જેવી છે. કપાળે કપાળે મતી, એ ન્યાયે ડાકટર, વૈદ અને બીજા બધા કાંઈ એકના જેટલી ને જેવી જ અક્કલ ધરાવતા નથી. તેમનામાં પણ ઓછીવત્તી અક્કલ હોય છે, અને એ જ્યારે એક ડાકટર કે વૈદથી અમુક દરદીને મટવામાં વિલંબ થાય અગર દરદમાં વધારો થતો જોવામાં આવે તો માથેથી ઉતરતી સગા બાપની કરવામાં પણ કાંઈ અડચણ એક બીજાને હોતી નથી એમ કહેવામાં આવે તો મને નથી લાગતું કે તેમાં કોઈ મારી ભૂલ કાઢશે?

દરદીને કહેવામાં આવે કે ભાઇ! મેં તો ઘણી કાળજીથી દવા કરી, પણ મારી ધ્યાનમાં એવું આવે છે કે એકથી ભલા બે. એમ કહિને પોતાના

એક બે ધંધાદારી મિત્રોનાં નામો બતાવે કે તેમને પણ આપણે આ દરદના સંબંધમાં પૂછીને અભિપ્રાય લઇએ. જોઇએ અમારો પરસ્પરનો શો મત થાય છે. મારી તો ખાતરી જ છે કે આપણી (અર્થાત્ પોતે કરતા હોય તે) દવાથી તમને ખચિત આરામ થશે. પણ કપાળે કપાળે જુદી મતિની વાત છે.

દરદી વળી કોઈ દિવસ આ સૂચનાની ના પાડે ? તુરત જી હા, બોલાવો–પણ જો પોતે ગરીબ અને અજાણ્યો હોય તો પુછે કે શું તેઓ એમને એમ–મુફત આવશે ? ઉત્તર–નારે ના, એમનો કીમતી વખત ખોઇને કાંઈ આવે ? આતો મારા દોસ્તદાર છે ને જો હું ચીઠી લખીશ તો તેમનાં હજાર અગત્યનાં કામ હશે તો યે પડતાં મુકી આવશે, પણ ફી તો લેવાના જ. ને વળી તેમને બે રૂપીઆ વધારે આપવા પડશે કેમકે તમે ગામથી ઘણે દૂર રહો છો. તે તમને જોવા આવે ને પાછા ઘેર પધારે તેમાં ખાસા બેત્રણ કલાક જાય તે કાંઈ મુફત આવે ?

ઝખ મારી–મનમાં બબડે, ગજવું તપાસે–ગજવામાં કે પેટીમાં ન હોય તો ઉછીપાછીનું કરો, પણ વૈદને શું ? વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો એ ન્યાય ! વૈદ્ય, વકીલ ને વેશ્યા: રોકડિયાં. ગરીબ દરદી, તારા યે ભોગ લાગ્યા કે તું આ ફસામણમાં હાથે કરીને આવી પડયો.

હવે બનવા કાળ તે બન્યું, પણ બીજાને બોલાવવા કે નહિ ? ઝખ મારીને જ તો. તુરત ડાકટર સાહેબ હોય તો તેમને, જો વૈદ હોય તો એમને દરદીની જે પ્રથમ દવા કરતો હોય તે ચીઠી લખે કે ભક્ષ પાકયું છે, જલદીથી પધારો.

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૧૭, તા. ૨૬ મી એપ્રિલ સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૯)

જેની જોડે ઘરોબો હોય–મેળ હોય–સારો પરિચય હોય તેને જ બોલાવાય. ગામમાં તો ઘણાયે ડાકટરો ને વૈદો રહેતા હોય તેમને કે તે પૈકી એકને, ભલે તે પછી પંકાતો ને નામીચો હોય તો શું થયું ? જમણો હાથ મોં તરફ એ ન્યાયે પણ ચીઠી લખીને બીજા ડાકટર કે ડાકટરોને બોલાવાય તો તેમાં શું ખોટું છે ? મેં કહ્યું છે કે દરદીનું દરદ મટે કે તે મરે તેસાથે. વૈદ કે ડાકટરને લેવા દેવા નથી એમ નથી, પણ વ્યવહાર તો સાચવવો પડે. આ લોકો–વૈદો–ડાકટરો–ની યે એક જમાત જેવી વ્યવસ્થા છે. આ

વ્યવસ્થા સચવાય તો બીજી વખતે દરદીના સંબંધમાં પણ, બોલાવનાર ડાકટર કે વૈદને પણ બોલાવે.

ઠીક આ વિવેકની વાત તો સમજ્યા—હવે ચલાવિયે આગળ. ચીઠી જેવી પહોંચી કે તેવા જ, હજાર કામ મુકીને આવવા માટે તૈયાર હોય તેવા ડાક્ટર સાહેબ "તડે તપોદન મોંઘો" એ ન્યાયે તાબડતોબ ચીઠીનો જવાબ વાળે કે "મને તમારો વખત અનુકૂલ નથી. બીજો વખત ઠરાવો, હું જરૂરના ને ગુચવાડાભર્યાં ઓપરેશન કરવામાં રોકાવેલો છું. આજે તો નહિ જ આવી શકાય. કાલે ૧૨ ઉપર ૧ વાગ્યાનો વખત રાખવાને હરકત ન હોય તો તેની ખબર આપજો."

દરદીને જે દરદ થતું હોય તેના નિવારણ માટે ગમે તે વખતે ડાકટર કે વૈદે જવું જ જોઇએ તેમાં પણ આવી આપદા. દરદીના નશીબની વાત છે. ઠીક, કાલ બપોરના ૧૨ ઉપર ૧ વાગ્યો. રાહ જોઇને પેલા ડાકટર સાહેબ બેઠા જ છે. એટલામાં પેલા ડાકટર પણ આવ્યા. ઘરમાં ગાડી રાખે છે, પણ એ ગાડી તો પોતાના ખાનગી વખતમાં વાપરવાની. બપોરનો વખત હતો. ભાડાની ગાડીવાળા વિશ્રામ લેતા હતા, પણ પારકા ગજવા ઉપર જેનો માર પાડવાનો છે તેને મોં માગ્યું ભાડું આપીને દરદી પાસેથી વસુલ કરવાનું કામ કાંઇ કઠિન નહોતું. તેમ જ ગાડીવાળો પણ બેચાર આનાની લાલચમાં વિશ્રાંતિના વખતને પણ ગાંઠે નહિ તેવો. ગાડી જોડી ને એ ગાડીમાં ડાકટર સાહેબ દરદીને ઘેર પધાર્યા.

વૈદ, એક ડાકતર અને એકબીજાની જોડે મળીને દરદીના સંબંધમાં પરસ્પર વિચાર કરવા પધારેલા ડાકટર સાહેબ: આમ ત્રણ જણની કમીટી થઈ. ત્રણ ટીખળ ને હળમેખળ એ કહેવતવાળુ જો ના થાય તો દરદીનું નસીબ. વૈદે ગોખણપટ્ટીવાળી ટાપટીપયા ભાષામાં મિત્ર ડાકતરની જોડે વિચાર તો કરી જ રાખ્યો હતો. નવા આવેલા સૂર્યકાન્ત ડાકતર સાહેબની જોડે વાતચીત કરીને બધી વાત સમજાવી. પછી બધા દરદીના ઓરડામાં ગયા. આવનાર ડાકટરે ચારે બાજુ નજર કરી. એમને, બહારથી પોતે પધારેલા તેથી, ઓરડાની હવા ભારે માલુમ પડી! દરદી ઘણા દિવસથી પથારીવશ ને તેમાં યે વળી દેશી ખાતું તેથી પથારી વગેરેની અવ્યવસ્થા ઉપર ડાકટર સાહેબની નજર ગઇ! દરદીને થોડી જ મીનીટ ઉપર ઝાડો પિશાબ થયેલાં તે તાબડતોબ વગે થતાં હતાં. એ દરમ્યાન પોતાની પધરામણી થઇ ને એ એમના જોવામાં એ આવ્યું! તેમાં યે વળી દરદીનાં એ ઝાડો પિશાબ દુર્ગંધ મારે તેમાં કોનો વાંક?

ડાક્ટર સાહેબનો મિજાજ હાથથી જતો રહ્યો. તેમની સમક્ષ તુરત જ ભુલો આવીને ખડી થઈ ગઈ, અને એ ઉપર એમનું વિવેચનયુક્ત ભાષણ શરૂ થયું. તેઓ હદ–મર્યાદા પણ વટાવી ગયા. પણ કરે શું? જરાક ધીરા પડયા, દરદીને તપાસવા માંડયો, તેના પેટ અને પીઠ ઉપર ટકોરા મારવા માંડયા, સ્ટેથેસકોપ મુકીને તપાસ કરવા માંડી. ઘડીમાં ડાક્ટર સાહેબનું મોં કટાણું ને દિવેલ પીતાં થાય તેવું થવા માંડયું. આજુબાજુનાં પણ ગભ-રાયાં કે હવે શું થશે.

દરદીની તપાસ પુરી થઈ. ડાક્ટર સાહેબ દરદીના આપ્તજન સાથે ન બોલ્યા કે ચાલ્યા. તેમણે પોતાને ચીઠી લખીને બોલાવનાર ડાક્ટર જોડે સાહજસાજ વાત કરી! અધીરાઈથી એકે પુછ્યું કે સાહેબ, કેમ છે? આ-પનું શું ધારવું છે? જવાબના બદલામાં ડાક્ટર સાહેબે એ સેકંડ સવાલ પુછનાર તરફ નજર કરી ને તેનું મોઢું જોયું! ઉત્તરમાં એટલું જ કે, "મારે જે કહેવાનું છે તે મેં તમારા ડાક્ટર સાહેબને કહ્યું છે ને તેઓ સારા ને હુશિયાર છે, ને તેમની જ દવા ચાલુ રાખજો. જરાક ફેરફાર કરવા જેવો હતો તે કરાવ્યો છે જે તેઓ કરશે."

પણ પોતે તો એટલી જ વાટ જોતા હતા કે તેમની ફી કેમ કોઈ લાવીને આપતું નથી, કેમકે એ ઓરડામાં એમનાથી વધારે બેસાય એમ હતું નહિ. એમને જલદીથી એ જગા છોડવી હતી. એટલામાં જ દરદીના ડાક્ટરની ઇસારતે, આવનાર ડાક્ટરની ફી માટે જોગવાઈ કરી. તુરત એક માણસ રૂ. ૪) એવડી ફી લઇને આવ્યો ને ડાક્ટર સાહેબને આપ્યા. તે લઇને તેમણે ગજવામાં સેરવી દીધા ને તુરત જ ગાડી કે જેમાં પોતે બેસીને આવ્યા હતા તેનું ભાડું માગ્યું. એકે પૂછ્યું કે શું? જવાબમાં રૂ. ૨) કહે-વાયું. રૂ. ૨) પણ લીધા ને જેવા આવ્યા તેવા ડાક્ટર સિધાવ્યા. ઘેર ગયા ને ગાડીવાળાને આપવો તો જોઇએ રૂ. ૦ાા પણ વખત, એવખત હતો તેથી ને ફરીથી કામ પડે તો જલદીથી આવે તે લાલચમાં રૂ. ૦ાા ના બદલામાં રૂ. ૧) આપ્યો!

વાંચકો! તમે તાજુબ ન થશો. હજુ ઘણાએ આવા નુખસા છે મે તે મેં પ્રત્યક્ષ જોયા છે, ને તમને આગળ જતાં બતાવી આપીશ કે કેટલા દરદીઓ દરદ મટવાના બદલામાં વૈદ ને ડાક્ટરોની બેપરવાઇમાં મરણ શરણ થતા હશે તે જો તમે તપાસવાની ઇચ્છા રાખતા હશો તો તેવો પુરાવો તમારા હાથમાં નહિ જ આવે. પણ જે વખત જાય છે ને દરદીની સારવાર

જે નિયમે થાય છે તે સઘળું જો તમે ઝીણી નજરે તપાસશો તો તમારા મનમાં તો એ વાત ઉતરશે કે મરણનું પ્રમાણ જે વધારે આવતું જાય છે તેનાં જે બીજાં અનેક કારણો છે તેમાં આવાંએ કારણોની હાજરી છે.

પેલા દરદીનું શું થયું? દરદીને તો તેના ડાક્ટરે જે દવા આપી હતી તે જ દવા આપવાની હતી. વસ્તુતઃ નવા આવેલા ડાક્ટરે કહ્યું કે દરદીનું દરદ ભયંકર છે ને મટવાનો સંભવ નથી. આ સનાનના સમાચાર કોણ કહે? મને એવો એક દાખલો યાદ છે જે મારા પ્રત્યથી અનુભવમાં પણ આવ્યો છે તે હું નીચે આપું છું.

મારા એક મિત્રને પ્લેગ થયો હતો. તેની સારવાર તે દરદના અનુભવીના હાથમાં સોંપવામાં આવી હતી. પ્લેગ જેવા ભયંકર દરદમાં દરદીની સારવાર કરવાનું કામ બીજાને તો ઘણું જ વિષમ થઈ પડે, પણ આ મિત્ર તરફ મારી એટલી બધી લાગણી હતી કે રાતદિવસ તેની માવજતમાં હું હાજર રહેતો. દરદીને પણ મારા ઉપર ભરોસો જ હતો, ને તેની સારવારમાં ડાક્ટર કે વૈદ જેવી ને જેટલી માવજત કરવાની સૂચના કરે તેવી ને તેટલી, જાણે ડાક્ટરના અંતરમાં જે કહેવાનું હોય તેવી, સારવાર કરવામાં અત્યંત કાળજી રાખવામાં આવતી હતી. તે પણ નિર્ભયતાથી. તેનાં સગાં-સંબંધીઓ પણ આવા સમયમાં પ્લેગથી ડર્યાં નહોતાં. સઘળાની ઇંતેજારી તેને જલદી આરામ થાય એ ઉપર હતી. એ દરદના ખાસ અભ્યાસી ડાક્ટરની મોં માંગી ફી આપી ને તેની સારવાર કરી પણ તેથી જંરાયે અસર દરદઉપર થઈ નહિ.

તાવ ઘણો જ રહેતો. છેવટે બરફની ચાદરો ઓરાઢીને ગરમી ઓછી કરવાનો અખતરો કરવાની સૂચના ડાક્ટરે કરી. આશા તો મુકી જ હતી, પણ આ અખતરો અજમાવવામાં દરદીએ સહાનુભૂત થઇને રજા પણ આપી ને એની અજમાયશ કરતાં કરતાં ટુટી તેની બુટી નહિ એ ન્યાયે દરદીના જીવે દેહનો ત્યાગ કર્યો. બનવા કાળ તે બન્યું, પણ એના મરણ પછી ૬ મહિને કે આઠ મહિને દરદીની સારવારમાં ફી પેટે રૂ. ૨) બાકી છે કહિ એક મિત્રે ઉઘરાણી કરી. મારા મિત્રનો લાખ રૂપિયાનો જીવ ગયો તો એ રૂપીઆ તે કાંઈ વિશાતમાં નહોતા; પણ જો હું ભુલતો ન હોઉં તો એની ફી તાબડતોબ આપી દેવામાં આવતી હતી ને મારે સ્પષ્ટ શબ્દોમાં કહેવું જોઇએ, એક પાઇ પણ બાકી રાખવામાં આવી નહોતી.

વાંચકો! તમોને સઘળી જાતની છુટ છે–તમે વિચાર કરો. વિચાર કરીને તનદુરસ્તીના નિયમો પ્રમાણે ચાલો, દુનિયાના મોહક વિષયો ઉપર

ધ્યાન ન આપો. જો નિયમિત રીતે ચાલશો તો તમારે વૈદ કે ડાકટરની જરૂર પડશે નહિ. મેં પ્રથમ કહ્યું છે કે વૈદ કે ડાકટર તે એક જ છે. તેથી તેમને નમસ્કાર જ કરવા જોઇએ. કેમકે એમનું જ્યાં સુધી કામ ન પડે ત્યાં સુધી સારૂં. એ પોતે યમરાજના સહોદર છે, પણ જો યમરાજ રૂઠે તો ફક્ત પ્રાણ તાણી લે છે પણ વૈદ-ડાકટર-રાજ તો પ્રાણ અને પૈસા એ બેઉને તાણી જાય છે.

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૧૯, તા ૧૦ મી મે સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૧૦)

મારા એક મિત્રે વાંચતાંની સાથે જ અજાયબી ઉપજાવે એવી એક જાહેર ખબર ઉપર મારૂં ધ્યાન ખેંચ્યું છે. એ કોઈ પણ યુનિવર્સીટીની ડીગ્રી નહિ ધરાવતા ડાક્ટર સાહેબની જાહેરખબર મેં સાદ્યંત વાંચી જોઈ. ઘોડાબળ ઉપજાવનારી જંગલની જડીબુટ્ટીનો અજબ ચમત્કાર જોવા માટે તેમાં જણાવ્યા પ્રમાણે સાધારણ પોસ્ટમાં પત્ર ન લખતાં ફક્ત રજીસ્ટર કરાવીને લખેલા પત્રો જ લેવાનું તે સાહેબે જણાવેલું હોવાથી તેમ જ જવાબ માટે રૂ. ૧ બીડવાનો હુકમ હોવાથી તથા એ દવા ખાવાથી ૨૪ કલાકમાં ઘોડાબળ મળવાનો ફાયદો બતાવેલો હોવાથી એ ડાકટર સાહેબ જોડે પત્ર-વ્યવહારમાં ઉતરવાનું મને ઘણું વિષમ લાગ્યું તેથી મેં તેમની જોડે તેમની આજ્ઞા પ્રમાણે કર્યું નથી. વળી તેમ ન કરવાને બીજું પણ એક કારણ છે. તે એ જ કે એ કીંગ ઑફ ટોનિક પીલ્સ રાજાઓ માટે ૧૦૦ ગોળીની કિમત સાત ગીની, એટલે રૂ. ૧૧૦ એકસોને સવાદશ રૂપીઆ આપવાના છે. વળી આ તો નં. ૧ ની ગોળીની વાત, પણ તેમની નં. ૨ ની ગોળી ફક્ત અમીરોને માટે ૭૫ ગીની એટલે દર ગીનીના રૂ. ૧૫।।। પ્રમાણે રૂપીઆ **અગીયારસેં ને સવાએકયાશી.** જો આઠ દિવસ અજમાયશ કરવી હોય તો રૂ. ૮૦, સાધારણ સ્થિતિના માટે રૂ. ૩૦૦; આઠ દિવસ માટે રૂ. ૩૦. ગોળી ૧ ની કિમત રૂ. ૫.

આવી ભારે કિમત આપીને અજમાયશ કરવાની તે કોણ કરે ? કિમત તો પ્રથમથી આપી દેવાની. સાધારણ કાગળ આ ડાકટર સાહેબ હાથમાં પકડે નહિ. રજીસ્ટર કરાવેલો કાગળ જોઇએ, અને તે પણ જવાબ માટે રૂ. ૧ મોકલીએ ત્યારે. ખરી વાત છે. આવી દવા તો રાજા, મહા-

રાજા, અને અમીરો જ ખાસ; અને ૨૪ કલાકમાં ઘોડાબળ મેળવે. વળી લખે છે કે, એ દિવસમાં દવા માંગે તેવો ચમત્કાર આપે છે. ત્યારે ૨૪ કલાકમાં ફાયદો બતાવે છે તે શું છે? ચમત્કાર અને ફાયદામાં ઘણો જ તફાવત છે તે હું સમજુ છતાં સમજ્યો નહિ, એ જ મારી મૂર્ખાઈ. આ દવા આખા હિંદુસ્થાનમાં ૧ લે નંબરે વખણાયેલી છે. ગયેલી શક્તિ તથા નબળાઇને દુર કરી લોહીને સુધારી શરીરને એકદમ જાગૃત કરી, પૂરતી તાકાત આપે છે. ૬૦ વર્ષના બુઢ્ઢાને પણ પુરતી તાકાત આપે છે.

આ ડાકટર સાહેબે ઘણું જ સારૂ કામ કર્યું છે. ૬૦ વર્ષના બુઢ્ઢાઓ, તમે હવે જાગો. જો જરા જેટલી યે તમારી ઇચ્છા હોય કે તમારે ઘોડાબળ મેળવવું છે તો તમે દોડી જાઓ આ ડાકટર સાહેબ પાસે. પણ પ્રથમ તમારૂં ગજવું તપાસજો કેમકે રૂ. ૧૧૦।, રૂ. ૧૧૮૧।, રૂ. ૩૦૦, એ પ્રમાણે તેની કિમત પડે છે.

આ દવાના ઉપયોગથી શરીરના કોઈ પણ ભાગની નસો ઢીલી પડી ગયેલી હોય તે એકદમ તેજ અને જાગૃત કરી જાડી બનાવે છે, કમરમાં થતું દરદ (?) જઠરાગ્નિ મંદ, ઝાડાની કબજીયાત, મગજ ખાલી, આંખે અંધારાઃ એ સર્વે રોગને દુર કરી તબીયત એકદમ સુધરે છે.

ઢીલી પડી ગએલી નસોવાળા ભાઇઓ તમે જાગો. તમારી ઢીલીપડી ગએલી નસોને એકદમ ખેંચી તંગ કરે ને વળી જાડી લઠ્ઠા જેવી કરે એવી દવા તમને સ્વર્ગમાં પણ મળશે નહિ. આ તો આ ડાકટર સાહેબે તમારા ઉપર કૃપા કરી છે. તે આટલી ભારે પણ કિમ્મત લઇને તમને દવા આપવાની ઉદારતા બતાવે છે. આવા પરોપકારી પુરુષ વિરલા જ છે. આવો વખત ચુકશો તો પસ્તાશો. તમારી નસો તંગ કરનારો ને જાડી કરનારો ડાકટર દુનિયાભરમાં બીજો કોઈ પણ નથી. ઘર વેચો, બાર વેચો, ને તમારી ઢીલી પડેલી નસોને તંગ કરાવો, કેમ સમજ્યા?

મારૂં ધ્યાન ખેંચનાર મિત્ર, આ ડાકટર સાહેબને ઓળખે છે તે કહે છે કે, તેમણે ડાકટરી પરીક્ષા આપી કોઈ પણ યુનિવર્સીટીની ડાકટરી ડીગ્રી લીધી નથી, તેમ જ તેમની નસો જાડી નથી. તેઓ પોતાની દવામાં જે ગુણ વર્ણવ્યા છે તેવી તાકાત મેળવેલા જણાતા નથી. તો મારો પ્રશ્ન એ છે કે, ગમે તેમ હોય, પણ તેમણે પોતાની દવા પોતાની જાત ઉપર ઉપયોગ કરવા બનાવી નહિ હોય, વળી જંગલની જડીબુટ્ટીમાં વચ્છનાગ વિગેરે ઝેરી ગુણો છે, ને તે ખાતાં નસો તંગ થઈ જાય છે તેથી દવા યે વાપરી

નહિ હોય, પણ વિષ વગરની દવા વાપરી હશે. છતાં તેમાંથી પોતાની આ અસાધારણ ગુણ ધરાવનારી ગોળીઓ માટે સરકાર પાસેથી કેમ પેટંટ મેળવ્યું નથી ?

મને એમ લાગે છે કે પોતે પેટંટ મેળવવા લલચાયા તો હશે, પણ રખેને આજકાલ અનુકરણિયા નીમહકીમો, ડાક્ટરો ને વૈદો એમની મેળવણી જાણી જઇને તેમાં તેમની પોતાની મગજમારીની એકાદ દવાની ભેળસેળ કરી કામ કથલાવી નાંખે તો શું કરવું ? અર્થાત્ એકાદ એવી જ દવા બહાર પાડે કે આ ડાક્ટર સાહેબની ઘોડાબળ દેનારી દવા જે ૨૪ કલાકમાં ફાયદો બતાવે છે તે ૨૪ ને બદલે ૩૪ કલાક અગર ૪૪ કલાકે ગુણ કરે એવી દવા બનાવીને તેની કિમ્મતમાં ઘણો જ ઘટાડો કરી નાંખીને વેચે તો શું કરવું ?

ખરી વાત છે, આજકાલ ધંધામાં હરિફાઈ ઘણી જ વધી ગઈ છે, ને વૈદો ને ડાક્ટરોનો ધંધો પણ કાંઈ હરિફાઈ વગરનો નથી. વિલાયતમાં તો નવા નવા નુકતા બને છે, છતાં આપણા દેશમાં ઘોડાબળ દેનારી, ને ૨૪ કલાકમાં ઘોડા નહિ તો ગધેડા બનાવનારી કાંઈ દવાનો તોટો નથી તો આવી ઉત્તમ અને અપ્રતિમ દવાનું પેટંટ લેવું તે મૂર્ખાઇ નહિ તો બીજું શું ?

વિલાયતી ઘણીક દવાઓની જાહેરખબર મેં જોઇ છે, પણ આજસુધી આવી અસાધારણ કિમ્મત અને શરીરમાં અસાધારણ ફેરફાર કરનાર દવા એક પણ જોઈ નથી.

હોય, ભલાભલી પૃથ્વિ છે. અશ્વનીકુમારોએ પ્રસન્ન થઇને આવી દવાઓ આકાશમાંથી પૃથ્વિ ઉપર ફેંકી હશે જે આવા ડાક્ટર સાહેબો કે જેઓ એકલા જ આવી દવાના પરીક્ષક તેથી તેમને મળી હશે અને પ્રત્યક્ષ પ્રમાણથી ખાત્રી કરીને પછી જાહેર પ્રજાના ઉપયોગ માટે અસાધારણ કિમત રાખી કાઢી હશે. જો બધાએ આ દવાનો ઉપયોગ કરે તો પછી રહ્યું શું ? માટે જ એની અસાધારણ કિમત રાખી છે, અને એક જ પ્રતિબંધને લીધે સઘળા ઘોડાબળ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી બનશે નહિ.

વળી બીજું પણ એક કારણ આવી ભારે કિમત રાખવાનું હોવું જોઇએ. કોળી, નાળી, તેલી, તંબોલીઃ જો સઘળા એક સરખી રીતે આ દવાનો ઉપયોગ કરે તો પછી આ દવાની મહત્તા શી રહી ?

પણ આવી અસાધારણ ગુણ કરનાર દવાની શોધ માટે મારે નામ-

દાર મુંબઇ સરકારના પ્રેસ રિપોર્ટર ખાતાને એક ભલામણ કરવાની જરૂર જણાઈ છે. સરકાર દર વર્ષે ઘણાકને માનપાન આપે છે તો આવા ડાક્ટર સાહેબની દવા માટે ડાક્ટર સાહેબ ખરી રીતે તો જવાબદાર ને જોખમદાર છે, તો તેમને કેમ તેમની યોગ્યતાના પ્રમાણવાળા કિતાબો ન આપવા? ઉપરની દવાવાળા ડાક્ટર સાહેબને સારૂ ખાસ સરકારનું દવાનું પૃથક્કરણ કરનારૂં જે ખાતું છે તે મારફતે તેમની દવાનું પૃથક્કરણ કરાવી તેમની જો અસાધારણ શોધ જણાય, તો તેમને આ વર્ષના માનઅકરામની ટીપમાં K. C. S. I. ના કિતાબને માટે મારે ભલામણ કરવી.

આવી ભલામણની જરૂર ઘણી છે. કેમકે વાડ વગર વેલો ચઢતો નથી. વળી સરકારનું એ ખાતું કદાચ ઘણાક કામના દબાણ નીચે હોય તો તેમનાથી આવી ઉત્તમ જાહેર ખબરો વંચાય એટલો વખત તેમને ન મળે પણ સરકારનું પોલીસખાતું કાંઈ કમ નથી, આ ખાતું જો આવી જાહેર ખબર માટે તપાસ કરી, કરાવી, સરકારનું ધ્યાન ખેંચે તો રાજા તથા પ્રજા આમ ઉભયને લાભ થાય.

" ગુજરાતી " પુસ્તક ૩૫, અંક ૧૯, તા. ૧૭ મી મે સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૧૧)

મારા ગયા પત્રમાં જંગલની જડીબુટીના અજબ ચમત્કારવાળી દવાના મથાળા નીચે મારા મિત્રે જે જાહેર ખબર ઉપર મારૂં ધ્યાન ખેંચ્યું હતું તેની તપાસ મેં ઉપલક ઉપલક લીધી હતી. પણ મને એવી જિજ્ઞાસા થઇ કે એ મેહેરબાન ડાક્ટર સાહેબના હાલ, અહવાલ ને રંગરૂપ કેવાં છે તે પણ તપાસવાં. વળી ફરીથી મેં એ જ જાહેરખબર તપાસી તો તેમાં જેમ મેઘધનુષમાં જુદા જુદા રંગો જણાય છે તેવા રંગવાળી જાહેર ખબર મેં પાછી જોઈ. જ્યાં જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ જેવો " અજબ " અને " મહાન " પ્રકાર જોયો. જાહેરખબરમાં પણ ઉપરનું નીચે ને નીચેનું ઉપર, તેમ જ જ્યાં આગળ જે શબ્દો હતા તેને સ્થાને બીજા શબ્દો અર્થાત્ રજનું ગજ જણાયું. તે પણ મેં ઉપર ઉપરથી વાંચી જોઈ. મારૂં મન તો એમ જ કહે છે કે હજુ અંધારૂં આઘું ખસ્યું નથી. મશાલ સળગાવીને અજવાળું કરીએ તોયે અંધારૂં જોનાર ગજવેલને બદલે ગજમેલ કહેનાર

જડભરત ખરપા ભાયડાઓનો ભંડાર એટલો બધો છે કે તેઓ અત્તરની સુગંધી નાકના કામની છતાં હથેલીમાં લઇને જેમ ચાટી જાય તેમ જાહેર ખબર ઉપર મરી–ફીટી પડનારા કાં બાઇઓ કે ભાઇઓનો ઓછો ટોટો નથી.

આવી જાહેર ખબરિયા દવામાં દરરોજ નવા નવા ગુણ પણ આવતા જાય છે એમ કહે તો તે કેમ ન માની શકાય? ૨જી મેની જાહેરખબરમાં લખવામાં આવ્યું છે કે **"કીંગ ઓફ ટોનીક પીલ્સ ખાસ રાજા-"ઓને માટે આ ગોળીઓ બનાવી છે. બસો ગોળીઓની કીં-"મત ગીની સો પડે છે. નં૦ ૧ લાની ૧૦૦ ગીની, નં૦ ૨ ની "કીંમત ગીની ૭૫. ત્રીજા નંબરની ગીની ૫૫ દિવસ આઠ "અજમાયશ માટે ગીની ૧૨ પડે છે."**

વળી એક બાજુએ લખ્યું છે કે "**તબીયત તપાસી રોગ પારખી ગીની ૧ લેવામાં આવશે.**" વચમાં આડી લીટી મુકી બીજી બાજુએ લખ્યું છે કે "**કોકશાસ્ત્રથી બનાવેલી દવા**" વળી આ દવા કયાં વપરાય છે તે પણ બતાવ્યું છે. તે જેવો તેવો દેશ નહિ, પણ દુનિયામાં સૌથી આગળ વધતો જતો દેશ "**અમેરીકામાં આ દવા ઘણી જ વપરાય છે ને હજારો લોકોના ઓર્ડરો આવે છે.**" વળી કહે છે કે "આવો વાંચો," ગઈ જાહેર ખબરમાં ગરીબનું નશીબ ફુટયું હતું, પણ આ વખતે તેમનું નસીબ ફર્યું છે. તેમના પર આ ડાક્ટર સાહેબ પ્રસન્ન થઈ ગયા છે ને લખે છે કે "**ગરીબ લોકો માટે અર્ધી કીંમતે દવા મળે છે.**" તેથી પોતે લખે છે કે "**ખરીદો ને ખાત્રી કરો.**"

એક મિત્રે પ્રથમ અમેરીકાની મીઠી મીઠી દવા દર્દીઓને દેવા માટે કાઢી હતી, અને જાણે પોતે જ તેવી દવા પ્રથમ પ્રસારનાર અને વિદ્વાન્ ડાકટર તરીકેનું માન ખાટી જવા મરી પડતા હતા ને જોડે વૈદકીય ઉપાધિ પણ ધારણ કરતા હતા, પણ સરકારે તેમના સંબંધમાં તપાસ કરવા માંડી ને એમને તેની ખબર પડી કે એક રાતમાં મીઠી મીઠી દવાનું પાટીયું જ અલોપ થઈ ગયું.

હવે મારે તો બીજું કાંઈ જોઇતું નથી પણ આ ગોળીઓ રાજાઓને માટે બનાવી છે, તો અમારા આર્યાવર્તમાં આ ડાકટર સાહેબની ગજમેલિયા King of Tonic Pills કયાં ને કયા કયા રાજાઓ મંગાવીને ખાય છે તેની મારે પ્રથમ તપાસ કરવી. તેમાં ૬૦ વર્ષના બુઢ્ઢા રાજા કયાં અને કયા છે તેની તજવીજ કરવી, તે બીજા દ્વારા કરાવાય છે.

એ જાહેરખબર જે ઉપરથી મેં મારો લેખ લખ્યો છે જેમાં જાહેર ખબરમાં લખેલા ઘણાખરા શબ્દો જ લેવામાં આવ્યા છે તેમાં એક ગોળીના રૂ. ૫) લખ્યા છે, અને આ છેલ્લી જાહેર ખબર જોઉં છું તો ૧૦૦ ગોળીની કીમત ૧૦૦ ગીની પડે છે. આ હિસાબે એક ગોળીની કીં. રૂ. ૧૫ાા, "અજબ મહાન ચમત્કારિક દવા"ની કીમતમાં અજબ મહાન ચમત્કારિક ફેરફાર!

ચરોતરના અને ખાસ કરી કણબી વર્ગ, તેમ જ અભણ અને અજ્ઞાન વર્ગને ફોસલાવવા માટે એક વૈદરાજે કહ્યું કે "તેમને મેં આજે ગજવેલ આપી છે." બીચારા અજ્ઞાન દર્દીએ જાણ્યું કે આ તે વળી કેવી દવા હશે, પણ પોતાને બરોબર બોલતાં ન આવડયું તેથી "ગજવેલ"ને બદલે "ગજમેલ" બોલાઈ ગયું. વૈદરાજ હસ્યા ને મનમાં સમજ્યા કે જો રળી ખાવું હોય તો હસવું મુકી દેવું, અને આવા લોકોની ભાષામાં જ દવાનાં નામ પાડી, તે દવાનાં હદપાર વખાણ કરી તેમને તે આપીને રળી ખાવું. આ તેમની યુક્તિ કામે લાગી, અને એ પૈસા રળવા માંડયા. તેમ અમારા ડાક્ટર સાહેબની દવામાં "ગજમેલ" ઘાલેલી છે કે જે ગળામાં ઉતરતાંની સાથે ગજ જેમ લાંબો ને અક્કડ હોય છે તેમ આખું શરીર અક્કડ થઈ જાય છે. જ્યારે શરીર અક્કડ થાય ને નસો તંગ થાય એટલે શરીરના બીજા નાના મોટા અવયવોનું શું કહેવું? તે પણ સ્વભાવિક રીતે અક્કડ થઈ જાય છે.

રાજાઓને લખીને પુછીએ તો કોઈ દાદ દે નહિ. તેમાં યે વળી હવે તો ઘણાઓ અંગ્રેજી ભણ્યા છે તેથી તેઓ કાંઈ પ્રત્યક્ષ પોતાને નામે ટપાલમાં મંગાવે પણ નહિ. કોઈ પોતાના આશ્રિતના નામથી મંગાવીને ખાય. આગળનો જમાનો એવો હતો કે તેમાં "બાર હાથ કાકડી ને તેર હાથનું બીજ થતું," પણ હાલનો જમાનો વળી જુદી જ તરેહનો છે. પણ મેં હિંદુસ્તાનના પોસ્ટ માસ્તર જનરલને લખ્યું છે ને ખબર કઢાવી છે કે દેશી રાજ્યોમાં સો સો ને બસો બસો ગીની આપીને આ King of Tonic Pills કોણ કોણ ખરીદ કરે છે તેની જરા નોંધ મને મોકલી આપશો, ને આશા છે કે તે નહિ જેવા વખતમાં મને મોકલવાની કૃપા કરશે, ને તે જ વખતે હું બતાવી આપીશ કે તે રાજાઓ કોણ કોણ છે.

રાજાઓનું નામ ને પૈસા રળવાનું કામ! એક જાહેર ખબરિયા કહેવાતા જાણીતા ને જુના વૈદરાજને એક મિત્રે પુછ્યું કે તમારો ધંધો કેવો ચાલે છે? ઉત્તરમાં કહે છે કે "ઘણો જ સારો" જુવો, અમોએ બગલો

બંધાવ્યો ને લાખ ખરચ કર્યાં! તે ક્યાંથી આવ્યા? અમારી પાસે પાઈ નહોતી. હાલ અમારી પાસે સર્વ છે. તમે ભણેલાઓ અમારી દવા ખાઓ નહિ ને લો પણ નહિ! તેમ જ તમારે માટે અમે એ બનાવી યે નથી, પણ અક્કલના અધુરા ને હૈયાના ફુટાઓ માટે બનાવી છે. તમે હિસાબ કાઢી જુવો. તમારી પાસે સેન્સસનું છેલ્લું વોલ્યુમ છે. તેમાં કેટલાની સંખ્યા અભણની છે? ૩૦ કરોડની વસ્તીમાં કેટલા અભણ છે? અમારી જાહેર ખબરનાં સઘળી ભાષામાં તરજુમા અમે કરાવ્યા છે, અને અમારો હાથ પહોંચે તે પ્રમાણે અમે સઘળા છાપામાં મોં માગ્યા દામ આપીને જાહેર ખબર છપાવીએ છીએ. તમારી પેઠે દેશ પરદેશની રાજદ્વારી ને સંસારી બાબતા વાંચનારા જેટલા છે તેના કરતાં અમારી દવાની જાહેર ખબર ઘણા જ વાંચનારા છે અને કાંઇ નહિ ને ૩૦ કરોડમાંથી ફક્ત ૧ વર્ષે ૨૫ હજાર જો અમારી દવા લે તો ને તેની કીમતનો ફકત રૂ. ૧) જ ગણીએ તો રૂ. ૨૫) હજાર આવે તેમાંથી અમો ઉદાર રીતે ખર્ચના રૂ. ૧૫) હજાર કાઢી નાંખીએ તો રૂ. ૧૦) હજાર રહ્યા.

વિચાર કરો કે નોકરી ખોળિયે તો રૂ. ૨૫) થી વધારે કોઇ મહિને આપે નહિ, પણ જ્યારે અમે અમારી ગજમેલિયા દવા દુનિયાની આગળ ધરીએ ત્યારે અમે સ્વતંત્રપણે દર વર્ષે રૂ. ૧૦) હજાર પેદા કરીએ!

ધન્ય છે વૈદરાજ, તમારા ખુલાસાને. હવે આ પીંજણની જરૂર નથી. પણ વાચકો, તમોએ ઉપર વાંચ્યું છે કે "તબીયત તપાસી રોગ પારખી ગીની ૧ લેવામાં આવે છે." રૂ. ૧૫ાા અર્થાત્ ૨૧ શિલીંગની એક ગીની થાય છે. મુંબાઇમાં નામીચા ડાક્ટરો જેઓ વૈદકીય ને છેલ્લામાં છેલ્લી અને ઉત્તમમાં ઉત્તમ ગણાતી પદવી ધરાવનાર ડાક્ટર જ્યારે એ કરતાં ઓછી ફી લે, અને સુરત, ભરૂચ અને અમદાવાદ વિગેરે સ્થળોમાં મોટામાં મોટો ડાક્ટર કોણ તો કે સિવિલ સરજન! તે પણ અંગ્રેજ, જેણે વિલાયતમાં M. D. ની પરીક્ષા પાસ કરેલી, તે જ્યારે દરદીને ઘેર જાય ત્યારે તેને તપાસી દવા આપે ત્યારે રૂ. ૧૦) ની ફી ને બહુ જ થાય તો રૂ. ૧૫) ની ફી; ત્યારે આ ડાક્ટર જે પોતે તો બારા સુધી ભણેલા છે, અને રંગરેજની વિદ્યામાં પ્રવીણતા ધરાવે છે તે થોડા જ વર્ષમાં વગર તાજના વૈદ્યોના રાજામાં ખપવા માટે "કોકશાસ્ત્રથી બનાવેલી દવા" ની ૧૦૦ ને ૨૦૦ ગીની લે છે ત્યારે તેનામાં કાંઈ દૈવી ચમત્કાર હોવો જ જોઇએ.

આ દવા માટે તો આ વખતે લખ્યું છે કે અમેરિકામાં ઘણી જ વપરાય છે, ને હજારો લોકોના ઓર્ડરો આવે છે. ૧૦૦ ને ૨૦૦ ગીની

ખ્રસ્થીને અમેરિકને, જે આ કહેવાતા ડાક્ટરથી પોતાની ઘરની કોટડીમાં બેશી બાર વર્ષ સુધી અભ્યાસ કરીને પોતાની મેળે જ થઇ પડેલા ડાક્ટરની પદવી-વાળાની દવામાં ૨૪ કલાકમાં ગજની પેઠે અક્કડ થઈ જવાય એવો ગુણ, જેમાં ગયેલી શકતીને સજીવન કરવા સારૂ સંગ્રહાએલો છે, તે જો ન લે તો બીજા કોણ લે? અમેરિકાથી હજારો લોકોના ઓર્ડરો આવે છે. ખરી વાત હશે. એક ગોળીની ૧ ગીની જ ગણીને ધારો કે ૧૦૦૦ ગોળીનો ઓર્ડર અમેરિકાથી આવે છે તો રૂ. ૧૫) ના હિસાબે રૂ. ૧૫) હજાર થયા.

રોજના રૂ. ૧૫) હજારના કમાઈ કરનાર ડાક્ટર સાહેબને દર વર્ષે સરકાર પણ વિસારી મુકે છે? પોતે કેટલું ઇનકમ ટેક્ષ ભરે છે? પેલા કેટલાક આચાર્યો પદવી દાન કરે છે તેમની નોટીસમાં આ મહા વૈદની હિકમતવાળી દવાની વાત કેમ કોઇએ આણી નહિ? તેઓ એકાદ પદવી કે પછી પદક—ચાંદ આપી દે ને વૈદરાજ તે લટકાવીને લટકાં કરતાં કરતાં બહાર નિકળે! ધન્ય છે વૈધરાજ, તમારી કરામતી દવાને ને તમને! ઇનકમટેક્ષ કલેકટર સાહેબ, તમે પણ તપાસ નહિ કરો? ગીનીઓ ને ગીનીઓની જ જેને આવક, તે પણ અમેરિકાથી જ. રાજા મહારાજાની વાતતો મુકો પડી! જરા તપાસ કરો, સરકારની ઉપજમાં વધારો થશે ને ફરજ બજાવી ગણાશે.

ડાક્ટર સાહેબ, તમે લખો છો કે કોકશાસ્ત્રથી બનાવેલી દવા છે તે શું? કોકશાસ્ત્ર નામનો ખરલ છે કે શું? તેમાં તમે તમારી દવાને ખુબ લસોટ લસોટ કરી હશે, ને તેમ કરવામાં ઘણું જોર પુડયું હશે, અને તે વગર અં-તરાય પડે, રાત્રિ દિવસ ઉજાગરા કરીને ઘુંટી કે ઘુંટાવી હશે, તે પણ વર્ષોના વર્ષો સુધી! તમે લખો છો કે એ દવામાં સોનું, મોતી, હીરા અને વનસ્પ-તિ વિગેરે કીમતી ચીજો ઉપયોગમાં આવે છે. ખરી વાત છે, સોનું, મોતી અને હીરાને લસોટવા માટે કોકશાસ્ત્ર નામનો ખરલ જોઇએ. આ ખરલ પણ વઢવાણની ખાણમાંથી તમોએ પેદા કર્યો છે કે ખંભાતની ખાણમાંથી?

વાંચકો, તમો ધીરજ રાખજો હો. કોકશાસ્ત્રને ખરલ કહું છું તેથી મને પણ ગમાર ન માની લેશો. દુનિયામાં કયી જાતના લોકો વસે છે ને તેને શું શું પ્રિય છે તે પારખવાનું કામ કાંઈ સહેલું નથી. આ ડાક્ટર દુનિયામાં જે હૈયાફુટા છે અને તેઓને શું જોઇએ છે તેની પરીક્ષા કરીને તેમના એ ડાક્ટર બન્યા છે અને તેમનો વર્ગ પણ ઘણો મોટો છે તેથી એમની જાહેરખબરિયા દવાથી એમનું ઉદરપોષણ કરતા હશે, પણ કહેવત છે કે "સૂર્ય છાબડે નહિ ઢંકાય" તે પ્રમાણે સત્યને બહાર લાવવું જોઇએ, અને જે વખત જાય છે તેમાં ખરૂં શું છે તે બહાર આવશે?

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૨૧, તા. ૨૪ મી મે સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૧૨)

સત્ય બહાર આવશે ત્યારે આવશે પણ અત્યારે તો જાહેરખબરિયા દવાથી ડાકટર સાહેબોનું ગજવું તર. એટલું જ નહિ પણ એમની આ નિર્ધન આર્યાવર્તમાં દવા ખપતી નથી અથવા ખપે છે તો ઘણા પ્રમાણમાં નહિ પણ અમેરિકામાંજ ખપે છે કે જે ધન અને કેળવણીમાં ચઢિયાતો દેશ છે. ત્યાંના પ્રેસિડંટ સાહેબ, આ ડાકટર સાહેબની દવાના શીશીઓ કે શીશા મંગાવતા નથી પણ ગાંસડા ને પોટલાબંધ મંગાવે છે. પ્રેસિડંટના પાકટ જ્ઞાનથી કોણ અજાણ્યું છે? પણ આ જ્ઞાન અને ચંચલતા કાંઈ ખુદ જન્મથી જ તેમનામાં આવેલી નહિ, પણ આ ડાકટર સાહેબની ગીનીઓ જ જેની કિંમત બેસે છે તેવી હજારો ગિનીઓ ખરચીને દરરોજ તે જ દવાનું સેવન ચાલુ રાખેલું તેથી તે જ્ઞાન અને ચંચલતા ટકી રહ્યાં છે. ધન્ય છે રે ડોકટર સાહેબ, તમે પણ આર્યાવર્તના નરરત્ન છો.

પ્રેસીડંટ સાહેબની આવી હુશિયારી જોઇને તેમના મિત્રો ને મિત્રોનું જોઇને પ્રજા એમ સઘળાએ આ વઢવાણની ખાણના કોકશાસ્ત્રના ખરલમાં લસોટાયેલી દવા મંગાવવા માંડી, અને તેથી જ તે દેશ દરેક બાબતમાં આગળ પડતો બન્યો છે અને ટપાલખાતાનું કામ એટલું બધું વધી પડયું છે કે, પી. અને ઓ. કંપનીની હવે દર અઠવાડિયે બે મેલ દોડાવવાની ગોઠવણ કરવી પડી છે! મારા મનમાં એક પ્રશ્ન ઉદ્ભવે છે કે, ઇંગ્લાંડ કરતાં અમેરિકા દૂર છે અને ઇંગ્લાંડ પાસે છે છતાં આ ડાકટર સાહેબની દવા ત્યાં કેમ પ્રસાર ન પામી? એનો જવાબ ઘણો જ સહેલો છે. ઇંગ્લાંડ વાસિઓ બેદરકાર છે. ખુદ આપણી રાજ કરતી સરકાર ત્યાંની જ છતાં આવા મહાવૈદ–ડાકટર સાહેબની દવાને વિસારી મુકે છે તો. પણ તેની આ ડાકટર સાહેબને ક્યાં પરવા છે? સરકાર ડાકટરને ન પૂછે અને ડાકટર સરકારને ગાંઠે નહિ એ કાંઈ ઠીક નહિ. મેં આગળ લખ્યું છે કે, વાડ વગર વેલો ચડતો નથી. આ ડાકટર પોતાની જાહેર ખબરમાં કહે છે કે, "**હું શ્રીમંતોની ખુશામત કરતો નથી. પૈસાની પરવા રાખતો નથી. લોકના ભલાને ખાતર કામ કરૂં છું. ગરીબોને નજીવી કીમતે દવા આપું છું.**" જ્યારે આમ છે ત્યારે તેમની ભલામણ સરકારને કરવી જોઇએ કે આવા અપૂર્વ ડાકટર સાહેબની તેમ જ તેમની દવાની કાંઇક કદર

તો કરો. તેથી મેં નામદાર સરકારના ચીફ સેક્રેટરી સાહેબનું આ ડાક્ટર સાહેબની જાહેર ખબર પર મારા લેખ સાથે ધ્યાન ખેંચ્યું છે, ને મને વિશ્વાસ છે કે તેમના સન્માન માટે જરૂર સરકાર કાંઇક વિચાર કરશે. સરકાર મા બાપ છે, અને તેમના મોં આગળ હકીકત મુકવી જોઇએ, કે જેથી તેમને યોગ્ય લાગે તેમ તે કરે.

આ ડાક્ટર સાહેબ ઘણા જ સન્માનને લાયક છે. તેમણે અનેક દવાઓ બનાવી છે જે સઘળી **મહાત્માની પ્રસાદી છે.** જેના કમનસીબ હોય તે આ પ્રસાદી ખાય નહિ. એમની ઘણી જ દવાઓ છે જે માટે એ મહા વિદ્વાન્ ડાક્ટર સાહેબના શબ્દો આ પ્રમાણે છેઃ—" **તકલીફ સિવાય**
" **વગર ઓપરેશન એક પખવાડીયામાં જીંદગી પ્રયંતનું દરદ જડ-**
" **મુળથી સારૂં થાય છે.**"

સાક્ષરોને આમાં ભૂલ જણાતી હશે, પણ દરદીનું દરદ જડમૂળથી જીંદગી "પ્રયંતનું સારૂં થાય છે" એવા શબ્દો કે ઉચ્ચારની ભૂલ શા કામમાં આવે? સાહિત્યની આંખે જોઇએ તો વળી નવું જ લફરૂં નિકળશે. સાહિત્યમાં યે કયાં સુખ છે? આ " ગુજરાતી "માં જ વિક્રમોર્વશીયના અવલોકનમાં સપ્રમાણ બતાવ્યું હતું કે, વિદ્વત્તાના પ્રકાર પણ " બહારથી બતાવવા ને ચાવવાના જુદા" જેવા છે. તેના દાખલા પણ એ જ વિદ્વાન્‌ની પ્રથમની અને હાલની વિક્રમોર્વશીય નાટકના ભાષાંતરની આવૃત્તિમાંથી ટાંકી બતાવ્યા હતા, પણ હવે " તેરી ભી ચુપ ને મેરી બી ચુપ " જેવું એ બાબતમાં બન્યું છે. ઘેર ઘેર માટીના ચુલા. કોઇને ત્યાં સોના રૂપાના ચુલા નથી. આજકાલના સાહિત્યની પણ તપાસ થવી ઘટે છે.

ખરી વાત છે કે સોના રૂપાના ચુલા નથી, પણ આ જમાનો જુદો છે. દરરોજ ફેરફાર અને નવીન શોધ થયાં કરે છે અને જુની આંખે નવું જોવા ને જાણવાનું મળે છે. તેવા વખતમાં વઢવાણની ખાણના ખરલમાં ઘૂંટાઇને તૈયાર થયેલ " ગમે તેવી શક્તિને સજીવન કરવાને...અજબ મહાન ચમત્કારિક દવા " મુંબઇમાં ધોળે દિવસે વેચાય ત્યારે તે કોણ ન લે? કસ્તુરીની સુગંધી માટે કોઈ એવું કહે કે, " હું સોગન ખાઇને કહું છું કે, આ શુદ્ધ કસ્તુરી છે," તો હું તેને મૂર્ખ કહિશ. જો તે ખુલ્લી હોય અર્થાત્ તેની વાસ બહાર નિકળે નહિ એવી શીશીમાં મુકીને બંધ કરી તે ઉપર સીલ-શિક્કો કર્યા હોય ને સોગન ખાય તો ઠીક છે, પણ ખુલ્લી રીતે જણાય એવી કસ્તુરીને, તે કસ્તુરી છે અને શુદ્ધ છે કહિ સોગન ખાય તો તેને મૂર્ખ જ કહિ શકાય. કસ્તુરી કાંઈ સોગન ખાધાથી પરખાતી નથી. આપોઆપ પર-

ખાય છે. તેની વાસ કાંઈ છાની રહેતી નથી; અને તેથી કસ્તુરીના ખરાપણા માટે સોગન ખાવાની જરૂર પડતી નથી.

આવું જ જો હોય તો તેમની દવાને માટે દેશી અને વિદેશીઓના પ્રમાણપત્રની શી અપેક્ષા છે? આજકાલ પ્રમાણપત્રોનો વાયરો ઘણો વાય છે. ખુદ સરકાર પણ પ્રમાણપત્રો ઉપર ભરોસો રાખે છે, અને પ્રમાણપત્રો આપનારા પણ પોતાનો અભિપ્રાય એક મિનિટ પછી પોતે આપેલા પ્રમાપત્રની વિરુદ્ધમાં આપે છે. ખરી વાત છે, જે પળે અમુક પ્રમાણપત્ર અપાયું તે પળે અમુક ચીજ, માણુસ વિગેરે સારી યા નરતું હતું, પણ તે પળ પછીને માટે તે પ્રમાણપત્ર આપનાર તેના ખરાપણા માટે જવાબદાર થવાની હિમ્મત કરતો નથી, કારણ કે આ પ્રતાપ જ્ઞાનનો છે. ઘણું જ્ઞાન બેઉ બાજુમાં વધ્યું અને જો કાંઇક અંતરાય આવ્યું તો મેં ઉપર કહ્યું છે તે જ જવાબ.

વળી છાપામાં છપાવ્યું કે પેથાભાઇએ અમારી ગજવેલ ખાધી ને કલાકના કલાક પોતે ગજ જેવા અક્કડ રહ્યા, પોતાની પાતળી નસો જાડી થઈ, તંગ થઇ, પણ તેની સત્યતા શી? એ પ્રમાણપત્ર લખનારને ઓળખે છે? તેના અક્ષર કોણ જાણે છે? બીબાંમાં છપાયેલા અક્ષર ઉપરથી અને એક જાણીતું કે ભળતું જ નામ આપી કહ્યું કે અમુકે અમુક દવા ખાધી ને તેથી તેને ગજમેલિયા ગુણ થયો પણ તેની શી ખાત્રી! માણુસને કે તેના અક્ષરને ઓળખે નહિ ને તેને કાંઈ કાગળ લખીને પૂછવા કે જાતે મળવા જાય નહિ, વળી અમુક નામ આપ્યાં તે ખરાં જ નામ છે એમ માની લેવાનું શું કારણ છે?

આ વૈદરાજને તેમની દવાથી મટયાના પ્રમાણપત્રો "વિલાયત, પા-
"રીસ, જર્મનીના સદ્‌ગ્રહસ્થો તેમ જ અત્રના ઘણા રાજાઓ તથા અમલ-
"દારોના–દરદ નાબુદ થયા છે અને તેઓ તરફથી સરટીફીકેટો મળ્યાં છે:–
"**યુરોપિયનો** કરનલ કેનેડી એજંટ ટુ ધ ગવરનર રાજકોટ" (બીજાં ઘણાં નામ છે પણ અમે તે અહીં આપ્યા નથી) હું જાણવા માગું છું કે આની સત્યતા ક્યાં સમાઈ છે? કરનલ કેનેડી સાહેબ જો મારી સ્મૃતિ મને ભુલાવતી ન હોય તો કહું છું કે તેઓ સ્વધામ સિધાવ્યા છે. વિલાયત ગયા નથી, પણ મરી ગયા છે. હજુ પણ ભુલાવો ન ખાવા માટે કહું છું કે હવા ખાવાનું સ્થાન મરી નહિ, પણ સ્વર્ગે ગયા છે. કોઇ જિજ્ઞાસુ આ સાહેબ બહાદુર પાસે ત્યાં જવા તૈયાર હોય તો મારી પાસે બાઇપ્લેન વિમાન છે અને વિમાન સંબંધી મેં અભ્યાસ કર્યો છે તેથી જો તે મારો સંગાત કરવા માંગે તો તેણે મને આ પત્ર દ્વારા જણાવવું કે હું તેને સાથે લઇ

જાઇશે. પણ જિજ્ઞાસુ તો મારે આ ડાકટર સાહેબ જેવો હાથેલીમાં ચાંદ બતાવે તેવો જ જોઇએ છે કે જેને જોડે લઇ જઇને મેહેરબાન કેનેડી સાહેબના શરણમાં જ મુકી આવું કે જેથી ગીનિઓ ને ગીનીઓ અમેરિકા, જર્મની અને પારીસથી આ દેશમાં પાછી આવે નહિ. જો બહુ ગીનીઓ આવે તો એ ગીનીઓ આ દેશમાંથી બીજે રસ્તે ઘસડાઈ જાય.

આ ડાકટર સાહેબે "**શકતી સજીવન તેલ**"–(બનાવ્યું છે) તેમાં "કસ્તુરી, ભુંડ તથા વાઘ તેઓની ચરબીમાંથી ગણી જ કીમતે બનેલું ખાસ "તેમાં શરીરની નબળી પડેલી નસોને મજબુત કરી પુરતી તાકાત" આપવાનો ગુણ છે એમ તે કહે છે. કસ્તુરી તો મળે છે, અને ભુંડ જેવા પ્રાણીને મારીને તેની ચરબી પણ કઢાય; પણ આ ડાકટર સાહેબ વાઘની ચરબી ક્યાંથી લાવેતા હશે? મારૂં અનુમાન એવું છે કે આમની દવા ઘણાક રાજા મહારાજા ખાય છે એવું એ કહે છે અને તેમને પૈસાનો ટોટો નહિ તેથી ગીનીઓ ને ગીનીઓ આપે ને દવા ખાય ને શક્તી સજીવન તેલ ચોળેછે. દવાના ગજમેલિયા ગુણથી વાઘના શિકાર જે પોતે કરતા હશે તે શિકારમાંથી ચરબી કઢાવીને આ ડાકટર સાહેબ ઉપર મોકલી આપતા હશે અથવા તો ડાકટર પોતે ગીનીઓ ને ગીનીઓ જ જેમની પાસેથી કઢાવે છે તેમના શિકારમાંથી ચરબી કાઢીને આ શક્તિ સજીવન તેલમાં વાપરતા હશે. અગર તો અમેરિકાથી મંગાવતા હશે, કેમકે હવે તો આપણી વસ્તીમાં વાઘ વધારે જોવામાં આવતા નથી.

આ શક્તિ સજીવન તેલ "નબળા પડી ગયેલા ભાગને મસળવાથી પૂરતી શકતી લાવીને એક કલાકમાં ચમતકાર બતાવે છે, અને વીજળીની માફક નસોને તેજ કરી પાવર લાવે છે. શરીરની નબળી પડેલી નસોને જાડી મજબુત કરી પુરતી તાકાત આપે છે." વીજળીની માફક નસોને તેજ કરી પાવર લાવે છે તે શું ને કેમ થતું હશે? ઘણા દરદીઓ આ વિજળી ઉપર પતંગીયાં થયાં હશે, પણ જાહેરમાં કેમ કોઇ આવતા નથી? પહેલાં તો નસમાં વિજળી જ શી રીતે દાખલ થાય? મુંબઇમાં વીજળીના દીવા થાય છે. ત્યાંના વીજળી સંગ્રહસ્થાનમાં જઇને નસમાં વીજળી દાખલ કોઈ કરાવીને કેમ જોતું નથી? ત્યાં અક્કલના ઓથમીરનો ટોટો પણ નહિ હોય. જો વિજળીની કંપની ફક્ત એક એવી જાહેર ખબર આપે કે શરીરમાં વીજળી દાખલ કરીએ છીએ ને તેથી શરીરની ઢીલી પડી ગયેલી નસો તંગ થઈ જાય છે ને જાડી પણ થાય છે, તો હું નથી ધારતો કે તેમને ગીનીયો તો શું પણ એથી યે વધારે બદલો મળે. પછી વિજળીના દીવા કરવાની

કડાકુટ જ મટી જાય. શેરહોલ્ડરોને ઘણો જ સારો નફો વહેંચી શકાય. પ્રજા જાડી નસોવાળી થાય ને સારો ઉદ્યમ કરે. બમણું કમાય અને તેમની હાજતો પણ વધે, તેથી તે ઘણા પૈસા મેળવે તો પ્રજા સુખી તો રાજા પણ સુખી, ને વળી બીજી અગત્યની બાબત એ કે લોકો પણ પરરાજ્યની લોભી દૃષ્ટિવાળા સૈન્યની એક વખત સામા થઇ દેશનો બચાવ કરે.

જેમ સરકાર ના'ના ના'ના ગામડામાં તાવ નાબુદ કરવાને કવીનાઇનનો પ્રસાર કરાવે છે તેમ આ ડાકટર સાહેબની દવાનો પ્રસાર કરાવે તો સઘળાને અમૂલ્ય લાભ થાય. પ્રજા સુખી ને નિરોગી હોય તો સરકારને પણ નિરાંત.

"ગુજરાતી" પુસ્તક ૩૫, અંક ૨૨, તા. ૩૧ મી મે સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૧૩)

"શક્તી સજીવન તેલ" નો ખેલ આપણે ગયા અંકમાં જોઈ ગયા. હવે તેની કીમત શી છે તે કદાચ જાણવાની વાચકોની ઇંતેજારી ન રહિ જાય તે માટે મારે તેમને કહેવું જોઇએ કે આની કીમત આપી નથી પણ ડાકટર સાહેબ કહે છે કે "તબીઅત તપાસી રોગ પારખી તમોને દવા "દેવામાં આવશે. **દરદ જોવાની ફી રૂ. ૧૫ પડે છે.** આથી ઘણા જ "રાજા અમીરોનાં દરદ મટયાં છે. જો સરટીફીકેટ જોવા માંગશો તો રૂબ-"રૂમાં બતાવવામાં આવશે. બહારગામ મોકલવામાં આવશે નહિ."

રૂ. ૧૫) ખરચીને શક્તી સજીવન તેલ લો ને નસો તંગ કરાવી તાજા થાઓ. આ ડાકટર સાહેબ કાંઈ અમુક દરદના જ અનુભવી નથી. સબ બંદર કે વેપારી જેવું તેમનું કામ છે. એક બે દરદના જો વૈદ થઇએ તો બીજાં ઘણાંએ દરદો છે ને તેના ભોગીને શો જવાબ દેવો ? માટે સઘળાની દવા કરીએ તો આવેલું ઘરાક પાછું જાય જ નહિ. હવે "**રાજ બાદશાહી કુટુંબની બાનુઓનાં ગુપ્ત દરદોની ચમત્કારીક અકસીર દવા**" નું વર્ણન આ ડાકટર સાહેબ કરતાં છેવટ કહે છે કે "લોહિને સુધારી શરી-"રને લાલ ગુલાબી લાલ બનાવે છે. શરીરમાં પૂરતી તાકાત આપે છે એવી "જાદુની માફક ચમત્કારિક અમારી દવા છે. **દવાની કીમત રૂ. ૨૭૫** "**પહેલા નંબર, બીજાના રૂ. ૧૫૦** તમોને ખાસ જરૂર હોય તો દવા "**લેશો, તપાસવાની ફી રૂ. ૫ અહેરો** તપાસી રોગ પારખવામાં આવશે."

રાજ બાદશાહી કુટુંબની બાનુઓનાં ગુપ્ત દરદોની ચમત્કારીક અકસીર દવા તો ખરી પણ એમના ખાસ ગુપ્ત દરદો કયાં ? રાજબાદશાહી કુટુંબોમાં ને સાધારણ વર્ગમાં જે દરદો થતાં હશે તેમાં યે વળી ફેર હશે કે ? કહે છે કે " જાદુની માફક ચમત્કારીક અમારી દવા છે " એટલે શું ? દવા પાવી જ નથી પડતી અથવા ખાવી પડતી હોય તો જાદુની માફક શો ચમત્કાર બતાવે છે ? શું સ્ત્રીનો પુરુષ તો નથી થઈ જતો ? જાદુ શાનું નામ ? આગળની દંતકથાઓમાં વાંચવામાં ને સાંભળવામાં આવ્યું છે કે અમુય જાદુઇ તળાવમાંથી એક કાંઠેથી બીજે કાંઠે પાણીમાં થઇને જતાં સ્ત્રીનો પુરુષ ને ઘોડીનો ઘોડો બની ગયાં હતાં ! નાના, આમાં જે જાદુની માફક ચમત્કાર કરે છે તે એ કદાચ હશે કે રાજ બાદશાહી કુટુંબોમાં જે દરદ થતાં હશે ને સાધારણ માણસોને જે દરદ થાય છે તે કરતાં એ જુદી જ જાતનાં હશે, ને તેનો ઉપાય હમણાંના જમાનામાંના કાં ઇંગ્રેજી કે કાં દેશી કોઇ ડાક્ટર કે વૈદને ખબર નહિ હોય જે ફક્ત આ નવીન ડાક્ટર સાહેબને કોઇ દેવાંશી મહાત્માએ પ્રસાદીમાં આપ્યા છે તેથી તેઓ એકલા જ મોં માંગી કીમત લઇને ફક્ત વગર ખુશામતે વેચે છે.

દવાની જાહેર ખબરમાં દવાનાં વર્ણન કરવા માટે મરજીમાં આવે તે શબ્દો વાપરવાની જો છુટ હોય તો આ ડાક્ટર સાહેબે તેવી છુટનો ઓહોળે હાથે ઉપયોગ કર્યો છે. એમને શું ? આગળ બેઠ ધરાળ નહિ અને પાછળ બેઠ ઉલાળ નહિ કહેવત, વાચકો, તમે જાણતા હશો. મરજી મુજબના શબ્દોથી વખાણ કરી લીધાં, મરજી મુજબની કીમત રાખી, મરજી મુજબના ગુણ વર્ણવ્યા. પછી તેની અસર દરદીપર કેવી થઇ ને તેને કેવો ને કેટલો ફાયદો થયો તેની ખબર કોણ કોને આપે ? દરદીને કે પ્રજાને એ જાહેર ખબરના પ્રમાણ માટે કંઇ પૂછવાનો હક્ક છે ? અમોએ એવા ઘણા દરદીઓ જોયા છે કે જે વૈદ કે ડાકટરના વૈદા માટે એ મત જ ન હોય તેવાની દવા કરાવતાં દરદો મટયાં નથી, તો આ ડાકટર સાહેબ કોઇ ઠેકાણે ૨૪ કલાકમાં અદ્દભુત અસર કરે છે કહે છે, અને કોઈ ઠેકાણે તેમની દવા નબળી પડેલી નસોને જાડી ને મજબુત કરી એકદમ તેજ કરે છે, ને વીજળીની માફક નસોમાં પુરતો પાવર લાવે છે કહે છે !

ત્યાર પછી પોતાની બીજી એક દવાનાં બણગાં ફુંકે છે. તેનું નામ નાઇટ પીલ્સ છે. એ "ખાવાથી સુખે નીંદરા લાવે છે, એસ આરામમાં જીંદગી ગુજારે છે. કીમત ગોળી ૧ ની કીમત રૂ. ૬." 'સુખે નીંદરા' લાવનારી ગોળીમાં એસ આરામમાં જીંદગી ગુજારવાનો પણ ગુણ ખરો ! દુનિયા ઝુકતી

હૈ, ઝુકાને વાલા ચાહિયે. એ ન્યાયે મારે કહ્યા વિના ચાલતું નથી કે આ દવા તે કાંઈ જ નહિ પણ એક ઇંદ્રજાળવિદ્યા જેવી જાહેર ખબર જ હોવી જોઇએ.

અમીર ઉમરાવોમાં કઈ જાતનાં દરદો થાય છે, તેમનાં બૈરાંમાં કઇ જાતનાં દરદો થાય છે, અને તેની દવા સાધારણ માણસોની દવા કરતાં પણ કાંઇક જુદી જ તરેહની હોય છે, અને તેમાં યે વળી જાદુની માફકનો ચમત્કાર આ દાક્તરની જાહેરખબરીયા દવા વગર મારા જોવામાં કાંઈ પણ ઠેકાણે આવ્યો નથી.

એની આવી જાહેર ખબરની જો હું તપાસ લેવા બેસું તો આવા બીજા ૫૦ પત્રો લખું તો યે પાર આવે નહિ, પણ મારે ટુંકામાં એ સઘળાની ખબર લીધા વિના ચલાવી લેવું એમાં, આ ઘણા વખતથી અમેરિકા અને બીજા સુધરેલા દેશમાં પોતાની જાદુઈ દવા, મંગાવે કે વગર મંગાવે મોકલી આપીને ગિનીઓ ને ગિનીઓના ડલ્લાથી જાહેરનું મન વસવસિત કરે છે તેમાં કેટલું ખરાપણું હશે તેની વૈદકીય તુલના વૈદ્યોના હાથથી અને સાધારણ તુલના સાધારણ–કાંઇક સમજુ–માણસો પાસે કરાવી સત્ય શું છે તે બહાર લાવવાના હેતુ શીવાય મારો બીજો કાંઈ પણ હેતુ નથી.

ઇંદ્રજાળ પ્રસારવાની વિદ્યામાં ખુબી હોય છે એમ કેટલાક માને છે, પણ તે વર્ગ કિયો તો હું બેધડક કહું છું કે મૂર્ખ, અજ્ઞાન અને નિરક્ષર ! આ વર્ગ ઉપર સરસાઇ મેળવીને તેમની પાસેથી પૈસા તાણી લેવા એમાં શી ચાતુરી ? બે ને બેનો સરવાળો જેમ ચાર થાય છે તેવો ચોક્કસ ગુણ જ જો દવામાં હોય તો તે સારૂં જેમ કસ્તુરી માટે સોગન ખાવાની જરૂર પડે છે તેવી જરૂર છે કે ?

દવામાં મેં આગળ કહ્યું છે તેમ "આકસ, બાકસ, કણુજીમુળ, અધશેર લ્હાળા (કોલસા) ને પાશેર ધૂળ" આ સઘળાને વાટીને તેમાં જરા તીખાશ, ખટાશ કે પછી મીઠાશ ઉમેરીને ઝીણી ઝીણી પણ સફાઇદાર ગોળી બનાવીને જો વેચવામાં આવે તો તેમાં પણ કાંઇક ગુણ તો છે જ. કેમકે અમુક અમુક દ્રવ્ય તેમાં વપરાયાં છે. પણ મને ભય છે કે "આકસ અને બાકસ" નામની દવાઓ કયે ઝાડેથી લાવશે ? પણ એવી યે વ્યક્તિઓ દુનિયામાં છે કે હતાનું નહતું ને નહતાનું હતું કરી બતાવે.

કાનની દવાની કીંમત રૂ. ૭), અદ્‌ભુત દંતમંજનની કીંમત ઓછામાં ઓછી રૂ. ૨, વળી એમ કહે છે કે પૈસાની પરવા રાખતો નથી. લોકોના ભલાને ખાતર નજીવી કીંમતે કામ કરૂં છું. ગરીબોને મફત દવા આપું છું.

કઈ દવા મફત આપો છો ? અદ્ભુત દંતમંજન ? દાંતના મંજનોમાં શું આવે છે ને તેની કીંમત વધારેમાં વધારે શામાં પડે છે ? વળી આવી દવા મેશર્સ. કંપની કંપની, ટ્રીચરની કંપની અને ફિલીપ્સની કંપનીમાં જે સારામાં સારા પંકાતા ડાકટરોએ બનાવેલી તેમ તે લોકોએ પોતે બનાવેલી કે જેને માટે જરા જેટલીએ શંકા રખાય જ નહિ તેવા તેમના દાંતના મંજનનું શું બેસે છે ? વધારેમાં વધારે રૂ. ૨) થી વધારે નહિ જ અને તે પણ મહિનાથી વધારે ચાલે એટલી હોય છે ત્યારે આ કોઈ આયુર્વેદ વિદ્યાલય કે મેડીકલ કોલેજમાં કે કોઈ મહાન ડાકટર કે વૈદ પાસે શિક્ષણ મેળવ્યા વિના વગર પદવીના પોતાની મેળે થઈ પડેલા ડાકટર સાહેબ તેના કરતાં પણ વધારે કીંમત રાખીને ડફાંસ તો એટલી બધી મારી લે છે કે ન પૂછો વાત. જો તેણે કોઇ જગ્યાએ શિક્ષણ લીધું હોય તો તે જણાવવું.

વળી એક જાહેર ખબરમાં લખે છે કે “બાનુઓ માટે અજબ મેળવેલી ચમત્કારીક દવા એકવાર મંગાવી ખાત્રી કરી જુઓ.” વાચકો ! એક વખત મંગાવી જુઓ ને પછી મટે તો ખુશી થાઓ, નહિ તો રૂઓ મોટી ને પોળી પછેડી ઓઢીને. કેમકે રાજ બાદશાહી કુટુંબની બાનુઓ માટેની દવા તમારા કામની ન હોવાથી આ વળી તમારા નામની બીજી કાણ માંડવા માટે તમને ચમત્કાર બતાવનારી બીજી દવા બતાવે છે. (બેનો ને ભાઇઓ, માફ કરજો હો કે મારે પણ તમારા પ્રત્યે કઠોર વચન વાપરવાનો અવિવેક કરવો પડયો છે, પણ મને જે લાગણી થાય છે તે તમે મારા આગળના ને હાલના પત્રોથી સમજી શકો એમ છે, ને તેથી તમે મને દરગુજર કરો એવું હું તમારી પાસે માંગી લઉં તો તેમ કરવામાં તમે ઉદાર થશો જ. કેમકે ગાંઠનું ગોપીચંદન વાપરી ગજમેલિયા દવા લીધા છતાં તમને આરામ ન થયો તેનો પસ્તાવો તો તમને થતો જ હશે, ને હજારો શાપ દેતા હશો તે ઉપરાંત હું બળતામાં ઘી હોમવા જેવા શબ્દોથી તમોને બે અક્ષર કહું તેથી તમારી લાગણી દુખાય જ અને તે ખાતે હું તમારી ક્ષમા માંગીશ, અને તે તમે મને ઉદારચરિત થઇને આપશો.) આ દવા કહે છે કે, એકવાર મંગાવી ખાત્રી કરી જુઓ. એક આનાની ટીકીટ જવાબ માટે મોકલશો તો જવાબ મળશે. તેમ જ રજીસ્ટર કરાવીને કાગળ મોકલવો. જોડે રૂ. ૧. જવાબ માટે મોકલવો એવું સૌથી પહેલાં જ લખ્યું છે તેથી તે રૂ. ૧. મોકલજો, અને પછી જવાબ માટે એક આનાની ટીકીટ મોકલજો. એક આનો જેના ઉપર ટપાલ ખર્ચનો થાય તેટલું વજન અર્થાત્ ૧૦ તોલા સુધી વજન જો હોય તો ટપાલ ખાતું પત્ર ઉપર એક આનો ચોઢાવે છે, અને રૂ. ૧. ભારથી વધારે

થાય એટલે જરા વધે તો પણ એક આનો! હવે ડાક્ટર સાહેબનો જવાબ તે થોડા અક્ષરવાળો હોય છે કે ઘણા અક્ષરવાળો ને તે પણ એટલાની અંદર જ તેમના કાગળ અને કવરનું વજન થાય છે કે પછી કાગળ, કવર, શાહી અને કલમ તથા દાક્તર સાહેબ જો જાતે પત્રોનો જવાબ લખે તો તેમણે એટલું કરવાની કૃપા કરી તેની કીંમતનો પણ સમાવેશ થાય છે?

હશે, ગમે તેમ હો, પણ બાનુઓ માટેની આ ચમત્કારીક દવાની કીંમત જ નથી; ફક્ત આની સામે તો એક આનાની ટીકીટ જવાબ મોકલવા માટે લખ્યું છે! આ દવા તો બાનુઓને માટે છે, તેથી એની કીંમત કદાચ નહિ પણ હોય! કેમકે હમેશ પુરુષો બાનુઓ તરફ સ્વાભાવિક રીતે માન અને મર્યાદાની દૃષ્ટિવાળા હોય છે અને તેમની તરફ કોમળ લાગણીથીજુવે છે, ને નજરે દીઠા પછી અર્થાત્ પરીક્ષા કર્યા પછી તેમની દવાની કીંમત થાય છે તે પ્રમાણે તો નહિ હોય? હમણાં હમણાં; સુધરેલા છીએ અને અમે સુધારો કરીએ છીએ એવું કહિને નહિ સમજી શકાય અને બીજાથી જાણી પણ નહિ શકાય એવા પોતાના સ્વાર્થ સાધવાને માટે જે મિથ્યા ફાંફાં કેટલાકોથી મરાય છે તે તો ભોળી અને ભલી બાનુઓ જ ન સમજી શકે, પણ સમજદાર તો સમજે છે.

એવા એક ખાતાની પણ, હમણાંના જમાનાને બંધબેસતું થાય માટે, જરૂર છે કે જે સંસ્થાનું કામ એટલું જ જોઇએ કે દુનિયામાં સર્વને અર્થાત્ સ્ત્રી પુરુષોને કેવી રીતે સુખી બનાવવા તેના ઉપાય, જ્યાંસુધી આ ખાતું બાળક અવસ્થામાં હોય ત્યાંસુધી, વગર મુલ્યે કરવા; ને પછી મરજીરૂપ મુલ્ય લેવું! એમાં ખાસ કરીને સ્ત્રીઓ કુંવારી, પરણેલી કે રાંડેલી કે નિરાધાર: સઘળાને તેમના સુખ દુઃખના સવાલો પુછીને તેમને ઉપાય બતાવવા! તે પૈકી પરણેલી તો તેના પતિને પણ કેટલીક વખતે પોતાના દુઃખની વાત જણાવી શકતી નથી, તો કુંવારી કે રાંડેલી પોતાના વાલીને ક્યાંથી જ કહિ શકે! એ લોકો સાજામાંદા હોય તો એમની દવા પણ જોઇએ તેવી કેટલીક કુટુંબોમાં થતી નથી!

“ગુજરાતી” પુસ્તક ૩૫, અંક ૧૪, તા. ૨૧ મી જૂન સને ૧૯૧૪.

આજ કાલનું વૈદું.

(૧૪)

ગીનીઓ ને ગીનીઓ જ જેની કીમત પડે છે તેવી અદ્ભુત દવાની જાહેરખબરની ખબર મેં જરાક લંબાણથી લીધી તેથી કદાચ કોઈ વ્યક્તિ

એનું માની લે કે આ તો સામાન્ય વિષયની ચર્ચા મુકીને અમુક ઉપર જ આક્ષેપ કરવા માંડેલો છે. આ ધારવું, તેવા ઇરાદાથી જે વિવેચન કરતો હોય અથવા લખતો હોય તેને માટે તો તેવું હોય, પણ જેને કોઈ જાતનો સંબંધ માત્ર નથી, કોઈ જાતની ઓળખાણ નથી, પણ ફક્ત જાહેર ખબર વાંચવાની સાથે જ એવા વિચાર થઇ આવે કે આ વિષે તપાસ કરવી કે આમાં સત્ય શું છે ને તે કોઈ દ્વારા તપાસ કરતાં–કરાવતાં ટીકાને પાત્ર હકીકત મળી આવે તો તે શું જતી કરવી ? તટસ્થતા શાનું નામ ? મોંએ બોલવું સહેલું છે. મીઠીમીઠી ને બડીબડી વાતો કરતાં તો સર્વને આવડે છે. ભૂલો કાઢતાં ને પરાયાને શિખામણ દેવામાં વિદ્વત્તા ને મિત્રતા તથા હિતેચ્છુપણું બતાવવું, એમાં શું લેવા જવું પડે તેમ છે ? પણ જ્યારે જાહેરમાં કલમના ઇલમથી ઉભા રહેવાની જરૂર પડે છે ત્યારે જ ખબર પડે છે કે કેટલે વીસે સો થાય છે ! નજર સામે જે આવ્યું તે ઉપર વિવેચન કરવું; અધુરૂં મુકવું નહિં, પણ લોકરૂઢિ એવી છે કે ગોળીના મોં પર ગળણું મુકાય પણ કુવા ઉપર ગળણું મુકાય નહિ એ ન્યાયે ચાલવું પડે છે તેમાં દોષ કોને દેવો ? જમાનો પણ એવો જ છે. પારકાને ઉપદેશ કરવામાં પંડિત બનનાર વિદ્વાનોનો કાંઇ તોટો નથી, પણ ખેદ માત્ર એટલો જ છે કે તેવાઓ જાહેરમાં આવે તો ટોટો પકડાઇ જવાના ભયથી અંધારાના આશ્રયમાં રહે છે.

છતાં હું હવે જાહેરખબરની તપાસ એટલેથી જ મુકી દઉં છું. જાહેરખબરીયા વૈદું આજકાલ કેટલે દરજ્જે લોકોને હેરાનગતિમાં મુકે છે તેનું વર્ણન ઘણું થયું છે. જાહેરખબર વગર ખાનગી ધંધો કરનાર, ઉન્માકાન્ત, ચંદ્રકાન્ત ઇત્યાદિ મનસ્વી નામોનાં પાટિયાંવાળા લેભાગુ કહેવાતા વૈદાનો પ્રજા ઉપર કાંઇ ઓછો ઉપદ્રવ નથી. એ લોકોના કામની નિપુણતાની શી વાત કહું !

વૈદોનાં પાટીયાં–એમાં પણ પાંચ પચીસ રોગને મટાડવાની વાતો. દવાનું ભંડોળ જોઇએ તો શુક્રવારને ગનીમત. એમાંથી બે ચાર સારી ને શોભીતી ખાલી શીશીઓ, મોં માગ્યા ભાવે ખરીદ કરીને તે ઉપર ખાસા ભમરડા જેવા અક્ષરથી, જાણવામાં ને મોંઢે હોય તેવી દવાઓનાં નામ લખવાં. પછી શીશીઓને એક અગર બે ભાગ્યા તુટયા પણ ફ્રેંચ પાલીસથી સમારેલા કબાટમાં ભપકાબંધ ગોઠવી દેવી. થોડાક નવરા મિત્રોને પોતાની દુકાને નોતરી કાઢવા. તેમને મીઠી મીઠી દવા આપવી. કોઇને હિંગાષ્ટક, કોઇને દ્રાક્ષાષ્ટક (?) કોઇને ગપાટાસ્ટક આપવાં ! ગપગેઝીટ કાઢવું કે કઢાવવું ! આમ તેમ આંટા મારી કરોળિયાની જાળમાં જેમ માખી સપડાય તેવી એક બે અબળા, એક બે સબળા, એક બે નબળા અને એક બે બાળકોની દવા

કરવાની મજે એવા અદકપાંસળા દરદીઓને ખેંચી લાવવા. તેમની સમક્ષ પેલા વૈદને ઘેર દવા ખાંડવા રહેલો નોકર જે પછીથી વૈદરાજ બન્યો હોય તેણે તેના ગુણનાં ભૂણગાં ફુકવાં; ને કહેવું કે બધા વૈદો તો પોતાની મરજીમાં આવે એપ્રમાણે ફી લે છે, પણ અમે તો દરદ મટયા પછી પૈસા લેઇએ છીએ. એટલે દરદી ખસુસ લલચાય અને પછી બે ત્રણ દિવસ મુફત દવા આપવી.

મુફતની દવા કોને મીઠી ન લાગે ને ગુણ પણ કોને કરે નહિ? યાદ રાખજો કે આવા વૈદો ભારે અને ગંભીર દરદો મટાડવાની હામ ભીડતા જ નથી, પણ એમની પાસે પેલા મુફતકા ચંદન ઘસબે લલિયા જેવા દલાલો ભારે દરદવાળાને લાવે જ શાના? ચુંક જેને આવતી હોય, કોઇની આંખ દુખતી હોય, ઝાડો કબજ હોય એવાને જ લાવે. અને આ દરદોની દવા પણ સહેલી. એટલે એક બે દિવસમાં જરૂર દરદ મટે જ, અને મટયું એટલે બેડો પાર.

પછી જ્યારે બીજી વખત, દવા લેવા આવે ત્યારે દરદી વળી બેચાર બીજા દરદીને લઇને આવે તો વૈદ પાઇ પણ ફી લે નહિ. પછી ધીમે રહિને વૈદ કહે કે અમે પણ પેટ લઇને બેઠા છીએ; દુકાન ભાડું અને બીજું ખરચ પણ અમારે કરવું પડે છે, તેથી તમારે તો અમારી દવાની કીમત આપવી પડશે. એકાદ વખત નજીવું દરદ મટયું એટલે વિશ્વાસ પડયો ને પછી આ લેભાગુ વૈદ કહે છે કે આ માણસની દવા કીધી તેનો રૂ. ૧) કીમતનો આપો. આ તો મહાસુવર્ણમાક્ષિક છે. અરે વૈદરાજ, ડાકટર જ્યારે રોજના ૦–૪–૦ લે છે ત્યારે તમે તો તે કરતાં પણ વધારે લો છો! એટલે વૈદ વદે કે ડાકટર તો દવામાં પાણી રેડીને આપે છે અને અમે તો ગજપુટ દઇને ગજમેલ બનાવીએ છીએ, ને તેથી અમારે ખર્ચ ઘણું પડે છે; અને અમારી દવાનો ગુણ જાથુને માટે રેહેવાનો, ડાકટરની દવા પીશો ત્યાં સુધી ગુણ. આજનો જમાનો ડાકટર તરફ વળ્યો છે તો બાપુ, તમને ઠીક લાગે તો તેમની દવા કરજો. દરદી જોડે રકજક કરી રૂ. ૧. જેની કીમત કહિ તેના ૦–૪–૦ લે. આવા ૮–૧૦ દરદી આવે તો રોજના રૂ. ૨. ની પ્રાપ્તી થઈ. મહિને ૭–૮ રૂપીઆની દુકાન ભાડે રાખી હોય–પોતે જાતે એકલા જ હોય, તો પછી ઉમાકાંત સ્મરણમ. રોજનું ખાધાખરચ ૦–૪–૦ નું! ખાસો રૂ. ૧. કે રૂ. ૧ાા રોજનો બચે. આ વૈદું કેવું? નોકરી કરવા જાય તો આવડતની ખામી એટલે કોઈ રાખે નહિ, ભીખ માંગતાં આવડે નહિ ને મૂર્ખના શિરોમણી થઇને વૈદું કરવું એમાં શું લાંછન?

" વાંયાંની ગોળી, આ વાંયાં ગોળી " એવી ફેરિયાની બૂમ, મારે કાને જાહેર રસ્તામાં, એક તરફથી આવી. તેને મેં બોલાવ્યો ને પૂછી જોયું તો અમાસના ચંદ્રમા જેવું તેનું મુખડું જોતાંની સાથે મને ચીતરી ચઢી ! શરીરપર પણ મેલવાળું કપડું, તે પણ પરસેવાના ઝેબઝેબથી પલળી જઇને ઓકારી કરાવે એવી વાસ મારતો ફેરિયો કહે છે કે " આ વાંયાંની ગોળીથી નળબંધ વાયુ મટી જાય છે, શરીરની નસો તંગ થાય છે વિગેરે " એની ગ્રામ્ય ભાષાનું મેં ઘણું યે અનુકરણ કર્યું, પણ તેનું હું અહીં તાદશ્ય ચિત્ર શી રીતે આપી શકું ? એની ભાષાથી તો મને ઘણી જ ગમ્મત પડી; તેને હું અહીં ઉતારી શકું એટલી શક્તિ ધરાવતો નથી. આને પૂછતાં તે કહે છે કે દરરોજ રૂ. ૩–૪ નો વકરો કરે છે.

વિષ્ણુકાન્ત વૈદો પરાયાની દવા પોતાના પેટ માટે કરે, પણ તે પોતે જો પીડાતા હોય તો ડાકટરની દવા કરે ! તેમને શાની પીડા ? રૂ. ૧ાા દરરોજનો બચે અને એ હિસાબે ચોખ્ખા રૂ. ૫૦) મહિને પડે, તેનો ઉપયોગ શી રીતે કરવો ? અંગ્રેજી ઘેન લાવનાર પદાર્થો ખાલી બાટલામાં ભરવાં અને તે ઉપર છાપ મારવી કે "દ્રાક્ષાસવ," "કુષ્માંડાસવ," "કુમારિ આસવ," અને પછી આખા દિવસના વૈદ થાકી ગયેલા તેથી એક બે પ્યાલા આસવના ઉડાવી દે તો જરા જીવને નિરાંત વળે. દવા કરાવવા કોઇ કુરંગનયની આવે તો તેની જોડે જે દરદ સંબંધી પૂછપરછ થાય તેનો જુદો જ પ્રકાર ! સઘળા પ્રકારના દરદની પરીક્ષામાં કોઇ કોઈ દરદ એવાં પણ હોય છે કે તે પ્રત્યક્ષ નજરે જોવાં જ જોઇએ, ને જોવામાં જો ન આવે તો તેની દવા થાય જ નહિ.

આજકાલ ધાતુક્ષીણ થયેલાની દવા ઘણી વધી પડી છે, પ્રમેહની દવાનો પ્રવાહ અપ્રતિહત ચાલે છે; ચાંદિ, વિસ્ફોટકની દવાની પણ કાંઈ અછત નથી. આવા દરદીને નજરે તપાસવા જોઇએ, અને આવાં દરદો ઘણે ભાગે સદ્‌ગુણી અને સદાચારીને થતાં નથી એમ કહેવામાં કાંઈ ખોટું નથી. વૈદ પાસે દરદી આવે, પછી તે મરદ હોય કે માદા ! જે દવા લેવા આવે તેની દવા કરવી. પછી એ દવાનો ચેપ લાગે તો ફિકર નહિ. ગામમાં ડાકટરોનો ક્યાં ટોટો છે ? એક તરફ વૈદ લોકોની દવા કરે, ને બીજી તરફ વૈદ પોતે સીફીલીઝ ને ગનોરિયાથી પીડાતા હોય ! રસિકતા તે અમસ્તી આવે છે ? રસિકને રસી કરાવે એવાં જ દરદો જો ના થાય તો બીજા કોને થાય ?

એક તરફથી વૈદાને ઓઠે પોતાને સ્વચ્છંદે ચાલવું ને પછી છાની દવા કરાવવી ! ડાકટરો પણ કાંઈ વાત મનમાં રાખે કે ? એમને શું ? શું કરવા

વૈદનું વીતકર્ણ્ છુપાવે ને શું કરવા ઓછા પૈસા લે ? આવા લોકોને ફક્ત નજરે જોવામાં જ મહા પાપ છે. પાસે આવ્યા પછી તેના સ્વાસોચ્છ્વાસમાં જ સીફીલીઝ અને ગનોરિયાના જંતુઓ હોય છે તેથી એ રોગ વળગી પડે છે એમ હું માનું છું તો જો એમના કપડાનો કે શરીરનો સ્પર્શ કદાચ ભૂલે ચૂકે થઈ જાય તો શી કમબખ્તી ?

• એક રસિક મિત્રને એવો ચેપ લાગ્યો હતો કે જેથી એ બિચારાને છ માસ સુધી ખાટલાવશ રહેવું પડ્યું ને મોં માગ્યા દાક્તરોને દવાના પૈસા આપવા પડ્યા ને છેક નંખાઈ ગયેલી હાલતમાં માંડ માંડ મરતો બચ્યો.

આવા વૈદોનો ઉપદ્રવ ઘણો જ છે. આવા પાટિયાંવાળાં ઉંટવૈદોનો રાફડો સઘળે ફાટી નિકળ્યો છે, અને આ સઘળાનો ઉપાય કરવાની ઘણી જ જરૂર છે.

હરેક તદબીરે પૈસા પેદા કરવા. લોકોને દરદ મટો કે તે મરો. હાલ થોડા વખતથી ગાયકવાડ સરકારે પોતાની પ્રજાને જ્ઞાનદાન દેવા ફરતી લાયબ્રેરી કરી છે. તેમનો હેતુ ઘણો જ સ્તુત્ય છે, પણ તેનો લાભ કેવો ને કેટલો લેવાય છે તે તો પ્રત્યક્ષ જોઈએ ત્યારે જણાય. એ જ ધોરણ ઉપર રોજ આગગાડીમાં જાહેરખબરીઆ વૈદું પ્રકટ થયું છે. ત્રીજા વર્ગની ગાડીમાં ઘણે ભાગે ઘેટાંના અંતઃકરણવાળાં મનુષ્યોનું પ્રધાનપણું હોય છે. એમની વિચારશક્તિ કેવી ને કેટલી ખિલેલી હશે તે તો ત્રીજા વર્ગમાં મુસાફરી કરનાર જાણતા હશે. એમાં પોતાની દવાનો પ્રચાર કરીને પૈસા મેળવવાનો ધંધો કરનારી વડોદરામાં ઉભી થયેલી બે ત્રણ કંપની છે. તેના નેતા કોઈ આયુર્વેદીયશાળામાં અભ્યાસ કરીને પરીક્ષા પસાર કરી હશે કે કેમ તે તો તે કંપનીવાળા જાણે, પણ એમની જાહેરખબર તો એટલી મોટી હોય છે કે જેમાં બે ડઝન કે તે ઉપરાંત દરદોની જાહેરખબર હોય છે. તે દવા દરદોને કેવી રીતે મટાડે છે તેનું વર્ણન તેમાં હોય છે. આ કંપની તરફના ફરતા માણસો હોય છે. તેઓ, તેમની જાહેરખબરો ત્રીજા વર્ગનો એક ડબો જેમાં ચીકાર ઉતારૂઓ હોય ત્યાં વચ્ચે પોતે જઇને ભરાય છે, ને છુટે હાથે જાહેરખબર ઉતારૂઓમાં વહેંચી નાંખે છે ને પછી મોંઢેથી દવાના ગુણ ગણાવનારાં ભાષણ (સમજુને એમનું ભાષણ એક ત્રાસદાયક વર્ણન લાગે છે તે) કરે છે ને પોતાની પાસે એક પેટી રાખેલી હોય છે જેમાં થોડોક જથો દવાનો પણ રાખે છે.

નડીઆદમાં પણ કાંઈ ઓછા વૈદો નથી. આ ઠેકાણેથી સંખ્યાબંધ હેંડબીલો ઉતારૂઓમાં ફેલાય છે, ને એ બહાને આ કહેવાતા વૈદું કરનારાઓ સારૂં રળતર કરે છે.

આ પ્રકારથી બીજું સ્ટેશન આવે ત્યાં સુધી ૩-૪ પાંચ રૂપીઆનો વકરો કરે છે-બીજા સ્ટેશનથી વળી બીજા ડબામાં જઇને બેસે છે, ને આ પ્રમાણે મુસાફરીમાં પણ દવા વેચનારા થઈ પડયા છે. આવી દવાથી કેવો ગુણ થતો હશે ? આ કંપની તેમના હેંડબીલમાં જણાવે છે કે તેમની દવાઓ તદ્દન વનસ્પતિમાંથી શોધન કરી તૈયાર કરવામાં આવે છે. રામબાણ જેવી દવા બીજા કોઈ બનાવીને વેચે નહિ તે માટે તે લખે છે કે ' નકલી માલથી સાવધ રહેવું. ' 'અમારી દવા ખરીદતી વખતે કંપનીનું નામ ને લેબલ તપાસી લેવું.'

ખરી વાત છે. આજકાલ નકલ કરવામાં અક્કલ વાપરવી પડતી નથી. રખેને ફેરિઆઓ જ આકસબાકસની ગોળીઓ કરીને વેચે તો શું કરવું ? તે માટે કંપનીવાળા લોકોને ચેતાવે છે કે સાવધ રહેજો, નકલી માલ ના લેશો.

આવી દુર્દશા વૈદાની થઇ છે તે અટકાવવા માટે ઘટતા ઉપાયની જરૂર છે એ સૌ સમજુઓ સ્વીકારી શકે એમ છે. આવી બાબતની જ્યારે ચર્ચા કરવામાં આવે છે ત્યારે લેભાગુ ઉંટવૈદોને મનમાં ઘણું લાગી આવે છે, ને તેઓ એવા તો ભયભીત બને છે કે ખોટે નામે છાપાવાળાઓને છેતરવાને પણ ચુકતા નથી. તેમને, એવા લેખોની વિરુદ્ધ લખીને, તેના મોં માગ્યા પૈસા આપવાની લાલચ આપે છે. પણ છાપાવાળા આવી લાલચને વશ બને એવા હોય તો એવાઓની બદમાશીના ભોગ થઈ પડે પણ એ લોકો પણ બદમાશોને ઓળખે છે ને તુરત પારખી કાઢે છે કે તે અક્કલકોટવાળા ગ્રહસ્થ નથી પણ બદમાશ છે.

(વસંતતિલકા.)

વૈદ્યાભિધાન ધનસંચય સારૂ સાધી,
બુટ્ટી-જડી ટુટિ સડી સહુ શોધિ ઠાલી;
નાડી અનાડિ પરખાઇ ન હાથ ઝાલી,
સંસાર માંહિ જનમી જનની લજાવી.

જ્યાં સુધી ઉંટવૈદ અટકાવવામાં નહિ આવે ત્યાં સુધી પ્રજાને તેથી થતું દુઃખ સહન કરવું પડશે માટે સઘળાં દેશી અને વિદેશી વિદ્વાન્ વૈદોને વિનંતિ કરવામાં આવે છે કે તેમણે આ બાબત પ્રજાહિતની હોવાથી એકદમ હાથમાં લેવી જોઇએ; ને તન, મન અને ધનથી ઘટતો ઉપાય કરવો જોઇએ.

અસારવા રોડ,
અમદાવાદ-કાલુપુર.
તા. ૧૫-૬-૧૯૧૪.

કૃષ્ણલાલ ગોવિંદરામ દેવાશ્રયી.